ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

તૃતીય વર્ષ બી.એ.

ઈતિહાસ : પેપર-08

# આધુનિક ભારતનો ઈતિહાસ ભાગ-૧

(ઈ.સ. ૧૮૫૭ - ઈ.સ. ૧૯૬૪)

(મુખ્ય વિષય)

વિભાગ

# 2

## સંગઠિત રાષ્ટ્રવાદનો ઉદય
## (Emergence of Organised Nationalism)


એકમ 7

લોકઆંદોલનો : 19મી સદીનો ઉત્તરાર્ધ
(Popular Uprisings : Second Half of the 19th Century) 7

એકમ 8

19મી સદીમાં હિંદમાં સામાજિક સુધારા (Social Reforms in 19th Century India) 25

એકમ 9

હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસની રચના (Indian National Congress : Formation) 32

એકમ 10

હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસ : મવાળો અને જહાલો
(Indian National Congress : Moderates and Extremists) 45

એકમ 11

બંગાળના ભાગલા અને સ્વદેશી ચળવળ
(Partition of Bengal and the Swadeshi Movement) 56

## Expert Committee


Prof. Ravinder Kumar (*Chairman*)
Director
Nehru Memorial Museum and Library
New Delhi

Prof. S. Gopal
Director
Nehru Memorial Fund
New Delhi

Prof. Satish Chandra (C.H.S.)
Prof. Romila Thapras (C.H.S.)
Dr. Muzafar Alam (C.H.S.)
Jawaharlal Nehru University
New Delhi

Prof. (Miss) Sarojini Regani
Department of History
Osmania University
Hyderabad

Prof. B. Quanungo
Department of History
Banaras Hindu University
Varanasi

Prof. P. L. Mehra
Dr. R. I. Malhotra
Department of History
Panjab University
Chandigarh

Prof. B. S. Sharma
Pro-Vice-Chancellor (*Academic*)

Prof. Bakhshish Singh (*Convenor*)
IGNOU
New Delhi.


## Course Preparation Team


Mr. Biswamoy Pati
Sri Venkateshwara College
New Delhi

Prof. K.N. Pannicker (C.H.S.)
Jawaharlal Nehru University
New Delhi

Dr. Sneh Mahajan
Indraprastha College
New Delhi

Prof. S.R. Singh
Bihar University
Muzaffarpur

Prof. Amit Kumar Gupta
Nehru Memorial Museum and Library
New Delhi

Prof. V.N. Dutta (*Course Editor*)
Department of History
Kurukshetra University
Kurukshetra

Prof. S. Bhattacharya (C.H.S.) (*Consultant*)
Jawaharlal Nehru University
New Delhi

Prof. O.P. Grewal (*Language Editor*)
Department of English
Kurukshetra University
Kurukshetra


### Faculty Members: Indira Gandhi National Open University


Dr. Kapil Kumar
Dr. A.R. Khan
Mr. Ajay Mahurkar
Mr. Salil Misra
Ms. Sangeeta Joshi

Prof. B.N. Koul (*Format Editor*)
Director
Division of Distance Education


## Production


Maj. Gen. G.S. Wirk (Retd.)
Registrar (MPDD)
IGNOU

Mr. Balakrishna Selvaraj
Production Officer (MPDD)
IGNOU



આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

## અનુવાદ :

| | |
|---|---|
| પ્રો. રસેશ જમીનદાર | નિવૃત્ત પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ડૉ. ઉષા ભટ્ટ | રીડર, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સુધા એન. ભટ્ટ | નિવૃત્ત અધ્યાપિકા, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ |
| ડૉ. આર. કે. ધારૈયા | નિવૃત્ત પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. જે. આર. શુક્લ | નિવૃત્ત અધ્યાપક, હ. કા. વિનયન કૉલેજ, અમદાવાદ |
| ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિવૃત્ત પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

## પરામર્શ (વિષય) :

| | |
|---|---|
| ડૉ. આર. એલ. રાવલ | નિવૃત્ત પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સુરેશ એમ. શાહ | નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| પ્રો. કે. એમ. બ્રહ્મભટ્ટ | ગુજરાત કૉલેજ, અમદાવાદ |

## પરામર્શ (ભાષા) :

| | |
|---|---|
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. દિગીશ મહેતા | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. રંજના હરીશ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ એન. ભટ્ટ | રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. વસંત દવે | વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ |
| ડૉ. રજનીકાન્ત જોષી | નિવૃત્ત અધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

## સંપાદન અને સંયોજન :

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
"જ્યોતિર્મય પરિસર", શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481
© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ-પરિચય (Block Introduction)

1857ના બળવા પછી અંગ્રેજોના શાસને હિંદમાં તેમની સ્થિતિને મજબૂત બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રયત્નો પાછળનો હેતુ તેમના શાસન સામેના કોઈ પણ સ્વરૂપના વિરોધને ડામી દઈ, હિંદના શાસક વર્ગમાંથી મિત્રો મેળવવાનો હતો. ખેડૂતો, આદિવાસીઓ, કારીગરો અને નવા કામદાર વર્ગમાંથી લોકઆંદોલનો ઊભાં થવા માંડ્યાં હતાં. સાતમા એકમમાં, સ્થાનિક સ્તરે જે આંદોલનો ઊભાં થયાં તેનો સંદર્ભ છે. બીજું સ્વરૂપ સંગઠિત રાષ્ટ્રવાદના ઉદય એ વિશે વિચાર કરતાં પહેલાં આપણી પાસે આઠમું એકમ છે તેનો વિચાર કરીએ. આ એકમમાં સમાજ સુધારક ચળવળોના સંદર્ભમાં કેટલાક પાયાના પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. 19મી સદીના પૂર્વાર્ધથી સામાજિક સુધારણાની ચળવળોનો પ્રભાવ દેખાવા માંડ્યો હતો. એ પાશ્ચાત્ય વિચારોની અસરોના પરિણામ રૂપે ઉદય પામ્યો હતો ? કે પછી પાશ્ચાત્ય પડકારની સામે એક બચાવના ભાગ તરીકે એનો ઉદ્‌ભવ થયો હતો ? હિંદના સમાજ અને તેની રાજકીય સ્થિતિ ઉપરના અંગ્રેજોના પ્રભાવના સંદર્ભમાં આ કેટલાક પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. આ વિભાગમાં નવમા એકમમાં હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસની રચના સાથે (સંગઠિત વિરોધનો તબક્કો) સંબધિત કેટલાંક પાસાંઓને રજૂ કરવામાં આવ્યાં છે. કોંગ્રેસની સ્થાપના વિશેના વિવિધ સિદ્ધાંતોનો ખ્યાલ આપવાનો પ્રયત્ન એમાં કરાયો છે. દસમા એકમમાં કોંગ્રેસની વિકાસની પ્રક્રિયાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. મવાળો અને જહાલવાદીઓની સમજણોમાં રહેલી ભિન્નત અને તેમના સામાન્ય હેતુઓની ચર્ચા તેમાં કરવામાં આવી છે.

20મી સદીમાં, બંગાળના ભાગલા પછી અંગ્રેજો સામે સૌ પ્રથમ મુખ્ય લોકવિરોધનો વિસ્ફોટ નોંધાયો. એણે સ્વદેશી ચળવળનું સ્વરૂપ લીધું. 11મા એકમમાં ચળવળના વ્યાપ અને લક્ષણો જણાવવામાં આવ્યાં છે : ચળવળની મર્યાદાઓ શું હતી ? આ ચળવળનો સમગ્ર રાષ્ટ્રીય ચળવળ ઉપર શું પ્રભાવ પડ્યો હતો ? અમે તમારા માટે એક ધ્વનિમુદ્રિત કાર્યક્રમ તૈયાર કર્યો છે. એનું શીર્ષક છે : '' કોંગ્રેસ તરફનાં સત્તાવાર વલણો 1885-1905 '' યુનિવર્સિટીનાં અભ્યાસકેંદ્રો પરથી આ મળી શકશે.

# એકમ 7 લોકઆંદોલનો : 19મી સદીનો ઉત્તરાર્ધ (Popular Uprising : Second Half of the 19th Century)

**રૂપરેખા**


7.1 પ્રસ્તાવના
7.2 સામ્રાજ્યવાદનો પ્રભાવ
7.3 ખેડૂતો, આદિવાસીઓ અને કારીગરો
7.4 1857 સુધીની લોકચળવળો
7.4.1 ઓરિસા
7.4.2 સંથાલ બળવો
7.4.3 1857
7.5 1857 પછીની લોકચળવળો
7.5.1 ગળીનાં રમખાણો
7.5.2 મોપલા આંદોલન
7.5.3 પબના
7.5.4 દક્ષિણનાં રમખાણો
7.5.5 કોયા બળવો
7.5.6 બિરસા મુન્ડા બળવો
7.6 ચળવળોનાં લક્ષણો
7.7 કામદાર વર્ગની ચળવળો
7.7.1 શિક્ષિત વર્ગના લોકોના પ્રયાસો
7.7.2 હડતાળો
7.7.3 લક્ષણો
7.8 સારાંશ
7.9 ચાવીરૂપ શબ્દો
7.10 'તમારી પ્રગતિ ચકાસો'


## 7.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

- 19મી સદીના ઉત્તરાર્ધમાં ઉદ્ભવેલાં વિવિધ ખેડૂત અને આદિવાસી આંદોલન માટે જવાબદાર પરિબળો જાણી શકશો.
- આ આંદોલનનાં સ્વરૂપ અને મુખ્ય લક્ષણો શોધી શકશો.
- સામ્રાજ્યવાદી સત્તાનું આ આંદોલનો પરત્વેનું વલણ સમજી શકશો.
- કામદાર વર્ગનો ઉદ્ભવ કેવી રીતે થયો તે જાણી શકશો.
- ખમદારવર્ગને જે સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો તે સમજી શકશો.
- કામદાર વર્ગે ઊભા કરેલાં પ્રારંભિક આંદોલનો વિશે જાણી શકશો.
- આ આંદોલનનું મહત્ત્વ સમજી શકશો.

## 7.1 પ્રસ્તાવના

અંગ્રેજો 1857ના બળવાને દબાવવા માટે શક્તિશાળી હતા, પરંતુ આના કારણે તેમના શાસન પરત્વે જન્મેલી કડવાશની લાગણી અંત આવી શક્યો ન હતો, સવિશેષે ખેડૂતો અને આદિવાસીઓને, સત્તા દ્વારા કચડવાનાં લક્ષણનો, તેના સૌથી ભયંકર સ્વરૂપનો-હિસાબ ચૂકવવાનો હતો. તેમનું શોષણ સામ્રાજ્યવાદી સરકાર અને જમીનદારો દ્વારા થતું હતું. કારણ કે જમીનદારોને સરકાર લોકોના સ્વાભાવિક નેતાઓ ' તરીકે જોતી હતી.

ઘણા પ્રદેશોમાં ખેડૂતો અને આદિવાસીઓએ અંગ્રેજોના શાસન સામે બળવો કર્યો હતો. આ એકમમાં અમે ખેડૂત અને આદિવાસીઓના બળવા વિશે વધુ પરિચય કરાવવાનો પ્રયત્ન કર્યો છે.

હિંદ, અંગ્રેજોના સામ્રાજ્યનો એક ભાગ બન્યું એટલે ત્યાંના મૂડીવાદીઓએ વધુ નફો મેળવવાના આશયથી તેમની મૂડીનું રોકાણ હિંદમાં કર્યું હતું. રેલવેના આગમન પછી થોડા આધુનિક ઉદ્યોગો સ્થાપવામાં આવ્યા હતા. આ મર્યાદિત ઔદ્યોગિકીકરણ બાગાયત (Plantation) વસાહતો અને રેલવેને કારણે નવા સામાજિક વર્ગનો ઉદય થયો હતો-કામદાર વર્ગનો ઉદય થયો હતો. પ્રારંભમાં આ શોષિત વર્ગ પાસે પોતાને સંગઠિત કરવા માટે કે પોતાનો અવાજ અસરકારક રીતે રજૂ કરવા માટેનાં સાધનો ન હતાં. પરંતુ તરત જ કામદારોએ ઇંગ્લૅન્ડના મૂડીવાદીઓ અને યુરોપના બાગાયત વસાહતના માલિકોનો વિરોધ કરવાનો આરંભ કર્યો. કામદારોએ સંગઠિત થઈને શોષણ સામે અવાજ ઉઠાવવાના જે પ્રારંભિક પ્રયત્નો કર્યા તેનો ખ્યાલ આ એકમમાં આપવામાં આવ્યો છે.

1850-1900 ના સમય દરમ્યાન ખેડૂતો, આદિવાસીઓ, કારીગરો અને કામદારોની લોકચળવળોની ચર્ચાનો પ્રારંભ કરતાં પહેલાં કેટલીક બાબતોની સ્પષ્ટતા કરી લેવી જોઈએ. આપણે પસંદ કરેલા વિષયોની, કોઈ પણ પ્રકારની ચર્ચા, સંસ્થાનવાદી સંદર્ભમાં જોવી જોઈએ. પ્રારંભનો તબક્કો-જેને સામાન્ય રીતે આપણે ઇંગ્લૅન્ડના સામ્રાજ્યવાદી તબક્કા તરીકે જાણીએ છીએ તે વેપાર અને વાણિજ્ય પર આધારિત હતો. આ તબક્કા દરમિયાન હિંદનું ઔદ્યોગિક અને મૂડીવાદી શોષણ જોવા મળે છે.

## 7.2 સામ્રાજ્યવાદનો પ્રભાવ (Colonial Impact)

હિંદની ખેતી અને પરંપરાગત ગૃહકારીગરી ઉદ્યોગ ઉપર ઇંગ્લૅંડના સામ્રાજ્યવાદના પ્રભાવને ધ્યાનમાં રાખવો ઘટે.

(1) ખેતીને લાગેવળગે છે ત્યાં સુધી જમીનમહેસૂલ મુકરર કરવા અંગેની કાર્યવાહીએ (કાયમી રૈયતવારી અને મહાલવારી) કેટલાંક નવાં બજાર અર્થતંત્ર જેવાં, નવાં તત્ત્વો તૈયાર કર્યાં અને કેટલાક જંગલ અને ગૌચર અંગેના હકો પરંપરાગત હકો નાબૂદ કર્યા. બીજા વિકાસો સાથે સંકળાયેલી જમીનવિષયક નીતિઓએ નાણાંધિરાણને પ્રોત્સાહન આપ્યું, સવિશેષે જમીન મહેસૂલની રોકડ નાણાં ચુકવણીના સંદર્ભમાં પ્રોત્સાહન આપ્યું. સામાજિક ભેદોને તીવ્ર બનાવવાના સંદર્ભમાં નાણાં ધિરાણની પ્રક્રિયા ગ્રામીણ અર્થતંત્ર અને સમાજનાં નાણાંની ધીરધાર કરનારા જૂજ લોકોના સંપૂર્ણ અંકુશ સાથે સંકળાયેલી રહી અને જો એ આદિવાસીઓની વાત હોય તો ખેતી સાથે સંકળાયેલી પ્રક્રિયા, એની સાથે સંકળાયેલી રહી હતી, એટલે કે આદિવાસીઓ ખેડૂતોમાં પરિવર્તિત થતા જતા હતા.

(2) બીજું, સામાજિક ભેદો નવું લક્ષણ ન હતું. પરંતુ સંસ્થાનવાદે તેને વધુ તીવ્ર બનાવ્યા હતા. જેમની પાસે જમીનો હતી, જેમણે સમૃદ્ધિ પ્રાપ્ત કરી હતી, તેમની વચ્ચેનું ધારદાર ધ્રુવીકરણ થતું જતું હતું. એક બાજુ નવા માલિકી હકો દ્વારા અદાલતમાં પોતાની અને પોતાની મિલકતનો બચાવ કરવાની પહોંચ ધરાવતા લોકો હતા તો બીજી બાજુ જેમના પરંપરાગત હકો છીનવાઈ ગયા હતા એવા લોકો પણ હતા. દઢીકરણ અને ધ્રુવીકરણની સાથે આ ભેદો વર્ગને (અમીર-ગરીબ) કેંદ્રમાં રાખીને કામ કરતા હતા. જ્ઞાતિ અને ધર્મ આધારિત ભેદો પણ તનાવપૂર્ણ બન્યા હતા. ઉદાહરણાર્થે જો કોઈ ખાસ વિસ્તારમાં જમીનમાલિક કોઈ ખાસ જ્ઞાતિ કે ધર્મનો હોય અને ખેડૂત બીજી જ્ઞાતિ કે ધર્મનો હોય તો, આપણે ઉપર જે વર્ગના ભેદોને જોયા તેના કારણે જ્ઞાતિ અને ધર્મના ભેદો તનાવપૂર્ણ બનતા. આદિવાસી વિસ્તારોમાં ''બહારથી આવનારા''નો ઉદય થયો હતો. આ લોકો નાણાં ધીરનારાઓ અને જમીનદારો હતા. તેઓ લોકોનું ક્રૂરપણે શોષણ કરતા હતા.

(3) સંસ્થાનવાદી નીતિનું બીજું મુખ્ય પાસું ખેતીનું-જબરદસ્તીપૂર્વકનું વ્યાપારીકરણનું હતું. આ પાછળનો સાહજિક ખ્યાલ ઇંગ્લૅંડના ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડવાનો હતો. આ ખ્યાલ ખેડૂતો માટે જોખમી પુરવાર થયો હતો. આ કારણે ખેડૂતોને દુકાળનાં અછતગ્રસ્ત વર્ષોમાં પણ અનાજને બદલે વ્યાપારી પાકો (જેવા કે ગળી અને કપાસ) ઉગાડવાની ફરજ પડી હતી.

(4) કારીગરોને લાગતું વળગતું હતું ત્યાં સુધી સંસ્થાનવાદે તેમના માટે પણ વિનાશ વેર્યો હતો. હિંદના સંસ્થાનવાદમાં હિંદ એ ઇંગ્લૅન્ડના માલ માટેનું બજાર હતું; એ હકીકત સમાવિષ્ટ થઈ જતી હતી. અ માલ કારખાનાંઓમાં બનેલો હતો અને હિંદના કારીગરો દ્વારા ઉત્પાદિત માલથી સસ્તો અને સારો હતો. એ કારણે કાપડ અને મીઠા જેવા પરંપરાગત ઉદ્યોગો અદશ્ય થવા માંડ્યા. કારીગરોનો મોટો વર્ગ બેકાર બનવાની સાથે જમીન ઉપરનું ભારણ પણ વધવા લાગ્યું કારણ કે કારીગરોએ ખેતી તરફ જવાના પ્રયત્નો કરવા માંડ્યા.

## 7.3 ખેડૂતો, આદિવાસીઓ અને કારીગરો (Peasants, Tribals and Artisans)

આપણે આગળ વધીએ તે પહેલાં આ તબક્કે ખેડૂતો, આદિવાસીઓ અને કારીગરો વિશે થોડું જાણવું જરૂરી બની રહે છે :

(1) જ્યારે કોઈ ખેડૂત વિશે વાત કરે છે ત્યારે જેઓ સીધી રીતે ખેતપેદાશ સાથે સંકળાયેલા હોઈ તેમનો ઉલ્લેખ કરે છે. આમાંના કેટલાક ગરીબો હતા અને બીજા કેટલાક પ્રમાણમાં વધુ સમૃદ્ધ હતા. સંસ્થાનવાદી સમયગાળા દરમ્યાન આ ભેદો વધ્યા હતા. વળી ખેડૂતોની સ્થિતિ કફોડી બની હતી. સંસ્થાનવાદે માત્ર જમીનદારોના માલિકી હક્કોને માન્ય કર્યા હોવાથી જમીન- માલિકોની સ્થિતિ માતબર બનતી જતી હતી. ખેડૂતોની સ્થિતિ કથળતી જતી હતી. નવા કાયદાઓને કારણે જમીનદારો તેમના ખેડૂતોને ગમે ત્યારે હડસેલી શકે એમ હતું.

(2) આદિવાસીઓમાં જુદા જુદા આદિવાસી સમૂહો હતા, જેવા કે ખોંડ, સવરસ, સંથાલો, મુંડાઓ, કોયાઓ, કોલ વગેરે. જ્યારે આપણે આદિવાસી શબ્દપ્રયોગ કરીએ છીએ ત્યારે તેનો અર્થ માત્ર ખોરાક શોધીને એકત્ર કરનાર કે શિકારીઓ તરીકે નથી કરવાનો પરંતુ આ આદિવાસી ખેડૂતો હતા અને તેઓ ખેતી કરનારાઓ તરીકે સ્થાયી થયા હતા. જો કે તેમણે ખેતી સાથે શિકાર અને જંગલમાંથી ખોરાકપાણી ભેગો કરતા હતા સાથે તેઓ જંગલ આધારિત શેરડી જેવી ચીજવસ્તુઓ ઉત્પાદન કરનારા પણ હતા. તેઓ ઘનિષ્ઠ જાતિબંધનો સાથે સંકળાયેલા હોઈ, તેમનું પ્રમાણમાં અળગાપણું તેમને કદાચ ખેડૂતોથી જુદા પાડ્યા હતા.

(3) કારીગરો કાપડ, મીઠું, લોખંડનો માલ વગેરેની પરંપરાગત કારીગરીના ઉત્પાદનમાં વ્યસ્ત લોકો હતા. મોટે ભાગે આ જ્ઞાતિ આધારિત ધંધાઓ હતા. આપણે આગળ ચર્ચા કરી ગયા તેમ ઇંગ્લૅન્ડના ઉદ્યોગની ઉત્પાદિત ચીજવસ્તુઓ સાથેની અસમાન સ્પર્ધાને કારણે આ કારીગરોનો નાશ થયો હતો. આ લોકોને લગતા ઐતિહાસિક પુરાવાઓ ખૂબ જ મર્યાદિત છે. તેઓ મોટે ભાગે ખેડૂતો અને આદિવાસીઓ સાથે સંકળાયેલા હતા.

**તમારી પ્રગતિ ચકાસો-ક**

1. નીચેનામાંથી કયાં વિધાનો ખરાં કે ખોટાં છે ? સાચા માટે (✓) અને ખોટાં માટે (X) નિશાની કરો.
   (અ) અંગ્રેજોના શાસનની ખેતી જમીનવિષયક નીતિએ નાણાં ધિરાણની નીતિને પ્રોત્સાહન આપ્યું હતું.
   (બ) અંગ્રેજોની નીતિઓને કારણે આદિવાસીઓના પરંપરાગત હક્કો ઉપર તરાપ પડી હતી.
   (ક) હિંદના બજારમાં ઇંગ્લૅન્ડનો માલ આવવાને કારણે હિંદના કારીગરોને મદદ થઈ હતી.
   (ડ) જેઓ ખેતીવિષયક ચીજવસ્તુઓના ઉત્પાદન સાથે સીધી રીતે સંકળાયેલા હોય તેઓ ખેડૂત તરીકે ઓળખાતા.
2. હિંદી સમાજમાં સંસ્થાનવાદે સામાજિક ભેદોને કેવી રીતે તીવ્ર બનાવ્યા તે વિશે પાંચ લીટી લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 7.4 1857 સુધીની લોકચળવળો (Popular Movements Upto 1857)

હવે આપણે આપણી ચર્ચાનો આરંભ 1850-1900ના તબક્કા દરમ્યાન ખેડૂતો, આદિવાસીઓ અને કારીગરવર્ગમાંની કેટલીક મુખ્ય લોકચળવળોથી કરીશું. આ ચળવળો ફીતુરીઓ, મેલીઓ, હુલો અને ઉલ્ગુન તરીકે ઓળખાય છે.

### 7.4.1 ઓરિસા (Orissa)

1850ના પ્રારંભમાં ઓરિસામાં થયેલી કેટલીક આદિવાસી ચળવળો જોઈશું. ઘુમસર અને બૌડના (1854-56) ખોંડો અને પર્લાખેમડીના સવરસોમાં લોકચળવળો થઈ હતી. એ લોકચળવળો ચક્રબિસોઈની સાથે સંકળાયેલી હતી. તેમની ધરપકડ કરવાના બધા પ્રયત્નોનો તેમણે સામનો કર્યો હતો. સંસ્થાનવાદી વહીવટે ' મેરીહ ' બલિદાન સાથે સંકળાયેલી નરબલિની પ્રથાને બંધ કરવાનો નિશ્ચય કર્યો હતો. આ હકીકતને કેંદ્રમાં રાખીને ખોંડોમાં ખાસ સમસ્યાઓ ઊભી થઈ હતી. નવાં દબાણો અને અનિશ્ચિતતાઓએ ખોંડોને હળદરના સારા પાક માટે તેમના દેવોને પ્રસન્ન કરવાની ફરજ પાડી હતી, એ નોંધનીય બાબત છે, પરંતુ સંસ્થાનવાદી વહીવટે આ વ્યવહારને બંધ કરવાનો પ્રયત્ન કર્યો હતો. ખોંડોની ભૌતિક પરિસ્થિતિમાં થયેલી સુધારણાના કારણે ' મેરીહ ' 'બલિદાનપ્રથા નાબૂદ થશે તેવું કેટલાક સંસ્થાનવાદી અધિકારીઓનું માનવું હતું.

ચક્રબિસોઈ વિશે ઘણું થોડું જાણવા મળે છે. ખોંડો તેમને ઘુમસરના રાજા તરીકે ' માનતા ' હતા. એ નાનકડા છોકરાનો પ્રશ્ન બિસાઈએ ઉઠાવ્યો હતો.

આપણને ખોંડો વિશે કેટલાક સંદર્ભો જોવા મળે છે. તેને આધારે કહી શકાય, ખોંડોએ ઘુમસરના કેટલાંક ગામડાંઓ ઉપર ' આક્રમણ ' કર્યું હતું (1854). ખોંડોએ ચકનો વિશ્વાસઘાત કરવાનો ઇન્કાર કર્યો હતો. આ બળવાને કચડવાના પોલીસોના અવિચારી પ્રયત્નને કારણે ભૂલથી એક ભિખારીની ધરપકડ કરવામાં આવી હતી. એ ભિખારી બિસોઈ છે તેમ માનીને આ ધરપકડ કરવામાં આવી હતી. કેટલાક જમીનદારો અને શાસક વડાઓને (ઉદાહરણાર્થે પટના અને કલ્હન્ડી) સંસ્થાનવાદી શાસનનો ભય લાગ્યો હોવાથી તેમણે ચક સાથેના સંપર્કો રાખ્યા હતા તેવું જણાય છે.

1856-57માં પર્લાખેમડીમાં રાધાકૃષ્ણ દંડસેનના નેતૃત્વ હેઠળ સવરમાં બળવો થયો હતો. સંસ્થાનવાદી વહીવટને, ચક્રબિસોઈની ક્યારેય ધરપકડ થઈ શકી ન હતી તે અને આ ચળવળ વચ્ચે કોઈ ગઠબંધન હોવાની શક્યતા દેખાઈ હતી. 1856 પછી ચક્રબિસોઈ વિશે કશું જાણવા મળતું નથી. 1857માં દંડસેનને ફાંસીને માંચડે

લટકાવીને સવર આંદોલનને કચડી નાંખવામાં આવ્યા પછી, ચક્રબિસોઈની સ્મૃતિ લોકસ્મૃતિમાંથી ઝાંખી પડી હોય તેવું જણાય છે. જોકે ચક્રબિસોઈ આ બધી લોકચળવળોની પાછળ હતો કે કેમ, અથવા આદિવાસીઓના લોકવિરોધના પ્રતીક તરીકે તેનું નામ સંકળાયેલું રહ્યું હતું એ હકીકતો વિશે શંકા છે.

## 7.4.2 સંથાલ બળવો (Santhal Rebellion)

બીજો આદિવાસી બળવો બીરભૂમ, બાંકુરા, સિંઘભૂમ, હજારીબાગ, ભાગલપુર અને મોંઘીરના સંથાલોમાં (1855-57) થયો હતો. શાસનનાં સંસ્થાનવાદી લક્ષણોને કારણે આ સંઘર્ષ સર્જાયો હતો. ઉત્તર અને પૂર્વ હિંદના કેટલાક વેપારીઓ અને નાણાં ધીરનારાઓ વિશેના સંદર્ભો પરથી જણાય છે તે પ્રમાણે તેઓ સંથાલોના અસ્તિત્વને પોતાના સંપૂર્ણ અંકુશ હેઠળ રાખતા હતા. તેઓ લોન ઉપરનું વ્યાજ 50% થી 500% જેટલું લેતા હતા. આ શોષણખોર લોકો બેવડાં ધોરણો વાપરતાં હતાં. મોટું ધોરણ (બડા બાન) ચીજવસ્તુઓ લેવા માટે હતું અને નાનું ધોરણ (છોટા બાન) સંથાલોને ચીજવસ્તુઓ આપવા માટેનું હતું. તેઓ સંથાલોની જમીનો પણ ઝૂંટવી લેતા હતા.

કેટલાક મધ્યમવર્તી જમીનદારો ઘાતકી રીતે શોષણ કરનારાઓ હતા. રેલવેક્ષેત્રમાં પરાણે વેઠ કરાવવાની પદ્ધતિ અને આદિવાસી સ્ત્રીઓના જાતીય શોષણના બનાવોના સંદર્ભો પણ જોવા મળે છે.


જ્યારે ચળવળનો પ્રારંભ થયો ત્યારે તે ખરેખર અંગ્રેજોના શાસન વિરોધી ન હતાં પરંતુ મુખ્યત્વે મહાજનો અને વેપારીઓ સામે ઊભી થયેલી ચળવળ હતી. તેમના દેવે સંથાલોને એવું માર્ગદર્શન આપ્યું હતું કે તેમનું મહેસૂલરાજ્યને આપવું તેવું સંથાલોએ જાહેર કર્યું હતું. આ મહેસૂલનો દર તેમણે પ્રત્યેક સાંઢ-હળ પર બે આના અને દર બળદ-હળ પર અડધો આનો આપવાનો હતો. રાત્રે મહાજનો પર 'હુમલો' કરવાના કારણે સંથાલોને સજા કરવામાં આવી હતી. આમ છતાં તેમના ઉપર અત્યાચારો કરનારને કોઈ ઠપકો આપવામાં આવ્યો ન હતો. 1854માં બળવો ફાટી નીકળ્યો હતો. મહાજનોની સમૃદ્ધિ ગેરમાર્ગે ઊભી થતી હતી, શસ્ત્રધારી લૂંટારાઓ, ઘરફોડ કરનારાઓ અને ચોરોની સંખ્યા વધી હતી.રાજ્યને આપવું તેવું સંથાલોએ જાહેર કર્યું હતું. આ આ સંદર્ભમાં બે સંથાલો સિંહો અને કન્હુએ અસંતોષના અગ્નિને પ્રજ્વલિત કરવા માટેનું કારણ પૂરું પાડ્યું હતું. તેમના દેવનો (ઠાકુર) ' આદેશ ' મળ્યો હતો તે મુજબ તેમણે તેમનું શોષણ કરનારાઓનો પ્રતિકાર કરવો. 1855માં જૂનની 30મીએ, 10,000 સંથાલો ભઘદીહી પાસે એકત્ર થયા હતા. અહીં સિદો અને. કન્હુએ એમ જાહેર કર્યું હતું કે તેમના દેવનો આદેશ તેમને કચડનારાઓના અંકુશમાંથી મુક્તિ મેળવવા માટેનો હતો. તેમનો દેવ ખુદ તેમની સાથે રહીને લડશે, એ વિચારે આ બળવાને લોકસ્વીકૃત બનાવ્યો હતો અને લોક-આદિવાસી સમજણ પ્રમાણે એને ' સારા ' ની સામે ' બૂરા 'ની લડતનું સ્વરૂપ તેણે આપ્યું હતું.



1. સિદો, સંથાલ નેતા

ચળવળે જેમ ગતિ મેળવવા માંડી અને જે પરિપ્રેક્ષ્યમાં તેનું સ્વરૂપ નિશ્ચિત થવા માંડ્યું એ જાણવું ખરેખર રસપ્રદ છે. વિશેષ કરીને મહાજનવિરોધી અને વેપારીઓ વિરોધી ચળવળમાં નવું તત્ત્વ ઉમેરાયું હતું. સંથાલોઓએ પોલીસો, ગોરા બાગાયત વસાહતીઓ, રેલવે ઇજનેરો અને અધિકારીઓ સામેનો તેમનો વિરોધ છુપાવ્યો ન હતો. આમ કરીને તેમણે સંસ્થાનવાદી વ્યવસ્થા સામેનો વિરોધ પ્રકટ કર્યો હતો.

ચળવળ છ મહિના ચાલી હતી. અગાઉથી જાણ કર્યા પછી, સંથાલોએ ઘણાં ગામો પર ' હુમલા ' કર્યા હતા. બળવાખોરોએ જમીનદારો અને સરકાર ઉપરનું દબાણ વધાર્યું હતું. ઘણા વિસ્તારોમાં બળવાને કચડવામાં જમીનદારોએ મદદ કરી હતી.



### 7.4.3 1857

આ પછી આપણે 1857ના બળવા વિશે જોઈશું. આપણે બળવાની વિગતોમાં નહિ જઈએ. આ બાબતમાં લોકોની ભાગીદારી વિશે ઇતિહાસકારોમાં વિવાદ પ્રવર્તે છે. કેટલાક એરિક સ્ટોક્સ (Peasant and Raj, Cambridge, 1978) નોંધે છે, સંસ્થાનવાદને કારણે ગ્રામીણ અગ્રવર્ગનાં હિતો જોખમાયાં હતાં. ખેડૂતો અને કારીગરોએ તેમનું વિનમ્રતાથી અનુસરણ કર્યું હતું. એસ. બી. ચૌધરી અને અન્યો (Theories of Indian Mutiny 1857-59, Calcutta, 1965) અને રૂદ્રાંશુ મુખરજીને (Avadh in Delhi, 1984) લાગે છે, જમીન સાથે સંકળાયેલાં તત્ત્વોએ નેતૃત્વ પૂરું પાડ્યું હતું, પણ તેમાં કેટલાક અપવાદો હતા. બળવાનું બળ ખેડૂતોની ભાગીદારી પર આધારિત હતું, એ વિશેષ મહત્ત્વનું હતું. સિપાઈઓ પણ સિપાઈના પહેરવેશમાં ખેડૂતો હતા.

નાણાં ધીરનારા સામેનો સામાન્ય અસંતોષ ખેડૂતો અને કારીગરોને સંયોજિત કરી શક્યો હતો. અંગ્રેજોના શાસનને 'બનિયા કા રાજ' (વાણિયાનું રાજ) તરીકે ઓળખાવવામાં આવ્યું હતું અને બળવાખોરોએ નાણાં ધીરનારાઓ અને અંગ્રેજો સામે વિરોધ પ્રકટ કર્યો હતો. આ સાથે ખેડૂતોના પરંપરાગત હક્કો અને અધિકારોનું ધોવાણ થયું હતું.

લોકવિરોધના સ્વરૂપમાં, સંસ્થાનવાદી-વિરોધી અને સામંતશાહી વિરોધી આ બંને પ્રવાહોનું સંયોજન હતું. આ સંયોજન, આ વિશેષ પરિસ્થિતિમાં ઊભું થયું હતું. પરદેશી શાસનના પ્રતીકો જેવાં કે પોલીસ સ્ટેશનો, રેલવેલાઇનો અને ટેલિગ્રાફના વાયરોનો નાશ કરવામાં આવ્યો હતો. 1857ના બળવા સાથે સંકળાયેલી લોકચળવળો વિશેના અહેવાલોના નાશ માટેના પુરાવા મળે છે. હિસાબના ચોપડાઓના 'રાખના ઢગલા' (Debris) વિશે આપણે જાણીએ છીએ. નવી કરવેરા પદ્ધતિ સામેના આક્રોશનું આ સહજ પ્રતિબિંબ હતું. યુરોપીઓ તેમના પ્રથમ ભોગ બન્યા. તેમના પછી તેમના ટેકેદારો જેવા કે નાણાં ધીરનારાઓ, લીલામ ખરીદારો, બેંકરો અને વેપારીઓ પણ કેટલેક સ્થળોએ આના ભોગ બન્યા હતા.

આ તબક્કા દરમિયાન શાહજહાનપુર, શાહીબાબાદ, ગયા અને પલમૌનાં કારખાનાંઓ વેરવિખેર થવાના સંદર્ભો પણ જોવા મળે છે. જોકે મળતા પુરાવાઓ ખૂબ જ મર્યાદિત છે. આ પ્રારંભના ઔદ્યોગિક સમાજોમાં નવાં યંત્રોના આગમનને કારણે કારીગરોને એક પ્રકારનો ભય દેખાયો હતો એ સૂચક છે. આ વલણ આપણને, પ્રારંભના ઔદ્યોગિક ઇંગ્લૅન્ડમાં (1830) પણ જોવા મળે છે.

અંગ્રેજોની સત્તા લુપ્ત થવાની સાથે, સ્વતંત્રતાની સમજણે ખેડૂતો અને કારીગરોને, સમૃદ્ધ, જમીન સાથે સંકળાયેલા વિભાગોની જમીન ખૂંચવી લેવા અને ઘરો લૂંટી લેવા તરફ વાળ્યા હતા. તેમના મિલકત કરારો અને સરકારી અહેવાલોનો પણ નાશ કરવામાં આવ્યો. આ પરિસ્થિતિ એ બળવાના સ્વરૂપમાં બદલાઈ ગઈ. આમ કુંવરસિંહ એક મોટા જમીનદાર જેવાએ જેમણે બિહારમાં બળવાનું નેતૃત્વ લીધું હતું તેમણે તેમના અનુયાયીઓને આવાં કામોથી અટકાવ્યા. અન્યથા અંગ્રેજોના ગયા પછી લોકોના હક્કોની સાબિતી ન રહેત અથવા એક પક્ષે બીજા પક્ષ પાસેથી લેવાનાં નાણાંને નિશ્ચિત કરવાના પુરાવા ન રહેત.

**તમારી પ્રગતિ ચકાસો-ખ**

1. જે તે ચળવળો સાથે નેતાઓ સંકળાયેલા હતા તે ચળવળો સાથે સાંકળીને દર્શાવો.

| | |
|---|---|
| (અ) ચક્રબિસોઈ | (અ) સવર બળવો |
| (બ) સિદો અને કન્હુ | (બ) ઘુમસરના ખોંડો |
| (ક) રાધાકૃષ્ણ દંડસેન | (ક) સંથાલ બળવો |

2. જે સમસ્યાઓનો સંથાલોને સામનો કરવો પડ્યો હતો એ વિશે પાંચ લીટીમાં ચર્ચા કરો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

3. નીચેનામાંથી કયાં વિધાનો સાચાં (✓) કે ખોટાં (X) છે તે જણાવો :

(ક) ખોંડોએ સારા પાક માટે દેવોને સંતુષ્ટ કરવા બલિદાનો ચડાવ્યાં હતાં ( )

(ખ) અંગ્રેજોએ રાધાકૃષ્ણ દંડસેનને બદલો આપ્યો હતો. ( )

(ગ) સંથાલ બળવાને દબાવી દેવામાં અંગ્રેજોને જમીનદારોએ મદદ કરી હતી. ( )

(ઘ) 1857ના બળવામાં લોકોની ભાગીદારીના સ્તર પરત્વે ઇતિહાસકારોમાં કોઈ વિવાદ નથી. ( )

(ઇ) કારીગરોએ યંત્રોના આગમનને આવકાર્યું હતું. ( )

## 7.5 1857 પછીની લોકચળવળો (Popular Movements After 1857)


1857ના વિસ્ફોટથી લોકવિરોધનો અંત આવ્યો ન હતો. આપણે આ પછી સંખ્યાબંધ ચળવળો નોંધીશું અને તેની ચર્ચા કરીશું.

### 7.5.1 ગળીનાં રમખાણો (Indigo Riots)

1859માં બંગાળમાં એક લોકચળવળના સ્વરૂપે ગળીનાં રમખાણો નોંધાયાં હતાં. આપણે તેને તપાસીશું. ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ 1770માં ગળીનાં ખેતરો કર્યાં. આ ખેતરોના માલિકો ખેડૂતોને શારીરિક બળ અને કાયદાકીય દમનથી ખોટ ખાઈને ગળીનું વાવેતર કરવાની ફરજ પાડતા હતા.

ખેડૂતોએ પોતાના નિર્વાહ માટે જે અનાજ ઉગાડવું હતું તે ઉગાડી શકતા ન હોવાથી ખૂબ મોટા પ્રમાણમાં અસંતોષ ઊભો થયો હતો. 1859થી હજારો ખેડૂતોએ શ્રમ કરવાનું બંધ કર્યું હતું. જે જિલ્લાઓમાં ગળીનાં ખેતરો હતાં, ત્યાં બધે સંગઠનોની રચના કરી દીધી હતી અને ગળીનાં ખેતરોના માલિકો અને તેમના

શસ્ત્રધારી રખેવાળોના દમનનો તેમણે સામનો કર્યો હતો. ' ધ બેંગાલી ' ( The Bengali) જેવા સમકાલીન સમાચારપત્રમાં આ ચળવળને અને તેની સફળતાને સ્થાન આપવામાં આવ્યું હતું. દીનબંધુ મિત્રે બંગાળીમાં 'નીલદર્પણ' લખ્યું હતું. આ પુસ્તકમાં ખેડૂતોની મુશ્કેલીઓનું નિરૂપણ કરવામાં આવ્યું હતું.




3. બંગાળમાં ગળીના બળવાથી પ્રભાવિત થયેલા જિલ્લાઓ



**4. દીનબંધુ મિત્ર**

ગળીના બળવાએ સરકારને 1860માં અધિકૃત તપાસ કરવાની ફરજ પાડી હતી. આ ચળવળે, વાવેતર કરનારાઓને બિહાર તરફ સ્થળાંતર કરવાની ફરજ પાડીને, બંગાળના નીચલા વિસ્તારોમાં ગળીની વાવેતર પદ્ધતિ ઉપર અસર કરી હતી.

### 7.5.2 મોપલા આંદોલન (Moplah Uprising)

1850-1900 ના સમય દરમ્યાન આપણે મલબારમાં મોપલા આંદોલનની હારમાળા જોઈએ છીએ. જેન્મી જમીનદારો, જેમને પોલીસ, કાયદાની અદાલત અને મહેસૂલી અધિકારીઓનો ટેકો હતો તેમણે મોપલા ખેડૂતો ઉપર પોતાની પકડ મજબૂત બનાવી હતી. તેથી મોપલાઓએ જમીનદારો અને અંગ્રેજો સામે બળવો કર્યો હતો. એ એક અમીર અને ગરીબ વચ્ચેનો, જેન્મી જમીનદારો અને મોપલા ખેડૂતો વચ્ચેનો સંઘર્ષ હતો. જમીનદારો હિંદુઓ અને ખેડૂતો મુસ્લિમો હોવાને કારણે સંસ્થાનવાદી રાજ્યે આ આંદોલનને કોમવાદી રંગ આપ્યો એમાં કશું આશ્ચર્ય પામવા જેવું નથી.

જમીનદારોએ દમનનો માર્ગ અપનાવ્યો હતો. આ સિલસિલો કોઈ પણ રોકટોક વિના 1880 સુધી ચાલ્યો હતો. ખેડૂતોની ચળવળને ઠંડી પાડી દેવા માટે, ચળવળના નૈતિક જુસ્સાને તોડી પાડવાના ઇરાદાથી બળવાખોરોને જીવતા જલાવી દીધા હતા. ડી. એન. ધનગરે જેવા વિદ્વાને (Peasant Movement in India 1920-50 Delhi 1983)આ પગલાંઓથી ખેડૂતોને કેવી રીતે પ્રતિકાર કરતા કર્યા તે બતાવ્યું છે.


1875માં મોપલા ખેડૂતોની એક અનામી અરજી મદ્રાસ સરકારને આપવામાં આવી હતી. તેના પરિણામે તપાસ યોજવામાં આવી હતી. 1882 અને 1885ની વચ્ચે ખેડૂતોની ઉગ્રતાનું પુનરાવર્તન થયું હતું. ખેડૂતોએ જમીનદારોની મિલકત 'લૂંટી' હતી અને ઘરો બાળ્યાં હતાં. હિંદુ મંદિરો અભડાવવામાં આવ્યાં હતાં. આ પગલાંએ ખેડૂતો અને જમીનદારો વચ્ચેના સંઘર્ષને હિંદુવિરોધી રંગ આપ્યો હતો. 1896થી મોપલા ખેડૂત આંદોલને આક્રમક કોમવાદી રંગ ધારણ કર્યો હતો.

### 7.5.3 પબના (Pabna)

બીજી મહત્ત્વની ચળવળ બંગાળમાં ખેડૂતોની 1873-1885ની ચળવળ હતી. પબનાના ખેડૂતોએ ભાડામાં થયેલા વધારાનો વિરોધ કર્યો ન હતો અને હકીકતમાં 1858 અને 1873 દરમિયાન તેમણે જમીનદારોની ભાડાની માંગનો કોઈ વિરોધ કર્યો ન હતો. આ ચળવળના મૂળમાં ગણોતિયાના કબજો મેળવવાના નવા હક્કોનો સમૂળો નાશ કરવાનું જમીનદારોનું વલણ હતું. દબાણપૂર્વક, લેખિત કરાર દ્વારા (જમીનદારો) ભોગવટો ભોગવનાર (ગણોતિયાને) સ્વૈચ્છિક ભાડુઆતમાં પરિવર્તિત કરતા.

નવા કાયદા વિશેના જ્ઞાને ખેડૂતોને મુશ્કેલીઓ પરત્વે સભાન બનાવ્યા હતા. તે પછી ત્રિપુરા જેવાં કેટલાંક સ્થળોએ ગેરકાયદેસર ઉઘરાવાતાં નાણાંની સમસ્યા હતી. 1873માં પબનાના ખેડૂતોએ ખેતીલાયક જમીનવિષયક સંઘ બનાવ્યો હતો, અને તે સમગ્ર જિલ્લામાં ખૂબ ઝડપથી પ્રસરી ગયો હતો. મોટા ભાગના જમીનદારો તરફી વર્તમાનપત્રોએ (અમૃતબજાર પત્રિકા જેવાં) આ સંઘનો વિરોધ કર્યો હતો. નોંધપાત્ર બાબત એ હતી કે

ખેડૂતોએ સંસ્થાનવાદી સત્તાનો વિરોધ કર્યો ન હતો અને તેમણે જાહેર કર્યું હતું કે તેમનું ધ્યેય ' ઇંગ્લૅન્ડની રાણી 'ની રૈયત બનવાનું હતું. તેમના પર જે ત્રાસ ગુજારવામાં આવતો હતો તેનો તેઓ વિરોધ કરતા હતા. તેમણે જે નાણાં ભરપાઈ કરવા પડતાં હતાં તેનો તેમને વાંધો ન હતો. તેઓ પોતાની મુશ્કેલીઓને દૂર કરવા માટે ' રાણીની રૈયત ' થવા માગતા હતા.




**5. પબના આંદોલનના પ્રભાવ હેઠળ આવેલા વિસ્તારો**

હકીકતમાં શરૂઆતના તબક્કાઓમાં જમીનદારો સામેના મુકદ્દમાઓમાં ખેડૂતોને ટેકો આપતા, સહાનુભૂતિપૂર્ણ સંસ્થાનવાદી વહીવટના સંદર્ભો જોવા મળે છે. જેમ ચળવળનો વિકાસ થતો ગયો અને તેનું લોકસ્વરૂપ વિકસતું ગયું તેમ જમીનદારોની ગેરકાયદેસરની માગણીઓનો વિરોધ કરતા લોકો સંગઠિત થવા માંડ્યા. લોકો પર થતા પ્રહારો, આઘાતો, રણભેરીએ આમાં મહત્ત્વનું પ્રદાન આપ્યું હતું. રાત્રિ-ઘોષ (Night Shout) દ્વારા ગામડાંઓમાં, લોકો ચળવળ પરત્વેની પોતાની વફાદારી પ્રદર્શિત કરતા હતા. કલ્યાણ કુમાર સેનગુપ્તાએ (Pabana Disturbances and the Politics of Rent 1873-1885, New Delhi, 1974) ચળવળના કાનૂની લક્ષણ પર ભાર આપ્યો હતો. તેમણે એવા ઉદાહરણો આપ્યાં હતાં કે ખેડૂતોનો મુખ્ય હેતુ તેમની મિલકતો અને ઘરવખરીની ચીજવસ્તુઓને બચાવવાનો હતો અને હિંસક બનાવો બહુ ઓછા બનતા હતા.

ચળવળે જેમ ગતિ પકડવા માંડી તેમ કચડનારાઓએ વળતા હુમલા કરવા માંડ્યા હતા. ચળવળ કરનારા ખેડૂતોમાં બહુમતી મુસ્લિમો (2/3 ખેડૂતોમાંથી વધારે મુસ્લિમો હતા અને લગભગ પબનાની 70ઽ વસ્તી મુસ્લિમ હતી, એ હકીકત હતી) હોવાથી તેમણે એને કોમવાદી ચળવળનો રંગ આપ્યો હતો. પબનાના ખેડૂતોના બે અગ્રણી નેતાઓ કેશવચંદ્ર રૉય અને શંભુનાથ પાલ હિંદુઓ હતા, એ નોંધપાત્ર હકીકત છે.

1873થી લગભગ એક દાયકા સુધી પબનાના ખેડૂતોની ચળવળે જમીનદારોની ખેડૂતોને ચૂસી લેવાના હકને જાણે હચમચાવ્યો હતો. વળી ચળવળ ઢાકા, રાજશાહી બેકરગુંજે, ફરિદપુર અને બોગરા વગેરેમાં પણ પ્રસરી હતી.

### 7.5.4 દક્ષિણનાં રમખાણો (Deccan Riots)

દખ્ખણનાં રમખાણોની શરૂઆત રૈયતવારી પદ્ધતિ વિકાસ પર થઈ હતી. અહીં આપણે નાણાં ધીરનારાઓના વર્ગનો ઉદ્દ્ભવ જોઈ શકીએ છીએ. આ લોકોએ લોન ઉપરના વ્યાજના ઊંચા દર દ્વારા (25% થી 50%)ખેડૂતોને લૂંટ્યા હતા. કર ઉઘરાવવાની સામૂહિક પદ્ધતિમાં પ્રારંભમાં નાણાં ધીરનારાઓ ગામના વહીવટી અને ન્યાયિક સત્તાને અધીન ન હતા. અદાલત અને નવા કાયદાઓએ વાણિયા (ગામનાં નાણાં ધીરનારાઓ) અને કણબી (ખેતી કરનારા) વચ્ચેના ભેદોની વધુ છેડાના કરવાની કામગીરી બજાવી હતી. આ પ્રક્રિયામાં વાણિયાઓની તરફદારી થતી હતી. તેમાં ખેડૂતો પાસેથી નાણાં ધીરનારાઓ પાસે જમીનનો કબજો જતો હતો. કણબીઓની સ્થાયી મિલકતો,પણ લોન પેટે વેચી શકાતી હતી. આ સમસ્યાઓ સાથે વધતી વસ્તી, ભાંગતી જતી અર્થવ્યવસ્થા અને સંસ્થાનવાદી વહીવટી તંત્ર દ્વારા અવિચારી ભાડા વધારવાના પ્રયાસો થઈ રહ્યા હતા.

તે પરિસ્થિતિમાં એ વિશે વિસ્ફોટક પરિવર્તન આવ્યું. પૂના સાર્વજનિક સભાના યુવા બ્રાહ્મણ નેતાઓ અને પતનનો સમાન કરી રહેલા પ્રભાવશાળી જમીનદાર કુટુંબોએ ખેડૂતોનો મુદ્દો હાથમાં લીધો હતો.

વાણિયાની સામે કણબીઓ થયા હતા. અત્યાચારોના સાધનરૂપ પરવાનાઓ અને ગિરવે મૂકવાના ખતની નાબૂદી માટેના પ્રયત્નો થયાં હતા.

દક્ષિણનાં રમખાણોને પરિણામે કણબી અને વાણિયાઓ વચ્ચેનું જોડાણ ભાંગી ગયું. વર્ગસંઘર્ષે જ્ઞાતિ સંઘર્ષનું સ્વરૂપ લીધું હતું એ આપણે આગળ જોયું છે.

### 7.5.5 કોયા બળવો (Koya Rebellion)

1879-1889 દરમિયાન હાલના આંધ્ર પ્રદેશમાં પૂર્વ ગોદાવરી વિસ્તારમાં કોયા બળવો થયો હતો. ઓરિસ્સાના કોરાપુર જિલ્લા અને માલકણગિરી વિસ્તારમાં પણ આ બળવાની અસર થઈ હતી. કોયા નેતા ટોમ્મા ડોરાના નેતૃત્વ હેઠળ આ બનાવો બન્યા હતા. આદિવાસીઓને જે સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો તેનું તેમાં પ્રતિબિંબ પડતું હતું. આદિવાસીઓના જંગલ પરના પરંપરાગત હક્કોનું ધોવાણ થઈ રહ્યું હતું, નાણાં ધીરનારાઓ શોષણ કરી રહ્યા હતા. તે લોકો લોન અને જમીન તબદીલી દ્વારા કોયાઓના જીવન ઉપર અંકુશ રાખતા હતા.

કોયાઓ ટોમ્મા ડોરાનું 'માલકણગિરીના રાજા' તરીકે અભિવાદન કરતા હતા. બળવાખોરોએ એક પોલીસ સ્ટેશનનો કબજો લીધો હતો તેવો સંદર્ભ જોવા મળે છે. જોકે, પોલીસે ડોરાને બંદૂકની ગોળીએ ઠાર માર્યા પછી આ ચળવળ ભાંગી પડી હતી.

### 7.5.6 બિરસા મુંડા બળવો (Birsa Munda Revolt)

હવે આપણે 1874 અને 1901 દરમ્યાન વિકાસ પામેલી એક છેલ્લી ચળવળની ચર્ચા કરીશું. આ ચળવળનું 1895માં બિરસા મુંડાએ નેતૃત્વ લીધું હતું. દક્ષિણ બિહારમાં છોટાનાગપુર વિસ્તારમાં લગભગ 400 ચોરસ માઈલના વિસ્તારમાં આ આદિવાસી ચળવળનો પ્રભાવ હતો. સંસ્થાનવાદી સમય દરમિયાનની મૂળભૂત સમસ્યાઓમાંથી આ ચળવળ ઊભી થઈ હતી. આ સમસ્યાઓમાં પરંપરાગત હક્કોનું ધોવાણ, ફરજિયાત વેઠ, સંસ્થાનવાદી કાયદાઓ, વગેરે હતા. પ્રારંભના તબક્કામાં આ સમસ્યાઓનો ખ્રિસ્તી ધર્મ સાથે વિશિષ્ટ સંબંધ હતો. કે. એસ. સિંહ (Birsa Munda and His Movement 1874-1901, Delhi,1983) નોંધે છે તેમ મુંડાઓએ ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો હતો. જર્મન મિશનરીઓ પરિસ્થિતિને થાળે પાડશે અને જમીનદારોની ગેરરીતિઓ પર અંકુશ લાવશે તેવી મુંડાઓની માન્યતા હતી. હકીકતમાં લગભગ 1857માં કેટલાક જમીનદારોએ રાંચીના જર્મન મિશન પર હુમલો કર્યો હતો એમ માનીને કે જર્મન મિશનરીઓની મુંડાઓ પરત્વે સહાનુભૂતિ હતી. 1858થી ખ્રિસ્તી આદિવાસીઓ અત્યાચારી જમીનદારોનો સામનો કરતા હતા, એવા ઉલ્લેખો મળે છે. આ પ્રકારનું વલણ 1862 અને 1888 દરમ્યાન ખૂબ જ પ્રચલિત હતું. 1867માં 1400 જેટલા 'ખ્રિસ્તીઓએ' છોટા નાગપુરના રાજા અને સ્થાનિક પોલીસની સામે અરજી દાખલ કરી હતી. આ અરજી સંસ્થાનવાદી સત્તાને આપવામાં આવી હતી. જે કેટલાક મુંગાઓએ જમીન ગુમાવી હતી તેમને જમીન પરત કરાવવાના કેટલાક પ્રયત્નો થયા હતા.

1879માં મુંડાઓએ એવો દાવો કર્યો હતો કે છોટાનાગપુર તેમનું હતું. 1881માં કેટલાક સરદારોએ જ્હોન ધ બાપ્ટીસ્ટના નેતૃત્વ હેઠળ ડોએસ ખાતે રાજ્યની સ્થાપના કરી હતી. પછી ચળવળમાં કેટલાંક મુખ્ય પરિવર્તનો આવ્યાં હતાં. જર્મન મિશનરીઓથી અસંતુષ્ટ મુંગઓ કેથોલિક મિશન તરફ ઢળ્યા હતા. સંસ્થાનવાદી અધિકારીઓ અને જમીનદારો ચળવળને ઠંડી પાડી દેવા માટે એકબીજાની નજીક આવ્યા હતા. આ આંદોલનનો વિકાસ થયો હતો. આ આંદોલને 'બળવાખોરો'ને બધા યુરોપીઓ સામે સંગઠિત કર્યા હતા. એમાં મિશનરીઓ, અધિકારીઓ તેમ જ દિકુઓ અને જમીન સાથે સંકળાયેલાં તત્ત્વોનો સમાવેશ થતો હતો.



6. બિરસા મુન્ડા


આ સંદર્ભમાં મુંડાઓનું નેતૃત્વ બિરસા-મુંડાએ લીધું હતું. બિરસા મુંડા શરૂઆતમાં તેની તબીબી અને ઘા રુઝવવાની શક્તિને કારણે લોકપ્રિય હતો. મુંડાઓની પાસે એક આદર્શની કલ્પના હતી. તેમણે એક એવી ન્યાયી વ્યવસ્થાની કલ્પના કરી હતી કે જે અંદરના અને યુરોપના શોષણખોરોથી મુક્ત હોય. તેમના ઉપર અત્યાચાર કરનારા શક્તિશાળીઓ સામે તેમને અજેય બનવું હતું. આ હકીકતને કારણે 'જંગલનું પાણી' તેમને અજેય બનાવશે એમ તેઓ માનતા હતા. આ ચળવળમાં મહિલાઓની સક્રિય ભાગીદારી હતી. કેટલાક પ્રસંગોએ હિંસા પણ થતી હતી. જોકે ચળવળમાં ઘૃણાનું પ્રમાણ ઓછું હતું. આર્થિક રીતે ગૌણ સ્થાન ધરાવતા બિનઆદિવાસી લોકો અને તે લોકો વચ્ચે ઘૃણાનું પ્રમાણ ઓછું હતું. બિસરા મુંડાની ચળવળને ઘાતકી રીતે કચડી નાંખવામાં આવી હતી. બિરસાને પકડવામાં આવ્યો હતો અને બળવાખોરો સામે, બળવાને દાબી દેતાં સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો.

ઉપરની ચર્ચાના આધારે કેટલાંક તારણો પર આવી શકાય. આપણે જે લોકચળવળોની ચર્ચા કરી તે સામ્રાજ્યવાદની સામે ઊભી થઈ હતી. ઉપરાંત એ ચળવળો જેમને મોટે ભાગે દિકુઓ અને બહારથી આવેલા તરીકે ઓળખાવવામાં આવતા હતાં તેવા અમીર હિંદીઓ (જેવા કે નાણાં ધીરનારાઓ અને જમીનદારો)ની એની સામે હતી. નોંધપાત્ર હકીકત એ છે કે દિકુઓ સામેનો વિરોધ, તેઓ શોષણ કરનારા હતા માટે હતો, તેઓ આદિવાસીઓ હતા એ કારણે નહિ.

## 7.6 ચળવળોનાં લક્ષણો (Characteristics of Movements)

ચળવળોનાં કેટલાંક લક્ષણો આ મુજબ હતાં :

(1) તેમાંના મોટા ભાગની ચળવળોમાં પહેલાંનું જીવન સારું હતું એમ ભૂતકાળમાં પાછું જોવાનો પ્રયત્ન સ્વાભાવિક હતો. તેમાં 1857ના બળવા દરમિયાન યંત્રો સામેનો ક્રોધ પણ સમાયેલો હતો. આમ, ભૂતકાળના ઊજળા સમયને સાકાર કરવા માટેની લડત હતી. જમીનદારો અને અંગ્રેજ સંસ્થાનવાદી વહીવટની સ્થાપિત વ્યવસ્થા ઉપર હુમલો કરવાનું વલણ કેટલીક ચળવળોમાં દેખાતું હતું જેમ કે સિદો અને કુન્હોએ ભાડાંને બદલે વાર્ષિક ફાળો આપવાનો પ્રયત્ન કર્યો હતો. ભૂતકાળને જોવાની અને



**7. બિરસાના અનુયાયીઓની ધરપકડ**

સ્થાપિત હિતો પર હુમલાના પ્રશ્ન સાથે કેટલીક લોકચળવળોનાં 'પુનર્સ્થાપન' લક્ષણ સંકળાયેલું હતું. આમ, પ્રસંગોપાત્ત તેઓ પરંપરાગત સમૃદ્ધ લોકો દ્વારા દોરવાતા હતા. સમાજના વિશિષ્ટ અધિકારો હિંદના સંસ્થાનીકરણને કારણે ઘટ્યા હતા.

(2) આપણને કેટલાક કિસ્સામાં સામ્રાજ્યવાદ સાથેનો સંબંધ જણાય છે એ સંબંધ જમીનદારો અને શાહુકારો સામેની લડતમાં જોવા મળતો હતો. પ્રસંગોપાત્ત લોકો તેમના અનુભવોમાંથી, મુંડા જેવા લોકો, લડતના એક જરૂરી ભાગ તરીકે સામ્રાજ્યવાદ-વિરોધી લાગણીને જોતા હતા. જોકે, પ્રસંગોપાત પબના ખેડૂતોના સંદર્ભમાં, અંગ્રેજોના શાસન વિષેના ભ્રામક ખ્યાલોએ લોકોના દૃષ્ટિબિંદુ ઉપર અસર કરી હતી. ખેડૂતો 'રાણીની રૈયત' બનવા તૈયાર હતા. સ્વાભાવિક રીતે જ સામ્રાજ્યવાદ સામેની એ લડત થોડી દબાઈ હતી. તેમાંની કેટલીક લડતોએ તેમના મિત્રો અને દુશ્મનોને ઓળખ્યા હતા, તે ખૂબ જ ધ્યાનપાત્ર હકીકત હતી. જેનો સામ્રાજ્યવાદી વિરોધી ચળવળ તરીકે પ્રારંભ થયો હતો તેવી આ લોકચળવળનો 1857ના બળવા સાથે અનુબંધ બંધાયો હતો. એ ચળવળે આગળ સામંતશાહી વિરોધી સ્વરૂપ ધારણ કર્યું હતું. આપણે આગળ જોઈ ગયાં તેમ એ ચળવળે જમીન સાથે સંકળાયેલા સામંતશાહી વર્ગની સામે સમસ્યાઓ ઊભી કરી હતી. સામંતશાહી વિરોધી અને ખ્રિસ્તી તરફી, બિરસાના રહેવાસી મુન્ડાઓ સમય જતાં સામ્રાજ્યવાદ-વિરોધી બન્યા.

(3) બધા સમાન હોય અને સુખી હોય, શોષણ ન હોય અને સારી તેમ જ ન્યાયી વ્યવસ્થા હોય એવું તે લોકચળવળે માન્યું હતું. ચર્ચા આપણે કરી છે.

(4) લોકચળવળ ધર્મ અને જ્ઞાતિ સાથે સંકળાયેલી હતી એ, આ ચળવળોનું બીજું એક નોંધનીય લક્ષણ હતું. આપણા દેશમાં ધર્મ અને જ્ઞાતિ બંનેની વિવિધતાની પરિસ્થિતિમાં પ્રસંગોપાત કેટલીક લોકચળવળો, જો તેઓ વર્ગસંઘર્ષની આજુબાજુ ગૂંથાયેલી હોવા છતાં તેમના ઉપર કોમવાદી અને જ્ઞાતિ રાજકારણનો પ્રભાવ પડ્યો હતો એ આપણે જોયું. જમીન સાથે સંકળાયેલા સામંતશાહી વર્ગની પરિસ્થિતિ જ્યારે જોખમાતી હતી ત્યારે તેણે લોકચળવળોને કોમવાદી દિશામાં વાળવાનો પ્રયત્ન કર્યો હતો તેના પુરાવાઓ આપણી પાસે છે. એના મલબાર અને પબના ખેડૂતોની લડતાનાં ઉદાહરણો આપી શકાય. આ ચળવળોને જમીનદારોએ કોમી ચળવળ તરીકે રજૂ કરી હતી.

ધર્મ અને લોકચળવળના પ્રશ્નની ચર્ચા કરતી વખતે આપણે જોયું કે આ ચળવળે બહુજન સમાજને તેમના ઉપર અત્યાચારો કરનારાઓ સામે કેવી રીતે સંગઠિત કર્યા હતા. મલબાર અને છોટાનાગપુર વિસ્તારમાં પણ બન્યું જે રીતે અંગ્રેજોના સામ્રાજ્યવાદની ઊપજ એવો ખ્રિસ્તી ધર્મ સામંતશાહી તેમ જ સામ્રાજ્યવાદી વ્યવસ્થા સામે લડવા માટે મદદરૂપ થયો તે દર્શાવે છે કે હિંદ જેવા સંસ્થાનમાં તેની ભૂમિકામાં કેવી રીતે બદલાઈ. તેથી ધર્મની ભૂમિકાના બેવડા સ્વરૂપને સમજવું રહ્યું

(5) લોકચળવળોનું બીજું મહત્ત્વનું પાસું છે કે તેની સાથે સમૃદ્ધ વર્ગનાં 'લૂંટ' અને 'ગુના' ઓ સંકળાયેલા હતાં. અધિકૃત અહેવાલોમાં સામાન્ય ગુનાઓ તરીકે નોંધાયેલા હોવા છતાં આ બધા લોકચળવળના ભાગરૂપ હતા. શોષણખોરો પર પ્રહાર કરવાના ખ્યાલ પાછળ પરિસ્થિતિને સરખી કરવાનો ઇરાદો હતો! વળી આ પગલાંઓને લોકમંજૂરી મળી હતી અને પ્રસંગોપાત તે સામૂહિક રીતે જાણ પણ થતી.

(6) ખેડૂતો, આદિવાસીઓ અને કારીગરોએ દર્શાવેલી એકતાની ભાવના બીજું લક્ષણ છે. કેટલીક લોકચળવળોમાં પ્રાદેશિક સરહદો અને નૈતિક બંધનોને અતિક્રમી જવાનું સામર્થ્ય હતું એ નોંધપાત્ર છે જેમ કે જ્યારે પબના ચળવળ જિલ્લા બહાર, બીજા વિસ્તારોમાં વિસ્તરી ત્યારે બિરસા ચળવળે મુંડાઓ અને કોલ

લોકોને સંગઠિત કર્યા હતા. આ સાથે આર્થિક રીતે નીચા બિનઆદિવાસી સમૂહો માટે કોઈ દ્વેષ પણ ન હતો.

(7) અંતમાં, આ લોકચળવળોએ હિંદના બૌદ્ધિક વર્ગ અને બહુજનસમાજ વચ્ચેનું અંતર ઘટાડવામાં સારું એવું પ્રદાન આપ્યું. આ વલણ ખાસ કરીને આપણને બંગાળમાં જોવા મળતું. ખેડૂતતરફી સહાનુભૂતિ કેટલાંક વર્તમાનપત્રો અને 'નીલદર્પણ' (1860) જેવાં સમકાલીન લખાણોમાં જોવા મળે છે.

**તમારી પ્રગતિ ચકાસો-ગ**

1. નીચેનાંમાંથી કયાં વિધાનો સાચાં (✓) અથવા ખોટાં (X) છે ?
   (ક) માલિકોએ ખેડૂતોને ગળી ઉગાડવા માટે ફરજ પાડી હતી.
   (ખ) ગળીના બળવાને વર્તમાનપત્રોમાં સ્થાન મળ્યું ન હતું.
   (ગ) સંસ્થાનવાદી સરકારે મોપલા આંદોલનને કોમવાદી સ્વરૂપ આપ્યું હતું.
   (ઘ) કુણબીઓને વાણિયાઓ સાથે સારા સંબંધો હતા.
   (ચ) મુંડાઓએ આર્થિક રીતે નીચાલ એવા બિનઆદિવાસી સમૂહો પર હુમલા કર્યા હતા.

2. નેતાઓને ચળવળો સાથે સાંકળો.

| | |
|---|---|
| (ક) ટોમ્મા ડોરા | પબના આંદોલન |
| (ખ) શંભુનાથ પાલ | મુંડા આંદોલન |
| (ગ) બિરસા મુંડા | કોયા બળવો |

3. તે સમયની લોકચળવળોના પાયાનાં લક્ષણો વિશે દસ લીટીમાં ચર્ચા કરો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

## 7.7 કામદાર વર્ગની ચળવળો (Working Class Movements)

1850 અને 1900 દરમિયાન ઔદ્યોગિક કામદારોની ભૂમિકા આવે છે. ખેડૂતો આદિવાસીઓ અને કારીગરોની ચર્ચા કર્યા પછી હવે આપણે કામદારોની ભૂમિકા તપાસીશું. ઔદ્યોગિક કામદારો કોણ હતા ? સામાન્ય પરિચયમાં આપણે સમગ્ર પરિસ્થિતિના સંદર્ભમાં ચર્ચા કરી હતી કે સંસ્થાનવાદના આગમનને કારણે પોતાના વ્યવસાયોમાંથી ફેંકાઈ ગયેલા, માલિકી વિહોણા ખેડૂતો અને કારીગરો હતા. આ કામદારો આધુનિક ઔદ્યોગિક ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા. અંગ્રેજોના સંસ્થાનવાદના હિંદ સાથેના પરસ્પરના સંબંધોમાંથી ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ થયો હતો. એ ક્ષેત્ર મૂળે માત્ર અંગ્રેજોના મૂડીવાદીઓની દેણગી હતી. તેનો ઉદ્ભવ 1840ના અરસામાં થયો હતો. કાચા માલની વિપુલતા અને સસ્તી મજૂરીને કારણે અંગ્રેજ મૂડીવાદીઓ (1839થી) બાગાયત વસાહતો શણ, કોલસો, ખાણ અને (1850થી) રેલવેમાં મૂડીરોકાણ કરવા માટે આકર્ષાયા હતા. સદીના અંત ભાગમાં બંદરોમાં પણ મોટા પ્રમાણમાં તેમની ભરતી થઈ હતી. એક માત્ર કાપડ ઉદ્યોગમાં હિંદી વેપારી વર્ગ સંકળાયેલો હતો. હિંદના વેપારી વર્ગનું તેના પર પ્રભુત્વ હતું. 1850માં ઉદય પામેલો આ ઉદ્યોગ મુખ્યત્વે મુંબઈ અને અમદાવાદમાં વિકસ્યો હતો.

સંસ્થાનવાદી શાસને હેતુપૂર્વક મુખ્યત્વે જૂનીપુરાણી સામંતશાહી અર્થતંત્રના જૂના પાયા પર તૈયાર થયેલા આ 'આધુનિક' ક્ષેત્ર, મૂડીના સંપૂર્ણ વિકાસ તરફ દોરી જઈ શક્યું નહોતું, એ હકીકત પર ખાસ ભાર આપવો ઘટે. આ લક્ષણોનાં કેટલાંક પરિણામો આવ્યાં હતાં. આમ કામદારો ' આધુનિક ' ક્ષેત્રમાં અર્ધ-ગુલામીની સ્થિતિમાં હતા. વળી, તેમણે 15 થી 16 કલાક કામ કરવું પડતું હતું, તેમનું વેતન ઓછું હતું અને તેમની સ્થિતિ દયનીય હતી. સ્ત્રીઓ અને બાળકો સાથે તેમને મારવામાં પણ આવતા હતા. અને તેમના પર ત્રાસ ગુજારવામાં આવતો હતો. જેલમાં ગુનેગારોને જે ખોરાક મળતો હતો તેનાથી પણ બદતર ખોરાક તેમને મળતો હતો.

બાગાયતી કામદારો બીમારીને કારણે મૃત્યુ પામતા હતાં તેવા મ્યુનિસિપલ અહેવાલોમાં આપણને ઘણા પુરાવાઓ મળે છે. એ પરિસ્થિતિમાં કામદારો સંગઠિત થઈ શકે તેમ ન હતું. એ પરિસ્થિતિમાં મોટે ભાગે, આપમેળે, પોતાની દયનીય સ્થિતિની સુધારણા માટે ચળવળો ઉદ્ભવી.

### 7.7.1 શિક્ષિત વર્ગના લોકોના પ્રયાસો (Efforts of the Educated Gentry)

1850-1900ના તબક્કા દરમિયાન આપણે કામદારોમાં છૂટીછવાઈ અને વેરવિખેર લડતો જોઈએ છીએ. સુકોમલ સેન (Working Class of India : History of Emergence and Movement, 1830-1970, Calcutta, 1979) એ ચળવળોને પ્રાથમિક ચળવળો તરીકે રજૂ કરે છે. આ તબક્કા દરમ્યાન આપણે શિક્ષિત (અમીર વર્ગથી તરત નીચેની સામાજિક કક્ષાના) લોકોને આગળ આવતા અને કામદારોની સમસ્યાઓ ઉપર પ્રકાશ પાડતા જોઈએ છીએ. 1870માં બ્રહ્મોસમાજી શશીપાદ બેનરજીએ કામદારોની ક્લબ 'વર્કિંગ મેન્સ ક્લબ'ની સ્થાપના કરી હતી અને 1874માં કલકત્તા પાસે આવેલા બરહ નગરથી એક ચોપાનિયું બહાર પાડતા હતા. કામદારોમાં ધાર્મિક નૈતિકતા વગેરેના પ્રચારાર્થે કલકત્તા બ્રહ્મોસમાજે કામદારોનું સંગઠન વર્કિંગ મેન્સ મિશનની 1878માં સ્થાપના કરી હતી.

1878માં મુંબઈની કાપડની મિલોના કારીગરોની વચ્ચે કામ કરતા સોરાબજી સાપુરજી બેંગાલી અને નારાયણ મેઘજી લોખંડે કામ કરતા હતા. તેમના પ્રયત્નને કારણે 1884માં આવેદનપત્ર તૈયાર કરવામાં આવ્યું હતું. તેમાં દરેક રવિવારે રજાનો દિવસ, કામદારોને મહિનાની 15મી તારીખે વેતન આપવું. કારીગરોને ઈજા થાય તો, તેઓ સાજા ન થાય ત્યાં સુધી પૂરો પગાર આપવો, કારીગર અપંગ થઈ જાય તો તેને નિવૃત્તિ-દરમાયો આપવાની તેમાં ભલામણ હતી. મુંબઈ સરકારે 1884માં નીમેલા કમિશનને આ વિનંતીપત્ર સોંપવામાં આવ્યું હતું. એના ઉપર 5,000 કામદારોએ સહી કરી હતી.1891ના પ્રથમ હિંદના કારખાનાંના કાયદામાં આપણને આની છાપ જોવા મળે છે.

1890માં (April 24) લોખંડેએ એક બીજી સભા બોલાવી હતી, જેમાં 10,000 કામદારો હાજર રહ્યા હતા. આ સભામાં સ્ત્રીકામદારો પણ બોલ્યાં હતાં. અઠવાડિયે એક રજાની માંગણી કરતું આવેદનપત્ર તૈયાર કરીને મુંબઈ મિલ માલિક મંડળને આપવામાં આવ્યું હતું. 1890ના જૂનની તાઃ 10 મીએ આ વિનંતીને મંજૂર કરવામાં આવી હતી. કામદારોએ તેને પોતાના વિજય તરીકે જોયું હતું, પરંતુ તેને કોઈ કાયદાકીય સંમતિ મળી ન હોવાથી તેનો અમલ થઈ શકે એમ ન હતું. લગભગ બધાં જ કેંદ્રોમાં અઠવાડિયે એક રજાની માગણી, લોકમાગણી બની રહી હતી.

### 7.7.2 હડતાળો (Strikes)

આ પ્રયત્નોને કારણે કામદારો સંગઠિત થયા એ સમય દરમ્યાન કામદારોમાં આપમેળે ઊભી થયેલી ચળવળો જોઈશું. આપણને 1853ની નદી-માર્ગ પરિવહન સાથે સંકળાયેલા મજૂરોની તેમ જ 1862માં કલકત્તાના ગાડીવાનોની હડતાળોના સંદર્ભો જોવા મળે છે. સૌ પ્રથમ મોટી હડતાળ 1862માં જોવા મળે છે. એ હડતાળ દરમિયાન હાવરા રેલવે સ્ટેશનના 1,200 મજૂરોએ દિવસના કામના આઠ કલાક કરવા માટે માગણી કરી હતી. એક નોંધપાત્ર હકીકત એ છે કે એ પગલું લગભગ 24 વર્ષ પૂર્વે શિકાગોના કામદારોની, મે દિનની ચળવળ પૂર્વે લેવાયું હતું. અને તે પણ 1853માં શરૂ થયેલા ક્ષેત્રે આ હડતાળ પડી હતી.


આ પછી સંખ્યાબંધ હડતાળો પડી હતી. 1877માં નાગપુરની એમ્પ્રેસ મિલમાં વેતનના દર માટેની હડતાળ પડી હતી.

1882-1890 દરમ્યાન મુંબઈ અને મદ્રાસમાં 25 જેટલી હડતાળો પડી હતી. મુંબઈમાં હિંદી માલિકોના કારખાનાંઓમાં મોટી સંખ્યામાં હડતાળો પડી હતી, જેમ કે, કાપડનાં કારખાનાંઓમાં બંગાળમાં પણ વધારે વેતન અને છટણી કરવાના પ્રશ્ને હડતાળો પડી હતી.

### 7.7.3 લક્ષણો (Characteristics)

આ લડતોનું અવલોકન કરતી વખતે કેટલાક મુદ્દાઓ રજૂ કરવા જોઈએ :

(1) આ લડતે બૌદ્ધિકો અને કામદારો વચ્ચેનું અંતર ઘટાડવામાં પ્રદાન આપ્યું હતું. બૌદ્ધિકો કામદારો તરફ આકર્ષાયા હતા. બ્રહ્મોસમાજ જેવી સામાજિક સુધારાની ચળવળો અને વિશ્વના અન્ય ભાગોમાં એ જ દિશામાં ઊભા થયેલા (જેમ કે ઇંગ્લૅન્ડ) સમકાલીન વિકાસના માનવતાવાદી વલણને કારણે આવું બનવા પામ્યું હતું આ વલણ 20મી સદીના પૂર્વાર્ધમાં ચાલુ રહ્યું હતું. ગાંધીજીએ અમદાવાદના મિલકામદારો


তাহার দ্রব্য দেওয়া হইবে।

সম্প্রতি হাবড়ার রেইলওয়ে ষ্টেসনে প্রায় ১২০০ মজুর কর্ম্মত্যাগ করিয়াছে। তাহারা বলে লোকোমোটিব (গাড়ি) ডিপার্টমেন্টের মজুরেরা প্রত্যহ ৮ ঘন্টা কাজ করে। কিন্তু তাহাদিগকে ১০ ঘন্টা পরিশ্রম করিতে হয়। কয়েক দিবসাবধি কার্য্য স্থগিত রহিয়াছে। রেইলওয়ে কোম্পানি মজুরদিগের প্রার্থনা পরিপূর্ণ করুন, নচেৎ লোক পাইবেন না।

পূর্ব্ব বাঙ্গলার রেলওয়ে গাড়ি খুলিবার

8. રેલવે કામદારોની હડતાળો વિશેનો લેખ સોમ પ્રકાશમાં દ્વારકાનાથ વિશે-ભૂષણે લખેલો લેખ (બંગાળીમાં)

સુધી પહોંચવાનો કરેલો પ્રયત્ન અને અનસૂયાબહેને તેમને શિક્ષિત બનાવવામાં રાત્રિશાળાઓ ખોલી, તેમાં એ મિજાજ પ્રદર્શિત થતો હતો.

(2) મોટા ભાગના કિસ્સાઓમાં 'મુકાદમો' (જોબરો) કામદારોને દોરતા હતા. તેઓ કામદારોને નિયુક્ત કરતા હતા. સામાન્ય રીતે તેઓ એ જ વિસ્તારના અને કામદારો જે જ્ઞાતિના હતા એ કિસ્સાઓમાં કામદારોની માગણી પડતી મુકાતી, કારણ કે 'જોબરો' અને કામદારો વચ્ચેના સંઘર્ષ ઉપર વધારે ભાર આપતો હતો. બીજા પ્રસંગોએ કામદારોનું નેતૃત્વ બૌદ્ધિકો કરતા હતાં આ બધું જોતાં જણાય છે કે કામદારોને આ સમય દરમ્યાન નેતૃત્વ માટે બહારના લોકો તરફ જોવું પડતું હતું. કામદારો ગામડાંઓના તરછોડાયેલા વર્ગમાંના હતા, એ હકીકત હતી.

કામદારોના મન ઉપર જૂની અને એના મૂલ્યોનું પ્રભુત્વ ધરાવતી સામંતશાહી સામેના હુમલાઓ હિંદના સંસ્થાનવાદે ટાળ્યા હતા. અહીં જેના ઉપર જૂના સામંતશાહી મૂલ્યોનો પ્રભાવ હતો એવા બૌદ્ધિકો પણ કામદારોના સંગઠન અને ચેતના ઉપર કોઈ ગંભીર પ્રભાવ પાડવામાં નિષ્ફળ ગયા હતા. પ્રભુત્વ ધરાવતાં સામંતશાહી મૂલ્યોને કારણે સ્ત્રીઓ અને બાળકામદારોની કથળતી જતી સ્થિતિને સંપૂર્ણ અવગણવામાં આવી હતી. તેથી તે લોકલડતોએ કામદારોની તાત્કાલિક સમસ્યાઓ વેતન, છટણી અને અઠવાડિયે એક રજા ઉપર વધારે ધ્યાન કેંદ્રિત કર્યું હતું.

જ્યારે મજૂરસંઘો કામદારોનું રક્ષણ કરવા માટે તેમના પડખે ઊભા રહે, તેવી પરિસ્થિતિ ન હતી ત્યારે મર્યાદાઓ હોવા છતાં પણ કામદારોની વીરતાની નોંધ લેવી પડશે.

### તમારી પ્રગતિ ચકાસો-ઘ

1. હિંદમાં કામદાર વર્ગના ઉદયની ચર્ચા આશરે દસ લીટીમાં લખો.

2. કામદાર વર્ગની સમસ્યાઓની આશરે પાંચ લીટીમાં ચર્ચા કરો.

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

3. જે વર્ષમાં હળતાળ થઈ હોય તે વર્ષ સાથે સાંકળો.

(ક) 1853 નાગપુર એમ્પ્રેસ મિલ

(ખ) 1862 નદી ઉપર માલની હેરફેર કરનારા મજૂરો

(ગ) 1877 રેલવે

4. નીચેનાં કયાં વિધાનો ખરાં કે ખોટાં છે? ખરાં માટે (✓) અને ખોટાં માટે (X) ચિહ્નો આપો.

(ક) લોકચળવળોએ કામદારો અને બૌદ્ધિકો વચ્ચેનું અંતર ઘટાડ્યું ( )

(ખ) 'જોબરો' એ ક્યારેય કામદારોની માગણીને અવગણી ન હતી. ( )

(ગ) સ્ત્રીઓ અને બાળમજૂરોની કથળતી જતી સ્થિતિને આ સમય દરમ્યાન અવગણવામાં આવી હતી. ( )

(ઘ) ઘોડાગાડીઓની હડતાળ કલકત્તામાં થઈ હતી. ( )

## 7.8 સારાંશ

સંસ્થાનવાદી નીતિઓએ ખેડૂતો આદિવાસીઓ અને કારીગરો પર ખરાબ અસર પાડી. એમના પર અત્યાચાર થતા. આ અત્યાચારીઓ સંસ્થાનવાદી રાજ્ય અને હિંદી સમાજની અંદરના જ શોષણકર્તાઓ હતા (જેવા કે જમીનદારો અને નાણાં ધીરનારાઓ). ઘણી વાર એ અત્યાચાર સામેનો વિરોધ લોક- આંદોલનોમાં પરિણમતો હતો. જોકે, સરકારી ભાષામાં આ આંદોલનોને લૂંટ, રમખાણ, બળવો, વગેરે તરીકે વર્ણવવામાં આવતાં હતાં. પરંતુ, હકીકતમાં આંદોલનો હિંદી સમાજના શોષિત વિભાગનો વિરોધ હતો. આંદોલનો જુદા જુદા સમયના અંતરે અને જુદા વિસ્તારોમાં થયાં હતાં. હિંદી સમાજનાં સંકુલ સ્વરૂપને કારણે, સંસ્થાનવાદી રાજ્ય અને સમાજની અંદરના શોષણકર્તાઓ આંદોલનોને કોમવાદી કે જ્ઞાતિવાદી બનાવો તરીકે રજૂ કરતા હતા. મૂળે આ સાધનસંપન્ન લોકોની સામે સાધનવિહોણા લોકોની એ લડતો હતી. લડતો નિષ્ફળ ગઈ હતી, પરંતુ તેનાથી અંગ્રેજવિરોધી લાગણી ઊભી થઈ હતી અને રાષ્ટ્રીય સ્તરે લોકચળવળ માટેની પૂર્વભૂમિકા તૈયાર થઈ હતી.

અંગ્રેજોના શાસનના અન્ય પ્રભાવરૂપે હિંદી સમાજના નવા વર્ગનું સર્જન થયું હતું અને તે કામદારોનો હતો. જોકે એ વર્ગ સંગઠિત થયો ન હતો. 19મી સદીના અંત ભાગમાં છૂટીછવાઈ સંખ્યાબંધ હડતાળો આપણે જોઈએ છીએ. હડતાળો કામની સારી સ્થિતિ અને વેતન મેળવવા માટે પડાતી હતી. ઘણી હડતાળો હિંદીઓની માલિકીના કારખાનાંઓમાં પડી હતી. કામદારોનું શોષણ અંગ્રેજો અને હિંદનાં કારખાનાંના માલિકો કરતા હતા, તેવું આ સૂચવે છે. હકીકતમાં કામદાર વર્ગની ચળવળો માટેની પૂર્વભૂમિકા આ દરમ્યાન તૈયાર થઈ હતી. સમય જતાં રાષ્ટ્રીય ચળવળ દરમ્યાન કામદાર વર્ગની આર્થિક લડતોમાં રાજકીય લડતનું બળ ઉમેરાયું હતું.

## 7.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**જનજાતીય ચળવળો** (Tribal Movements) : જનજાતિ એ એવો સમૂહ છે જેમાં લોકો એકબીજાની સાથે લોહીના સંબંધથી સંકળાયેલા હોય છે. જનજાતિઓની ચળવળો એ આ એકમોએ સ્થાપિત સત્તા સામે પ્રદર્શિત કરેલા સામૂહિક વિરોધ છે.

**આંદોલન** (Uprising) : લડત

**ઇચ્છાધીન ગણોતિયો લડત** (Tenants-at-will) : અંગ્રેજોએ જમીનદારોને મિલકતનો હક્ક આપ્યો હતો. આ પહેલાં તેમની પાસે આ હક કાયદાથી ન હતો. અને આથી ગણોતિયા જમીનદારોની દયા પર જીવતા હતા.

**કબજો ભોગવટાનો હક્ક** (Occupancy right) : જમીન પરનો ખાસ હક્ક.

**ખેડૂતોની સમાજવ્યવસ્થાનો આદર્શ** (Peasant utopia) : ખેડૂતોમાં ભાવિ સમાજ માટેની આદર્શ માન્યતા.

**ખેડૂતોની ચળવળ** (Peasant Movement) : ખેડૂત, ખેતી કરનાર કે ખેતીની જમીનના માલિક છે (જમીનનું કદ જુદું જુદું હોઈ શકે). ભૂતકાળમાં આઝાદી પહેલાં ખેડૂતોએ જમીનદારો અને રાજ્યની સ્થાપિત સત્તા સામે

બળવા કર્યા હતા. તેમના સંગઠનનો પાયો ધર્મ કે ધર્મ પ્રતીક હોવાથી એમનો વ્યાપ મર્યાદિત રહેતો.

**ચળવળોમાં ધર્મની બેવડી ભૂમિકા (Dual role of religion in popular movements)** : લોકચળવળમાં, ધર્મ લોકોને સંગઠિત થવામાં મદદ કરે છે, પરંતુ બીજી બાજુ તેના મર્યાદિત વિશ્વ દૃષ્ટિકોણને કારણે ચળવળનો પરિપ્રેક્ષ્ય પણ મર્યાદિત બને છે, અને ધર્મ એવી પ્રક્રિયા છે.

**જોબરો (Jobbers)** : મુકાદમો મિલમાં કામદારોની નિયુક્ત કરનારા પ્રણાલિકાગત લોકો.

**પરંપરાગત હક્કો (Customary rights)** : કેટલાંક ઐતિહાસિક પરિબળોને કારણે આ હક્કો અસ્તિત્વમાં આવે છે. ગૌચરની જમીનનો ઉપયોગ કરવાના હક્કની જેમ, આ હક્કને પ્રણાલિકાના ભાગરૂપે ગણવામાં આવે છે.

**ધ્રુવીકરણ (Polarisation)** : સ્પષ્ટભેદ.

**લોકચળવળો (Popular Movements)** : આદિવાસીઓ, ખેડૂતો, કામદારવર્ગ, મધ્યમ વર્ગ વચ્ચેની દીવાલોને અતિક્રમીને લોકો ભાગીદારી નોંધાવે તેવી ચળવળો.

**વર્ગભેદ ( Class Differentiation)** : એવી પ્રક્રિયા કે જે દ્વારા એક વર્ગ આર્થિક રીતે બીજા વર્ગથી જુદો પડે છે અને પોતાને એ રીતે જોવા લાગે છે.

**વેઠપદ્ધતિ (Forced Labour)** : કાયદાકીય કે પ્રણાલિકાગત હક્કને બદલે બળજબરીથી વેઠ કરાવવામાં આવે છે.

**સામાજિક ભેદ (Social Differentiation)** : જેના દ્વારા ખેડૂતસમાજને, સામાજિક અને આર્થિક રીતે જુદો પાડવામાં આવે તેવી પ્રક્રિયા.

**સ્ત્રીઓનું જાતીય શોષણ (Sexual Exploitation of Women)** : જાતીયતાના આધાર પર સ્ત્રીઓ પરત્વેનો ભેદ અને કનડગત.

## 7.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો-ક

1. (ક) ✓
   (ખ) ✓
   (ગ) X
   (ઘ) ✓
2. જુઓ વિભાગ 7.2

### તમારી પ્રગતિ ચકાસો-ખ

1. (ક) બ
   (ખ) ક
   (ગ) અ
2. જુઓ પેટા વિભાગ 7.4.2
3. (ક) ✓
   (ખ) X
   (ગ) ✓
   (ઘ) X
   (ઙ) X

### તમારી પ્રગતિ ચકાસો-ગ

1. (ક) ✓
   (ખ) X
   (ગ) ✓
   (ઘ) X
   (ચ) X

2. (ક) ક
   (ખ) અ
   (ગ) બ
3. વિભાગ 7.6 જુઓ

**તમારી પ્રગતિ ચકાસો-ઘ**

1. વિભાગ 7.7 જુઓ
2. વિભાગ 7.7 અને 7.7.1 જુઓ
3. (ક) બ
   (ખ) ક
   (ગ) અ
4. (ક) ✓
   (ખ) X
   (ગ) ✓
   (ઘ) ✓

# એકમ 8 19મી સદીમાં હિંદમાં સામાજિક સુધારા (Social Reforms in 19th Century India)

**રૂપરેખા**


8.0 ઉદ્દેશો
8.1 પ્રસ્તાવના
8.2 સુધારણા શા માટે ?
8.3 સામાજિક ચળવળો
8.4 સુધારાનો વ્યાપ
8.5 સુધારાની પદ્ધતિઓ
 8.5.1 આંતરિક સુધારા
 8.5.2 કાયદાઓ દ્વારા સુધારા
 8.5.3 પરિવર્તનનાં પ્રતીકો દ્વારા સુધારા
 8.5.4 સામાજિક કાર્ય દ્વારા સુધારા
8.6 ખ્યાલો
 8.6.1 બુદ્ધિવાદ
 8.6.2 વૈશ્વિકતાવાદ
8.7 મહત્ત્વ
8.8 નબળાઈઓ અને મર્યાદાઓ
8.9 સારાંશ
8.10 ચાવીરૂપ શબ્દો
8.11 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો


## 8.0 ઉદ્દેશો

19મી સદીના હિંદમાં જુદા જુદા ભાગોમાં સુધારક ચળવળોની હારમાળા જોવા મળે છે. એ ચળવળો હિંદી સમાજનું આધુનિક દિશામાં નવનિર્માણ કરવાના અભિગમથી કરવામાં આવી હતી. આ એકમમાં સામાજિક-ધાર્મિક ચળવળોનો સામાન્ય અને વિશ્લેષણાત્મક દૃષ્ટિકોણ રજૂ કરવામાં આવ્યો છે. તેમાં આ ચળવળોનું મહત્ત્વ પણ દર્શાવ્યું છે. જોકે, ચળવળો અને તેના નેતાઓના ખ્યાલોનો હકીકતસભર અહેવાલ તેમાં આપવામાં આવ્યો નથી. અહીં રજૂ કરાતું વિશ્લેષણ તમને ચળવળોને સમજવામાં મદદરૂપ થશે.

આ એકમ વાંચ્યા પછી તમે :

- હિંદમાં આ સુધારાઓનો પ્રારંભ શા માટે અને કેવી રીતે થયો તે જાણશો.
- અગ્રણી સુધારકો કોણ હતા તે અને હિંદના સમાજ પરત્વેના તેમના વિચારો જાણશો.
- આ ચળવળોના કાર્યક્ષેત્ર અને પદ્ધતિઓને જાણશો અને તેની મર્યાદાઓ સમજશો.

## 8.1 પ્રસ્તાવના

18મી અને 19મી સદીઓ દરમ્યાન અંગ્રેજોએ ભારત પર મેળવેલા વિજયે ભારતની સામાજિક સંસ્થાઓની કેટલીક ગંભીર નબળાઈઓ અને ક્ષતિઓ છતી કરી. પરિણામે અનેક વ્યક્તિઓ અને આંદોલનોએ સમાજને સુધારવા અને તેને પુનઃ ચેતનવંતું બનાવવાના ઉદ્દેશથી સામાજિક અને ધાર્મિક વ્યવહારોમાં ફેરફારો લાવવાના પ્રયાસો કર્યા. આ પ્રયાસોને 'રેનેસાં' (પુનરુત્થાન) તરીકે ઓળખવામાં આવે છે. તે એક સંકુલ સામાજિક ઘટના છે. એ નોંધવું મહત્ત્વનું છે કે ભારત જ્યારે બ્રિટનનું સંસ્થાન હતું ત્યારે જ આ ઘટના આકાર પામી.

## 8.2 સુધારણા શા માટે? (Why Reform)

હિંદમાં જાગૃતિ ઊભી થઈ, તેનાં પરિબળોની ચર્ચા કરવી એ મુખ્ય પ્રશ્ન છે. શું આ પશ્ચિમના પ્રભાવનું પરિણામ હતી ? અથવા તો એ સંસ્થાનવાદી દરમિયાનગીરીનો પ્રતિસાદ હતો ? જોકે આ બંને પ્રશ્નો પરસ્પર સંકળાયેલા છે. સમજવા માટે એ બંનેને જુદા પાડવા ઉપયોગી થઈ પડશે. આનું બીજું પાસું હિંદી સમાજમાં પરિવર્તન તરફ લઈ જવાની દિશા સાથે સંકળાયેલું હતું. તે કારણે નવા વર્ગોનો ઉદય થયો હતો. એ દૃષ્ટિબિંદુથી, સંસ્થાનવાદી હિંદમાં ઉદય પામતા મધ્યમ વર્ગની સામાજિક આકાંક્ષાઓની અભિવ્યક્તિ તરીકે આ ચળવળોને જોવી જોઈએ.

સુધારક ચળવળો અંગેનાં પ્રારંભિક લખાણોમાં તેના ઉદ્ભવના કારણ તરીકે મુખ્યત્વે પશ્ચિમના પ્રભાવનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ વિષય પર લખાયેલા સૌથી પ્રારંભના પુસ્તકમાં જે. એન. ફરખ્યુહર (Modern Religious Movements in India, New York, 1924), જણાવે છે :

પ્રેરક પરિબળો તરીકે મોટા ભાગનાં પાશ્ચાત્ય પરિબળો જ હતાં. એ પરિબળોમાં શિક્ષણ અને સાહિત્ય, ખ્રિસ્તી ધર્મ, પૌરસ્ત્ય સંશોધન, યુરોપનાં વિજ્ઞાનો અને દર્શનશાસ્ત્ર અને પાશ્ચાત્ય સભ્યતાનાં ભૌતિક તત્ત્વો હતાં.

ઘણા ઇતિહાસકારોએ એ મતને દોહરાવ્યો છે અને વિગતે વર્ણવ્યો છે. જેમ કે ચાર્લ્સ હેઈમસથના મતે માત્ર વિચારો નહિ, પરંતુ સામાજિક-ધાર્મિક ચળવળની પદ્ધતિઓનાં કારણોમાં પાશ્ચાત્ય પ્રેરણા હતી.

ઓગણીસમી સદીના સમાજમાં સુધારાની પ્રક્રિયામાં પાશ્ચાત્ય પ્રભાવનું મહત્ત્વ છે. જોકે આપણે આ સમગ્ર પ્રક્રિયાને સંસ્થાનવાદી લોકહિતની ભાવના તરીકે જોઈએ અને માત્ર તેનાં વિધાયક પાસાંઓ અવલોકીએ, તોપણ આપણે એ ઘટનાનાં સંકુલ લક્ષણોને ન્યાય આપી શકીએ તેમ નથી. સુશોભન સરકારે (Bengal Renaissance and other Essays, New Delhi, 1970), એ હકીકત પરત્વે આપણું ધ્યાન દોરતાં કહ્યું છે : "પરદેશી વિજય અને પ્રભુત્વ અવરોધરૂપ છે, શાસિત લોકોની પુનર્જાગૃતિમાં મદદ થનાર પરિબળ હરગિજ નથી." સંસ્થાનવાદી શાસને ઓગણીસમી સદીના પુર્નજાગૃતિના ક્ષેત્ર અને તેનાં પાસાંને મર્યાદિત બનાવતા પરિબળ તરીકે કામગીરી બજાવી છે. તેના સાચાં સત્ત્વને પામવાના કોઈ પણ પ્રયત્નને મહત્ત્વનો ગણવો જોઈએ અને તેના પર વિચાર કરવો જોઈએ.

સંસ્થાનવાદી ઘૂસણખોરીએ ઊભા કરેલા પડકારના પ્રતિસાદરૂપે પણ ચળવળોને જોવી જોઈએ. સમાજને સુધારવાના પ્રયત્નો તરીકે તેનું મહત્ત્વ છે એટલું જ નહિ, પરંતુ સંસ્થાનવાદે ઊભી કરેલી નવી પરિસ્થિતિને પહોંચી વળવાની ઉત્કંઠાના આવિષ્કાર તરીકે તેને જોવી જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, સામાજિક ધાર્મિક સુધારાઓ એ સાધ્ય ન હતું, પરંતુ પ્રજામાં ઉત્પન્ન થતી સંસ્થાનવાદ વિરોધી ચેતનાના ભાગરૂપ હતા. આમ, સુધારણા માટેની ઉત્કંઠા આખરે સંસ્થાનવાદી વિજયને કારણે જાગૃત થયેલી, સમાજનો અને તેની સંસ્થાઓનો કાયાકલ્પ કરવા માટે હતી. સુધારક ચળવળના આ પાસાએ પુનર્જીવનના તત્ત્વને ઉમેર્યું હતું. હિંદના ભૂતકાળ પર ભાર આપવાનાં અને હિંદની સંસ્કૃતિ અને સંસ્કારને બચાવવાનાં વલણો વધતાં જતાં હતાં. જોકે એણે આ ચળવળોને રૂઢિચુસ્ત અને પતન તરફી લક્ષણો આપ્યાં હતાં. તેણે લોકોમાં સાંસ્કૃતિક ચેતના અને વિશ્વાસ ઊભો કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

## 8.3 સામાજિક ચળવળો (Reform Movements)

સુધારાની પ્રારંભિક અભિવ્યક્તિ બંગાળમાં જોવા મળે છે. તેની શરૂઆત રાજારામમોહન રાયે કરી હતી. 1814માં તેમણે આત્મીય સભાની સ્થાપના કરી હતી. આ સંસ્થા 1829માં બ્રહ્મોસમાજની સ્થાપના થઈ તે પહેલાં સ્થપાઈ હતી. દેશના બીજા વિસ્તારો માં પણ સુધારાનો મિજાજ તરત દેખાવા લાગ્યો હતો. મહારાષ્ટ્રમાં પરમહંસ મંડળી અને 'પ્રાર્થના સમાજ' પંજાબ અને ઉત્તર હિંદના બીજા ભાગોમાં, 'આર્ય સમાજ' હિંદુઓમાં ઊભી થયેલી આગવી ચળવળો હતી. ઉત્તર પ્રદેશમાં 'કાયસ્થ સભા' અને પંજાબમાં 'સરીન સભા' જેવી અનેક પ્રાદેશિક અને **જ્ઞાતિ** ચળવળો પણ હતી. પછાત જ્ઞાતિઓમાં પણ સુધારણાનાં મૂળ રોપાયાં હતાં. અહમદિયા અને અલીગઢ ચળવળ, 'સિંગ સભા' અને 'રેહનુમાઈ મઝદેયસન સભા' અનુક્રમે મુસ્લિમ, શીખ અને પારસીનું પ્રતિનિધિત્વ કરતી હતી.

ઉપરના અહેવાલ પરથી નીચેનાં લક્ષણો ફલિત થાય છે :

(1) પ્રત્યેક ચળવળ એક યા બીજી રીતે એક પ્રદેશના સંદર્ભમાં ઊભી થયેલી ચળવળ હતી. બ્રહ્મો સમાજ અને આર્યસમાજની શાખાઓ દેશના જુદા જુદા ભાગોમાં સ્થપાઈ હતી, છતાં તેઓ બીજા ક્યાંય કરતાં, બંગાળ અને પંજાબમાં વધારે જાણીતી હતી.

(2) એ ચળવળો ખાસ ધર્મ અને જ્ઞાતિ પૂરતી સીમિત હતી.

(3) આ ચળવળોનું બીજું એક વધારાનું લક્ષણ હતું કે, તેઓ જુદે જુદે સમયે દેશના જુદા જુદા ભાગોમાં ઊભી થઈ હતી. જેમ કે બંગાળમાં સુધારણાના પ્રયત્નોનો ઉદય 19મી સદીના અંત ભાગમાં થયો હતો. આમ હોવા છતાં, તેમના હેતુઓ અને સમજણોમાં ઘણું સામ્ય હતું. આ બધી ચળવળો સમાજની ઉન્નતિ સાથે સંકળાયેલી હતી આ ઉન્નતિ સામાજિક અને શૈક્ષણિક સુધારા દ્વારા કરવાની હતી. જોકે, તેમની પદ્ધતિઓ ભિન્ન હતી.

## 8.4 સુધારાનો વ્યાપ (Scope of Reforms)

19મી સદીની સુધારક ચળવળો શુદ્ધ ધાર્મિક સ્વરૂપની ન હતી. એ ચળવળો સામાજિક-ધાર્મિક ચળવળો હતી. બંગાળમાં રાજારામ મોહન રોય મહારાષ્ટ્રમાં ગોપાલ હરિ દેશમુખ (લોકહિતવાદી) આંધ્રમાં વીર સલીંગમ જેવા સુધારકોએ ' રાજકીય લાભ અને સામાજિક સુવિધા માટે ' સુધારાનો પક્ષ લીધો હતો. ચળવળના અને તેના નેતાઓના સુધારાના અભિગમને ધાર્મિક અને સામાજિક પ્રશ્નો વચ્ચેના પરસ્પર સંબંધોનાં લક્ષણોથી ઓળખવું જોઈએ. તેમણે ધાર્મિક ખ્યાલોનો ઉપયોગ સામાજિક સંસ્થાઓ અને વ્યવહારોમાં પરિવર્તન લાવવા માટે કર્યો હતો. જેમ કે કેશવચંદ્ર સેન જેવા આગળ પડતા બ્રાહ્મણ નેતાએ સમાજમાંથી સામાજિક ભેદોને નાબૂદ કરવા માટે 'ઈશ્વર પરત્વે એકતા અને માનવજાતના ભ્રાતૃત્વ' નું અર્થઘટન કર્યું હતું.

ચળવળોના કાર્યક્ષેત્રમાં આવતી મુખ્ય સામાજિક સમસ્યાઓ હતી :

- સતી બાળકીને દૂધપીતી કરવાનો રિવાજ, બાળ અને વિધવા લગ્નોના પ્રશ્નો પર સ્ત્રીની મુક્તિ દ્વારા
- જ્ઞાતિવાદ અને અસ્પૃશ્યતા
- સમાજમાં જાગૃતિ લાવવા માટે શિક્ષણ.

ધર્મના ક્ષેત્રમાં મુખ્ય પ્રશ્નો હતા :

- મૂર્તિપૂજા
- બહુદેવવાદ
- ધાર્મિક અંધશ્રદ્ધાઓ
- ધર્મગુરુઓ દ્વારા શોષણ.

## 8.5 સુધારાની પદ્ધતિઓ (Methods of Reform)

સામાજિક ધાર્મિક વ્યવહારોની સુધારણા માટે કેટલીક પદ્ધતિ અપનાવવામાં આવી હતી. તેમાં મુખ્ય ચાર વલણો નીચે મુજબ છે :

### 8.5.1 આંતરિક સુધારા (Sreform from within)

રાજારામમોહન રોયે આંતરિક સુધારા કરવાની પદ્ધતિની શરૂઆત કરી હતી. અને તેનું અનુસરણ સમગ્ર ઓગણીસમી સદી દરમિયાન થતું રહ્યું. પદ્ધતિનાં પક્ષકારો એમ માનતા હતા કે, કોઈ પણ સુધારણાને અસરકારક બનાવવા માટે તે ખુદ સમાજમાંથી જ ઊભી થવો જોઈએ. આના કારણે તેમના પ્રયત્નોનો મુખ્યભાર લોકોમાં જાગૃતિનીભાવનાનું સર્જન કરવાનો હતો. તેમણે એ કાર્ય સિદ્ધ કરવા માટે તેમના વિચારોને પ્રકાશિત કરવાનાઅને જુદી જુદી સામાજિક સમસ્યાઓ ઉપર ચર્ચાનું આયોજન કરવાના પ્રયત્નો કર્યા હતા. સતીપ્રથાની સામે રાજારામ મોહન રોયની ઝુંબેશ, બી. એમ મલબારીના વિધવા પુનર્લગ્ન ઉપરનાં ચોપાનિયાં અને લગ્નની સંમતિવય વધારવાના પ્રયત્નો તેનાં ઉદાહરણો હતાં.

### 8.5.2 કાયદાઓ દ્વારા સુધારા (Reforms through legislation)

બીજું વલણ ધારાકીય દખલગીરીની અસરકારકતાની શ્રદ્ધામાં પ્રદર્શિત થતું હતું. પદ્ધતિમાં માનનારા બંગાળમાં કેશવચંદ્ર સેન, મહારાષ્ટ્રમાં મહાદેવ ગોવિંદ રાનડે અને આંધ્રમાં વીરેસલીંગમ હતા. તેઓ માનતા હતા કે રાજ્યના ટેકા વગર સુધારાના પ્રયત્નો ખરેખર અસરકારક બની ન શકે, તેથી તેમણે સરકારને વિધવા પુનર્લગ્ન, કાયદામાન્ય લગ્ન અને લગ્નની સંમતિવય વધારવાના સુધારાને ધારાકીય મંજૂરી આપવા માટે વિનંતી કરી હતી. અંગ્રેજ સરકારનો સામાજિક સુધારાઓમાંનો રસ તેમની સંકુચિત રાજકીય આર્થિક ગણતરીઓ સાથે સંકળાયેલો હતો અને તેથી જો તેમના હેતુઓ પર વિપરીત અસર ન થતી હોય તો જ તેઓ તેમાં ડખલગીરી કરવા ઇચ્છતા તેવું સમજવામાં સુધારાવાદીઓ નિષ્ફળ ગયા હતા. સંસ્થાનવાદી સમાજમાં ધારાઓ પરિવર્તનનું મર્યાદિત સાધન બની રહે છે, કારણ કે લોકોની સંમતિ એમાં હોતી નથી, એ બાબત પણ તેઓ સમજી શક્યા ન હતા.

### 8.5.3 પરિવર્તનનાં પ્રતીકો દ્વારા સુધારા (Refrom through symbol of change)

ત્રીજું વલણ કોઈ પણ પ્રણાલી સાથે જોડાયા વિના પ્રતીકો ઊભાં કરનારા વ્યક્તિગત કાર્યો સાથે સંકળાયેલું છે. આ વલણ 'ડેરીઝીઓન્સ' અથવા 'યુવા બંગાળ' પૂરતું મર્યાદિત હતું. આમાં સુધારક ચળવળોમાં એક તદ્દન અલગ પ્રવાહ જોવા મળે છે. એ સમૂહનો અગ્રણીઓમાં દક્ષિણારંજન મુખરજી, રામ ગોપાલ ઘોષ અને કૃષ્ણ મોહન બેનરજી હતા. તેઓ પરંપરાનાં અસ્વીકાર કરવો અને સ્વીકાર્ય સમાજધોરણોની સામે બળવો કરવામાં માનનારા હતા. તેઓ પાશ્ચાત્ય પ્રભાવમાંથી ઊભા થયેલા નવા વિચારોની ભારે અસર હેઠળ હતા. સામાજિક સમસ્યાઓ પરત્વેનું તેમનું વલણ નિર્વિવાદ રીતે તાર્કિક હતું. તે સમૂહનો તાર્કિક મિજાજ રજૂ કરતા રામ ગોપાલ ઘોષે જાહેર કર્યું હતું "જે વિચારતો નથી તે મતાગ્રહી છે, મૂર્ખ છે અને ગુલામ છે." તેઓ હિંદી

સમાજની સાંસ્કૃતિક પરંપરાઓને સમજી શક્યા ન હતા, તે આ પદ્ધતિની મુખ્ય નબળાઈ હતી, અને તેથી બંગાળમાં ઉદય પામતો નવો મધ્યમ વર્ગ, આ બિનરૂઢિચુસ્ત વલણને સ્વીકારી શક્યો ન હતો.

### 8.5.4 સામાજિક કાર્ય દ્વારા સુધારા (Reform through social work)

ચોથું વલણ સામાજિક કાર્ય દ્વારા સમાજ સુધારણાનું હતું. તેથી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પ્રવૃતિઓ પરથી આ સ્પષ્ટ થાય છે કે જો સામાજિક કાર્યના ટેકા વગરના માત્ર બુદ્ધિગમ્ય પ્રયત્નો કરવામાં આવે તેની શું મર્યાદાઓ હોય એ વિશે તેમની સ્પષ્ટ સમજણ હતી, જેમ કે વિદ્યાસાગર વિધવા પુનર્વિવાહની હિમાયત કરવામાં માત્ર પ્રવચનો અને વિચારોના પ્રકાશનથી તેમને સંતોષ ન હતો. આધુનિક સમયના દેશના કદાચ તેઓ સૌથી મહાન માનવતાવાદી હતા. તેમણે પોતાની જાતને વિધવાપુનર્લગ્નના પ્રશ્ન પરત્વે એકાકાર કરી દીધી હતી. તેમણે આ માટે પોતાનું જીવન, શક્તિ અને નાણાં વાપર્યાં હતાં.

આ બધું કરવા છતાં તેઓ થોડાક વિધવા પુનર્વિવાહો જ કરાવી શક્યા હતા. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર વ્યવહારમાં ખાસ કશું સિદ્ધ કરી શક્યા ન હતા. એ સૂચવે છે કે સંસ્થાનવાદી હિંદમાં સામાજિક સુધારાના પ્રયત્નોની ઘણી મર્યાદાઓ હતી.

આર્યસમાજ અને રામકૃષ્ણ મિશને પણ સામાજિક કાર્ય હાથ ધર્યું હતું. તે દ્વારા તેઓ સુધારણા અને **નવજાગૃતિ**ના વિચારોનો પ્રસાર કરવા માગતા હતા. સમાજના સમગ્ર માળખાના સંદર્ભમાં સામાજિક અને **બૌદ્ધિક** સ્તરો અતૂટ રીતે સંકળાયેલા છે, એ હકીકત સંપૂર્ણ રીતે તેઓ સમજી શક્યા નહિ તે તેમની મર્યાદા હતી. પ્રવર્તમાન માળખાના અવરોધો, સામાજિક અને સાંસ્કૃતિક સ્તર ઉપરના નવજાગૃતિના પ્રયત્નોની મર્યાદાની ઉપર જવામાં આડે આવતા હતા. બીજી સુધારક ચળવળો સાથે તેની તુલના કરીએ તો તે સંસ્થાનવાદી રાજ્યની દખલગીરી પર આધાર રાખતી હતી, અને તેઓ સામાજિક કાર્યના વિચારનો એક સંપ્રદાય તરીકે વિકાસ કરવા માગતા હતા.

**તમારી પ્રગતિ ચકાસો-ક**

1. નીચેનાં વિધાનો વાંચો અને તે સાચાં (✓) કે ખોટાં (X) છે તે ચિહ્ન દર્શાવો.

   (ક) 19મી સદીની સુધારક ચળવળો સંપૂર્ણપણે ધાર્મિક હતી.

   (ખ) એક જ સમયે વિવિધ સુધારક ચળવળોનો, વિવિધ સ્થળોએ ઉદ્ભવ થયો હતો.

   (ગ) આ સુધારક ચળવળનો પ્રારંભ બંગાળમાં થયો હતો.

   (ઘ) 'યુવા બંગાળ' સુધારક ચળવળમાં તદ્દન અલગ પ્રવાહ દર્શાવે છે.

2. 19મી સદીમાં દેશના વિવિધ ભાગોમાં હાથ ધરાયેલી વિવિધ સુધારક ચળવળોનાં નામો આપો.

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

3. 19મી સદીના સુધારકોએ સુધારણા માટે અપનાવેલી કઈ વિવિધ પદ્ધતિઓ હતી ? જવાબ અલગ .. કાગળ પર લખો.

## 8.6 ખ્યાલો (Ideas)

બે મહત્ત્વના વિચારોએ નેતાઓ અને ચળવળો ઉપર અસર કરી હતી : બુદ્ધિવાદ અને ધાર્મિક વૈશ્વિકતાવાદ.

### 8.6.1 બુદ્ધિવાદ (Rationalism)

19મી સદીના સુધારાઓનાં લક્ષણો છે સામાજિક-ધાર્મિક વાસ્તવિકતાનું વિવેકતાવાદીઓનું વિવેચન. પ્રારંભના બ્રહ્મોસમાજ સુધારકો અને 'યુવા બંગાળ'ના સભ્યોએ સામાજિક-ધાર્મિક પ્રશ્નો પરત્વે ખૂબ ઊંચું વિવેકવાદી વલણ દાખવ્યું હતું. બિનસમાધાનકારી બુદ્ધિવાદી એવા અક્ષયકુમાર દત્ત દલીલ કરતા કે, બધી કુદરતી અને સામાજિક ઘટનાઓનું વિશ્લેષણ અને સમજણ, આપણી બુદ્ધિ દ્વારા મેળવી શકાય. બુદ્ધિએ શ્રદ્ધાનું સ્થાન લેવાનું છે અને સામાજિક ઉપયોગિતાના દૃષ્ટિકોણથી સામાજિક-ધાર્મિક વ્યવહારોનું મૂલ્યાંકન થવું જોઈએ. બ્રહ્મોસમાજની બૌદ્ધિક સમજણે વેદો, સત્યતાનો પ્રચાર કરાવડાવ્યો. અને અલીગઢ ચળવળમાં સર સૈયદ અહમદખાને આધુનિક યુગની જરૂરિયાતો અને માંગના સંદર્ભમાં ઇસ્લામના ઉપદેશનું અર્થઘટન કરવાનો પ્રયત્ન કર્યો હતો. ધાર્મિક સિદ્ધાંતો અફર નથી, તેવું તેઓ માનતા હતા. તેમણે સમાજનો વિકાસ સિદ્ધ કરવામાં ધર્મની ભૂમિકા મદદરૂપ થઈ શકે છે એ બાબત ઉપર ભાર મૂક્યો હતો. જો ધર્મ સમય અને સમાજની માગ સાથે કદમ મિલાવી ન શકે તો હિંદમાં ઇસ્લામનું થયું તે રીતે, એ એક નકામી ચીજ બની જશે.

એ સુધારકોએ શાસ્ત્ર સંમતિ ઉપર ભાર આપ્યો હોવા છતાં. રાજા રામ મોહનરોયની સતીપ્રથા નાબૂદી માટેની અને વિદ્યાસાગરની વિધવા પુનર્વિવાહ માટેની દલીલો શાસ્ત્રસંમતિ પર આધારિત ન હતી. સામાજિક સુધારાઓને હંમેશાં ધાર્મિક ગણતરીઓ હેઠળ જોવામાં આવતા ન હતા. પ્રવર્તમાન સામાજિક વ્યવહારોના વિકલ્પ તરીકે બૌદ્ધિક અને બિનસાંપ્રદાયિક અભિગમ ખૂબ સ્પષ્ટ રીતે દેખાતો હતો. વિધવા પુનર્વિવાહનો આગ્રહ અને બહુપત્નીત્વ અને બાળલગ્નપ્રથાનો વિરોધનો પક્ષ લેતા અક્ષયકુમારને આ માટે કોઈ ધાર્મિક સંમતિની કે ભૂતકાળમાં તેનું અસ્તિત્વ હતું કે કેમ તેની સાથે કોઈ લેવા દેવા નથી. તેમની દલીલો મુખ્યત્વે આ બધાની સમાજ ઉપરની દેખીતી અસરો ઉપર આધારિત હતી. ધર્મશાસ્ત્રો પર આધાર રાખવાને બદલે તેમણે બાળલગ્ન માટેનો તબીબી મત રજૂ કર્યો હતો.

બીજા પ્રદેશોની સરખામણીમાં મહારાષ્ટ્રમાં ધર્મ ઉપરનું અવલંબન ઓછું હતું. ગોપાલ હરિદેશમુખની દૃષ્ટિએ સામાજિક સુધારણા માટે ધર્મની સંમતિનું કોઈ મહત્ત્વ ન હતું. જો ધર્મ એ અંગે સંમતિ આપતો ન હોય તો તેમણે ખુદ ધર્મમાં પરિવર્તન લાવવાની વાત રજૂ કરી હતી. તેમના મતે ધર્મશાસ્ત્રોમાં જે રજૂ કરવામાં આવ્યું હોય તેની દરેક કાળે પ્રસ્તુતતા ધરાવતું જ હોય એવું નથી.

### 8.6.2 વૈશ્વિકતાવાદ (Universalism)

ઓગણીસમી સદીનો એક મહત્ત્વનો વિચાર વૈશ્વિકતાવાદ છે. એટલે કે ઈશ્વર તરફની એકતા અંગેની માન્યતા છે. ધર્મ ઉપર જે ભાર આપવામાં આવે તે પણ એ અર્થમાં. રામ મોહનરોયે વિવિધ ધર્મોને એક જ વૈશ્વિક શ્રદ્ધાના, રાષ્ટ્રીય આવિષ્કરણરૂપે જોયા હતા. પ્રારંભમાં તેમણે બ્રહ્મોસમાજને વૈશ્વિક ચર્ચાના સ્વરૂપમાં જોયો હતો. તેઓ ધર્મના પાયાના અને વૈશ્વિક સિદ્ધાંતનો બચાવ કરતા હતા. એ સાથે તેમણે હિંદુ ધર્મના બહુદેવવાદ અને ખ્રિસ્તી ધર્મના ત્રયવાદની આલોચના કરી હતી. સૈયદ અહેમદખાને લગભગ એ જ વિચારનો પડઘો પાડ્યો હતો- "બધા પયગંબરો પાસે સરખી દીન (શ્રદ્ધા) હોય છે અને દરેક દેશ અને રાષ્ટ્રને વિવિધ પયગંબરો હોય છે આ સમજણનું સ્પષ્ટ આવિષ્કરણ આપણને કેશવચંદ્ર સેનમાં જોવા મળે છે. તેમણે બ્રહ્મોસમૂહથી જુદા પડવા માટે બધા મુખ્ય ધર્મોનું સંયોજન કર્યું હતું. તેમણે જુદા પડી 'નવ વિધાન' ઊભું કર્યું હતું. આપણી પરિસ્થિતિ એવી નથી કે સત્યનું શોધન ધર્મમાં કરવામાં આવે, પરંતુ વિશ્વના બધા સ્થાપિત ધર્મો સત્ય છે."

વૈશ્વિકતાનો દૃષ્ટિકોણ સંપૂર્ણપણે દાર્શનિક બાબત નથી; તેનો રાજકીય અને સામાજિક દૃષ્ટિકોણ પર સબળ પ્રભાવ પડ્યો છે. સુધારકોએ વૈશ્વિકતા પર આપેલો ભાર વિશિષ્ટ વલણ જણાય છે. વૈશ્વિકતાવાદ સામે સંસ્થાનવાદી સંસ્કૃતિ અને વિચારસરણીએ પડકાર ઊભો કર્યો હતો. પરંતુ, વૈશ્વિક્તાવાદ એક વિકાસશીલ, વ્યાપક, બિનસાંપ્રદાયિક ભાવના ઊભી કરવાને બદલે ધાર્મિક વિશિષ્ટતામાં પીછેહઠ કરી ગયો.

## 8.7 મહત્ત્વ (Significance)

આધુનિક હિંદના વિકાસમાં ઓગણીસમી સદીની સુધારક ચળવળોનું મહત્ત્વનું પ્રદાન છે. તેમને કારણે સમાજમાં લોકશાહી ઊભી થવાની હતી, અંધશ્રદ્ધા અને ઘૃણાસ્પદ પ્રણાલિકાઓ નાબૂદ થવાની હતી, પ્રબુદ્ધતાના પ્રસાર અને વિવેક તેમ જ આધુનિક દૃષ્ટિકોણનો વિકાસ થવાનો હતો. મુસ્લિમોમાં અલીગઢ અને અહેમદિયા ચળવળો એ વિચારોની મશાલચીરૂપ હતી. કાદિઅનના મિરઝા ગુલામ અહમદની પ્રેરણાને કારણે 1890માં અહમેદિયા ચળવળે નિશ્ચિત સ્વરૂપ ધારણ કર્યું હતું. તેમણે જેહાદનો વિરોધ કર્યો હતો, લોકોમાં ભ્રાતૃભાવવાળા સંબંધો વિકસાવવાની હિમાયત કરી હતી. અને તેમણે પાશ્ચાત્ય ઉદાર વિચારોને આગળ કર્યા હતા. અલીગઢ ચળવળે મુસ્લિમોમાં નવું સામાજિક વાતાવરણ ઊભું કરવાનો પ્રયત્ન કર્યો હતો. તેમણે બહુપત્ની પ્રથાનો વિરોધ કર્યો હતો અને વિધવા પુનર્વિવાહનો પક્ષ લીધો હતો. તેમણે કુરાનના ઉદાર અર્થઘટન અને પ્રાશ્ચાત્ય શિક્ષણના પ્રસાર માટે પુરુષાર્થ કર્યો હતો.

હિંદુ સમાજમાં સુધારક ચળવળોએ સંખ્યાબંધ સામાજિક અને ધાર્મિક દૂષણોને વખોડી કાઢ્યાં હતાં. એ ચળવળોએ જે બહુદેવવાદ અને વ્યક્તિત્વ કે આધ્યાત્મિકતાના વિકાસને નકારનારી મૂર્તિપૂજા અને લોકોમાં યોગના આદેશોના પાલનની ટેવ પાડનારા ધાર્મિક નેતાઓની ભારે ટીકા કરી હતી. જ્ઞાતિ સામેનો વિરોધ માત્ર નૈતિક અને વ્યવહારિક સિદ્ધાંતોની દૃષ્ટિએ જ નહિ, પરંતુ જ્ઞાતિએ સામાજિક ભેદો ઊભા કર્યા હતા તે માટે પણ હતો. પ્રારંભની બ્રહ્મોસમાજની ચળવળમાં જ્ઞાતિવાદ-વિરોધી લાગણી માત્ર સૈદ્ધાંતિક અને મર્યાદિત સ્તર પર અસ્તિત્વમાં હતી. પરંતુ આર્યસમાજ, પ્રાર્થનાસમાજ અને રામકૃષ્ણ મિશન જેવી ચળવળોએ જ્ઞાતિપદ્ધતિની પ્રખર ટીકાકાર બની હતી. નીચલી જ્ઞાતિઓમાં ઊભી થયેલી ચળવળોએ આથી પણ વધુ જ્ઞાતિ પદ્ધતિની ટીકા કરી હતી. તેમણે અસંદિગ્ધ રીતે જ્ઞાતિપ્રથાની નાબૂદીની હિમાયત કરી હતી. જ્યોતિબા ફુલે અને નારાયણ ગુરુએ શરૂ કરેલી ચળવળોમાં આ દેખાવ છે. નારાયણ ગુરુએ માનવજાત માટે એક ઈશ્વર અને એક જ્ઞાતિનો નારો આપ્યો હતો.

સમાજની પ્રગતિની શોધના ભાગરૂપે સ્ત્રીઓની સ્થિતિને સુધારવાની ઝંખના તેમાં દેખાતી હતી, અને એ રીતે, એ માત્ર માનવતાવાદી કાર્ય ન હતું. કેશવચંદ્ર સેને આ લાગણીને વાચા આપી હતી : "જેની નારી અજ્ઞાનમાં ડૂબી હોય, તેવા પૃથ્વી પરના કોઈ પણ દેશમાં, સંસ્કૃતિનો પૂરો વિકાસ થઈ શકતો નથી."

એ ચળવળોમાં પ્રવર્તમાન મૂલ્યોમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન દેખાય છે. એક યા બીજી રીતે સામંતશાહી સમાજના નેતાગીરીનાં મૂલ્યોમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ હતો, અને મધ્યમ વર્ગીય વ્યવસ્થાનાં લક્ષણોને લાવવાની મથામણ હતી.

## 8.8 નબળાઈઓ અને મર્યાદાઓ (Weaknesses and Limitations)

જોકે 19મી સદીની સુધારક ચળવળોનો હેતુ, દેશના જુદા જુદા ભાગોના લોકોની સામાજિક, શૈક્ષણિક અને નૈતિક પરિસ્થિતિઓ અને તેમની ટેવોમાંથી મુક્ત કરવાનો હતો. પણ એમની કેટલી નબળાઈ અને મર્યાદાઓ હતી. મુખ્યત્વે, એ શહેરી ઘટનાઓ હતી. તેમાં આર્યસમાજ અપવાદરૂપ હતો. નીચલી જ્ઞાતિઓની ચળવળોની વ્યાપક અસરો હતી. પણ એ અપવાદ રૂપ હતી. સમગ્ર રીતે જોતાં ચળવળો ઉપલી જ્ઞાતિઓ અને વર્ગો પૂરતી મર્યાદિત હતી. જેમ કે બંગાળમાં બ્રહ્મોસમાજને ભદ્રલોકની સમસ્યાઓ સાથે લેવાદેવા હતી અને અલીગઢ ચળવળને મુસ્લિમ ઉચ્ચ વર્ગો સાથે નિસ્બત હતી. સમાજના મોટા ભાગ ઉપર સામાન્ય રીતે અસર થઈ ન હતી.

બીજી મર્યાદા અંગ્રેજોના શાસનનાં લક્ષણો પરત્વેની અને તેની હિંદના સંદર્ભમાં ભૂમિકા પરત્વેની સુધારકોની સમજણમાં રહેલી હતી. તેઓ ખૂબ જ ભ્રમણાથી માનતા કે અંગ્રેજોનું શાસન ઈશ્વરદત્ત-સદ્ભાગ્ય હતું અને તે હિંદને આધુનિકતા તરફ લઈ જશે એવી તેમની ભ્રમણા હતી. તેમનો આદર્શ 19 મી સદીના બ્રિટન જેવા ઇષ્ટ સમાજનો હોઈ, હિંદને બ્રિટન જેવું બનાવવા માટે અંગ્રેજોનું શાસન જરૂરી હતું, એમ તેમને લાગતું હતું. જોકે, તેઓ હિંદી સમાજના સામાજિક-ધાર્મિક પાસાંઓને બરાબર સમજી શક્યા હતા, અને આમ અંગ્રેજોનું શાસન, મૂળે શોષણકર્તા હતું. એ હકીકત સમજવાનું સુધારકો ચૂકી ગયા હતા.

**તમારી પ્રગતિ ચકાસો-ખ**

1. નીચેના વિશે પાંચ લીટી લખો :

   (અ) બુદ્ધિવાદ

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   (બ) ધાર્મિક વૈશ્વિકતાવાદ

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

2. નીચેનાં વિધાનો કાળજીપૂર્વક વાંચો અને ખરું (✓) કે ખોટું (X) ચિહ્ન દર્શાવો.

   (અ) હિંદની સામાજિક-ધાર્મિક વાસ્તવિકતા પરત્વેની સુધારકોની આલોચના વિવેકવાદ વિહોણી હતી.

   (બ) વૈશ્વિકતાવાદ ધાર્મિક વિશિષ્ટતાવાદથી અલગ રહી શક્યો હતો.

   (ક) અલીગઢ ચળવળે બહુપત્નીત્વ પ્રથાનો વિરોધ કર્યો હતો.

   (ડ) મોટા ભાગની સુધારક ચળવળોનો પ્રભાવ, ઉપલી જ્ઞાતિ અને વર્ગ પૂરતો મર્યાદિત રહ્યો હતો.

## 8.9 સારાંશ

19મી સદીના સુધારકોએ બે પ્રકારનું કાર્ય ઉપાડ્યું હતું. હિંદી સમાજની આલોચના કરવામાં આવી હતી. જ્ઞાતિ જેવી સંસ્થા સતીપ્રથા, વૈધવ્ય, બાળલગ્ન પ્રથા જેવા પર આકરા પ્રહારો કરવામાં આવ્યા. અંધશ્રદ્ધા અને ધાર્મિક અસ્પષ્ટતાની ઝાટકણી કાઢવામાં આવી હતી.

હિંદી સમાજના આધુનિકીકરણનો પ્રયાસ થયો હતો અને તર્ક, બુદ્ધિવાદ અને સહિષ્ણુતા માટે અપીલ કરવામાં આવી હતી. તેમની પ્રવૃત્તિઓનું ક્ષેત્ર માત્ર ધર્મ પૂરતું સીમિત ન હતું પરંતુ તેમાં સમગ્ર સમાજનો સમાવેશ થતો હતો. જોકે તેમણે વિવિધ રીતો શોધી હતી અને સમય જતાં તેઓ વિખૂટા પણ પડ્યા હતા. આમ છતાં તેમણે દૃષ્ટિકોણ અને હેતુઓના સંદર્ભમાં નોંધપાત્ર એકતા દાખવી હતી. તેમણે વિકાસશીલ હિંદનું દર્શન આપ્યું હતું અને ક્રમશઃ આ દર્શન હિંદની રાષ્ટ્રીય ચળવળમાં સમાઈ ગયું હતું.

## 8.10 ચાવીરૂપ શબ્દો (Key Words)

**પુનરુત્થાનવાદ :** ભૂતકાળને પુનર્જીવિત અને ગૌરવાન્વિત કરવો.

**અવનતિ :** પછાતપણું

**એકેશ્વરવાદ :** એક ઈશ્વરમાં માન્યતા

**જેહાદ :** નાસ્તિકો સામે ધાર્મિક યુદ્ધ

**બહુદેવવાદ :** અનેક દેવોમાં માન્યતા

**ત્રયવાદ :** ખ્રિસ્તી ધર્મના ત્રયવાદમાં માન્યતા, એટલે કે પિતા, પુત્ર અને એક ઈશ્વરમાં રહેલ પવિત્ર આત્માની એકતા.

**દૂધપીતીનો રિવાજ :** નવજાત બાળકીની હત્યા.

**મૂર્તિપૂજા :** મૂર્તિને પૂજવાની પ્રથા

**સતી :** વિધવા તેના મૃત પતિની ચિતા પર ચડીને બળી મરે તેવી પ્રથા. પતિ સાથે વિધવાનો પણ અગ્નિ-સંસ્કાર થાય તેવી પ્રથા.

**સંમતિવયનો ખરડો :** છોકરીની લગ્નની ઉંમર 12 વર્ષ સુધી વધારવી. આ ખરડાનો વિરોધ ટિળક સહિત કૉંગ્રેસના કેટલાક સભ્યોએ કર્યો હતો.

## 8.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો-ક**

1. (ક) X (ખ) X (ગ) ✓ (ઘ) ✓
2. વિભાગ 8.3 જુઓ
3. વિભાગ 8.3 જુઓ અને તમારા ઉત્તરો લખો

**તમારી પ્રગતિને તપાસો - ખ**

1. 8.6.1 અને 8.6.2ના પેટા વિભાગને જુઓ.
2. (ક) ✓ (ખ) X (ગ) ✓ (ઘ) ✓

# એકમ 9 હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસની રચના (Indian National Congress : Formation)

**રૂપરેખા**


9.0 ઉદ્દેશો
9.1 પ્રસ્તાવના
9.2 સામાજિક વાતાવરણ
  9.2.1 નવા નેતાઓ
  9.2.2 કલા અને સાહિત્ય
  9.2.3 સમાચારપત્રો અને સામયિકો
9.3 1885 પૂર્વેનાં રાજકીય સંગઠનો
9.4 સામ્રાજ્યવાદી પ્રતિભાવ
  9.4.1 લિટન
  9.4.2 રિપન
9.5 શિક્ષિત હિંદીઓની ભૂમિકા
9.6 કૉંગ્રેસની સ્થાપના
  9.6.1 પ્રથમ સભા
  9.6.2 પ્રમુખનું પ્રવચન
  9.6.3 ભાગીદારી
  9.6.4 કાર્યવાહી અને ઠરાવો
9.7 કૉંગ્રેસના ઉદ્ભવ અંગેના વિવાદો
  9.7.1 શાસકીય કાવતરાનો સિદ્ધાંત
  9.7.2 હિંદના અગ્ર વર્ગની મહત્ત્વાકાંક્ષાઓ અને સ્પર્ધાઓ
  9.7.3 અખિલ હિંદી સંસ્થાની જરૂર
9.8 સારાંશ
9.9 ચાવીરૂપ શબ્દો
9.10 'તમારી પ્રગતિ ચકાસો' જવાબો


## 9.0 ઉદ્દેશો

આગલા એકમમાં, ઓગણીસમી સદીમાં, આધુનિક વિચારોનાં ઘડતર અને પ્રસાર કેવી રીતે થયાં અ કારણે, બૌદ્ધિક જાગૃતિ આવી તે જોયું આધુનિક હિંદના ઇતિહાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર હિંદી કૉંગ્રેસની સ્થાપના એ મુખ્ય પરિણામ હતું. આ એકમમાં કૉંગ્રેસની પૂર્વભૂમિકા અને રચનાનાં પરિ પ્રકાશ નાંખીશું. આ એકમ વાંચ્યા પછી તમે :

- જે વાતાવરણમાં હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થાપના થઈ તે સમજી શકશો.
- તેની રચનામાં શિક્ષિત હિંદીઓએ ભજવેલી ભૂમિકાને સમજી શકશો.
- કૉંગ્રેસની પ્રથમ સભા અંગે કેટલીક માહિતી મેળવશો.
- કૉંગ્રેસના ઉદ્ભવ સાથે સંકળાયેલા કેટલાક વિવાદોથી પરિચિત થશો.

## 9.1 પ્રસ્તાવના

ડિસેમ્બર 25ના 1885 સોમવારે મુંબઈમાં ગોકુલદાસ તેજપાલ સંસ્કૃત વિદ્યાલયના સભાખંડમાં 72 મહ એકઠા થયા હતા. તેઓ હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસની ઉદ્ઘાટન બેઠકમાં ભાગ લઈ રહ્યા હતા. અંગ્રેજોના ધૂંસરીમાંથી મુક્તિ મેળવવા માટેની હિંદની લડતમાં આ સંસ્થાએ અગ્રણી ભૂમિકા ભજવી હતી.

દેશમાં સંસ્થાનવાદી શાસન કેવી રીતે સ્થપાયું તે વિશે તમને સમજાવવામાં આવ્યું છે. ઉપરાંત હિંદમાં ચેતનાની જાગૃતિ માટે જવાબદાર પરિબળો વિશે પણ કહેવામાં આવ્યું છે. આ એકમમાં હિંદમાં ચેતનાના પ્રસાર દ્વારા હિંદની રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થાપના કેવી રીતે થઈ તે દર્શાવવામાં આવ્યું છે. એકમને આ એકમ તાર્કિક રીતે અનુસરે છે.

## સામાજિક વાતાવરણ (Milieu)

ગ્રેજોનો પ્રવેશ હિંદમાં વધતો ગયો તેમ, લોકોમાં એક પ્રકારનો રોષ વધતો ગયો. તેમની આર્થિક ઓ માટે નવા શાસકો જવાબદાર હતા તેવી તેમની ભાવના હતી. તેમને પોતાના જ દેશમાં નીચા ાં આવતા હતા અન તેમની જીવવાની રીત જ ભયમાં હતી. તેમના વિકાસ માટેની પ્રાપ્ય તકો અપૂરતી ેવું તેમને લાગતું હતું. સામાજિક અને આર્થિક ક્રમમાં નીચલા સ્તરનો રોષ વિસ્ફોટક આંદોલનમાં . થતો હતો. 1857નો મહાન બળવો, એક રીતે કહીએ તો, દેશના જુદા, જુદા ભાગોમાં, લોકોના સંચિત અસંતોષનો વિસ્ફોટ હતો.

### નવા નેતાઓ (New Leaders)

.વાની નિષ્ફળતાએ વિરોધની પરંપરાગત પદ્ધતિની ખામીઓ પ્રદર્શિત કરી હતી. તેણે એ પણ બતાવ્યું જૂનો અમીર વર્ગ હિંદના સમાજનો તારણહાર બની શકે તેમ ન હતો. અંગ્રેજી શિક્ષણ પામેલો મધ્યમ .વિષ્યની આશા જેવો લાગતો હતો. આ વર્ગે ચલાવેલી ઝુંબેશો સંપૂર્ણપણે જુદાં લક્ષણો ધરાવતી હતી. 3માં આપેલી વિગતો તમે જોઈ ગયાં છો. એના પરથી તમને સમજાયું હશે કે આ વર્ગ અંગ્રેજો સાથેના l હિંદને થનારા, લાભો પરત્વે જાગૃત હતો. આ સમયના યુરોપના ઉદારવાદી વિચારોથી પણ તેઓ ત હતા. ઉપરાંત તેમનામાં દેશના ભવ્ય ભૂતકાળ પરત્વે ગૌરવની લાગણી હતી. પરદેશી શાસન વિક રીતે હિંદના લોકોની ન્યાયી આશાઓ અને એષણાઓને પૂરી કરવાનો વિરોધ કરનાર છે, તેવું ;મશઃ સમજતા થયા. હિંદના જુદા જુદા ભાગોમાં વસતા લોકોની હિતોની સભાનતા વધતી જતી હતી. ત કરનારા શાસકો તરફ તેઓ ધ્યાન આપે તો, તેઓ તેમની મુશ્કેલીઓ દૂર કરી શકે તેવું શિક્ષિત l થોડા સમય માટે માનતા હતા. તેથી, પ્રારંભમાં મધ્યમ વર્ગની ઝુંબેશ તેમની કેટલીક વિશિષ્ટ રાજકીય ાર્થિક મુશ્કેલીઓ અને માગણીને ખુલ્લી રીતે રજૂ કરવા માટે હતી. થોડા સમય પછી એ તબક્કો પણ થઈ જવાનો હતો.

### ! કલા અને સાહિત્ય (Art and Literature)

ાય દરમિયાન, રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રપ્રેમના વિચારો, ગીતો, કાવ્યો અને નાટકોનાં લોકપ્રિય સ્વરૂપો દ્વારા યક્ત થતા હતા. 1867 પછી બંગાળી નેતાઓના એક સમૂહે, હિંદુ મેળા માટે ઘણાં ગીતોની રચના કરી આ પાછળનો હેતુ રાષ્ટ્રવાદી વિચારોનો પ્રચાર કરવાનો અને દેશના કલા અને કારીગરીને વિકસાવવાનો એ પ્રક્રિયામાં લોકોની ખરાબ થતી જતી આર્થિક સ્થિતિ માટે અંગ્રેજોની નીતિઓની ટીકા કરવામાં l. સ્વદેશી માલ વાપરવાની જરૂરિયાત પર ભાર અપાતો હતો. આ વિચારો કેટલાંક નાટકોમાં પણ રજૂ કતા. લગભગ 1860માં 'નીલદર્પણ' (જુઓ, એકમ 7, વિભાગ 7.5.1) નામના લોકપ્રિય બનેલા માં ગળીનાં ખેતરાના માલિકોએ કરેલા અત્યાચારોને રજૂ કરવામાં આવ્યા હતા. એ સંદર્ભમાં સૌથી .નું નામ બંકિમચંદ્ર ચેટરજીનું હતું. તેમણે શાસકોના જુલ્મો વિશે ઐતિહાસિક નવલકથાઓ લખી હતી. સૌથી પ્રસિદ્ધ કૃતિ 'આનંદ મઠ' (1882) છે. એ કૃતિમાં નવલકથા પ્રગટ થયાનાં થોડાં વર્ષો ઉપર લું (1875) અમર ગીત 'વંદે માતરમ્' પણ હતું. આવી રાષ્ટ્રપ્રેમની ભાવના, બીજી ભાષાઓના યમાં પણ જોવા મળે છે. આધુનિક હિંદના પિતા ગણાતા ભારતેન્દુ હરિશ્ચંદ્રે તેમનાં નાટકો, કાવ્યો અને રત્વનાં લખાણોમાં સ્વદેશી ચીજવસ્તુઓના ઉપયોગ હિંદી વિચાર રજૂ કર્યો હતો. તેવાં વલણો મરાઠી યમાં પણ જોવા મળે છે. મરાઠીમાં 1818-1827 ત્રણ અને 1855-1896 દરમિયાન 3,2,84 પ્રકાશનો મળે છે.

### 3 સમાચારપત્રો અને સામયિકો (Newspapers and Journals)

ાારપત્રો અને સામયિકોએ સંસ્થાનવાદી વહીવટના અતિરેકો અને અન્યાયો સામે અને દેશના રાષ્ટ્રીય l તરફેણમાં લોકમત ઊભો કરવામાં પ્રશંસનીય ભૂમિકા ભજવી હતી. એ સમયે કેટલાક અંગ્રેજી ભાષામાં ાતાં પ્રખ્યાત પત્રોમાં કલકત્તાથી પ્રકાશિત થતાં, 'અમૃતબજાર પત્રિકા', 'હિંદુ પેટ્રીઓટ', અને 'સોમપ્રકાશ' મુંબઈથી 'ઇંદુપ્રકાશ' અને 'નેટીવ ઓપિનિયન' તેમ જ મદ્રાસમાંથી 'ધ હિન્દુ' પ્રકાશિત થતાં હતાં. ાાં પ્રકાશિત થતાં કેટલાંક મહત્ત્વનાં પત્રોમાં 'હિંદુસ્તાન' 'ભારતમિત્ર' અને 'જગતમિત્ર' હતાં. પ્રખ્યાત ર્તમાન પત્રોમાં 'જામ-ઈ-જહાન-નુમા' અને 'ખુશદિલ' હતાં

.ક સમકાલીન સમજુ અંગ્રેજ નિરીક્ષકોને વધતી જતી રાજકીય જાગૃતિ અને એકતાની લાગણીનાં ચિહ્નો પડતાં હતાં. જેમ કે 1878માં વરાડના કમિશનર ડબલ્યું. બી. જોન્સે હિંદી સરકારને લખ્યું હતું.

ષ્ટ્રીયતાની લાગણી પહેલાં ખૂબ ઝાંખા સ્વરૂપમાં હતી તે હવે દૃઢ થતી જોવા મળે છે. એવાં મારાં વીસ ં સંસ્મરણ છે. હવે કોઈ એક પ્રાંતની વસ્તીનો નહિ, પણ સહૃદયતા અને પરસ્પર સંબંધથી સંકળાયેલા 20 લોકોનો સામનો કરવાનો છે. આ લોકોને આપણે જ તૈયાર કર્યા છે અને પોષ્યા છે. મને આ, આજની રાજકીય વાસ્તવિકતા જણાય છે."

**તમારી પ્રગતિ ચકાસો - ક**

1 તમે જે અવતરણ વાંચ્યું તેમાં આજની કઈ મહાન વાસ્તવિકતાનું વર્ણન કરવામાં આવ્યું છે ?

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

2. સમાચારપત્રના નામને તેના પ્રકાશન સ્થળ સાથે મેળવો.

| | |
|---|---|
| (ક) હિંદુ પેટ્રીઓટ | (ક) મુંબઈ |
| (ખ) નેટિવ ઓપિનિયન | (ખ) મદ્રાસ |
| (ગ) હિંદુ | (ગ) કલકત્તા |

3. નીચેનાં વિધાનો વાંચો અને ખરાં (✓) કે ખોટાં (X) દર્શાવો.

(ક) પરંપરાગત વિરોધની પદ્ધતિઓ સફળ થઈ શકે તેમ હતી તેવું 1857ના બળવાએ છતું કર્યું

(ખ) એ સમય દરમિયાન ગીતો, કાવ્યો અને નાટકોએ રાષ્ટ્રવાદના વિચારોને લોકપ્રિય બનાવવામાં મદદ કરી હતી.

(ગ) ભારતેન્દુ હરિશ્ચંદ્રે સ્વદેશી ચીજવસ્તુઓમાં ઉપયોગ માટે અપીલ કરી હતી.

(ઘ) એ સમય દરમિયાન સામ્રાજ્યવાદી વિચારોના પ્રસારમાં વર્તમાનપત્રો અને સામયિકોએ મદદ કરી હતી.

## 9.3 1885 પૂર્વેનાં રાજકીય સંગઠનો (Political Associations Before 1885)

હિંદની રાષ્ટ્રીય કૉંગ્રેસ હિંદમાં સ્થપાયેલી પ્રથમ રાજકીય સંસ્થા ન હતી. આ પૂર્વે પણ કેટલીક સંસ્થાઓ સ્થપાઈ હતી. હિંદમાં સંગઠિત રાજકીય પ્રવૃત્તિઓનો પ્રારંભ 1837માં ' જમીન ધારકોનો સમાજ ' સ્થાપનાથી થયો ગણાય છે. બંગાળ, બિહાર અને ઓરિસામાં આ સંસ્થાની સ્થાપના થઈ હતી અને તેનો મુખ્ય ઉદ્દેશ પોતાના વર્ગનાં હિતોની રક્ષા કરવાનો હતો. 1843માં બેંગાલ બ્રિટિશ ઇન્ડિયા સોસાયટી નામની સંસ્થા સ્થપાઈ. એનો ઉદ્દેશ થોડો વધુ વ્યાપક હતોઃ જનસામાન્યોનાં હિતોનું રક્ષણ કરવું. જમીન-ધારકોની સંસ્થા અમીરોનું પ્રતિનિધિત્વ કરતી હતી. જ્યારે બીજી બુદ્ધિવાદીઓનું પ્રતિનિધિત્વ કરતી હતી.

1851માં બંને સંસ્થાઓ એક થઈ અને 'બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન' નામની સંસ્થા અસ્તિત્વમાં આવી. આ એ સમય હતો જે દરમિયાન બ્રિટિશ ઇસ્ટ ઈન્ડિયા કંપનીના કરારનામાનું નવીનીકરણ કરવાનું હતું. હિંદીઓનો અભિપ્રાય લંડનની સત્તા જાણતી રહે તેની જરૂર જણાઈ હતી. દરમિયાન, મુંબઈ અને મદ્રાસમાં પણ સંસ્થાઓ હતી.એ 1852માં સ્થાપાઈ હતી. અનુક્રમે આ સંસ્થાઓ બૉમ્બે ઍસોસિયેશન અને મદ્રાસ નેટિવ ઍસોસિયેશન તરીકે જાણીતી થઈ. આ બધી સંસ્થાઓમાં પર સમૃદ્ધ, જમીન સાથે સંકળાયેલા, લોકોનું પ્રભુત્વ હતું. હિંદના બીજા ભાગોમાં ઓછાં જાણીતાં મંડળો પણ સ્થપાયાં હતાં. ડેક્કન ઍસોસિયેશન તેમાંનું એક હતું.

ત્રણ પ્રેસિડેન્સી ઍસોસિયેશનઓએ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના કરારનામામાં પરિવર્તન સૂચવતાં અરજી- પત્રકો આપ્યાં હતાં. આ સૂચનો આ સમયે હિંદનાં જાહેર હિતો અંગે જાગ્રત વર્ગનાં વલણોનો સારો એવો ખ્યાલ આપે છે. વિસ્તૃત રીતે કહીએ તો અરજી કરનારાઓ એવું ઇચ્છતા હતા કે હિંદીઓને ધારાકીય સંસ્થાઓમાં નીમવામાં આવે, કંપનીની મીઠાં અને ગળી માટેની ઇજારાશાહી તૂટવી જોઈએ અને રાજ્યે દેશના ઉદ્યોગોને મદદ કરવી જોઈએ. સ્થાનિક સરકારને વધારે સત્તા હોવી જોઈએ અને હિંદીઓને એમના દેશના વહીવટમાં વધારે ભાગીદારી મળવી જોઈએ, એમ પણ કહેવામાં આવ્યું હતું. જમીનને લગતા પ્રશ્નોને લાગે વળગતું હતું ત્યાં સુધી જમીનનાં હિતોની જાળવણી થવી જોઈએ તેવું તેઓ માનતા. ખેડૂતોની સ્થિતિ સુધારવાની જરૂર હતી એવું પણ પ્રત્યેક અરજીપત્રકમાં જણાવવામાં આવ્યું હતું. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન મોકલેલા અરજીપત્રકમાં જણાવવામાં આવ્યું હતુઃ જ્યારે હિંદીઓએ "સુધરેલ સરકારના સ્વરૂપના આશીર્વાદ" ને માન્ય કર્યા હતા ત્યારે તેમને એવું લાગતું હતું કે, "ગ્રેટ બ્રિટન સાથેના તેમના સંબંધોને કારણે તેમને ફાયદો થતો ન હતો. ગ્રેટ બ્રિટનને આ બાબતનું ધ્યાન રાખવાનો હક હતો." તેમની મોટા ભાગની માગણીઓ પાછળથી કૉંગ્રેસે રજૂ કરી હતી. આપણે આગળ જોઈ ગયા તેમ 1860 અને 1870 દરમિયાન વાતાવરણમાં રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રપ્રેમ ખૂબ જ હતા. એ સમય દરમિયાન, વહીવટમાં જુદાં જુદાં ક્ષેત્રોમાં સુધારાનો પ્રચાર કરવા અને લોકોના જુદા જુદા વિભાગોમાં રાજકીય જાગૃતિને વધારવા માટે, સંખ્યાબંધ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી હતી.

1870માં એમ.જી રાનડે, જી. વી જોષી, એસ. એચ. ચીપલુણકર અને તેમના સહકાર્યકર્તાઓએ સ્થાપેલી 'પૂના સાર્વજનિક સભા' આ સર્વમાં સૌથી મહત્ત્વની હતી. 1878 થી આ સંસ્થાએ એક સામયિક બહાર પાડવા માંડ્યું હતું. આ ચોપાનિયાએ રાજકીય જાગૃતિ જગાડવામાં ઘણી કામગીરી બજાવી હતી. 1866ના ડિસેમ્બરમાં ઇંગ્લૅન્ડમાં રાજકીય પ્રચાર કરવા માટે ફિરોઝશાહ મહેતા, બદરૂદ્દીન તૈયબજી, દાદાભાઈ નવરોજજી અને મનમોહન ઘોષ જેવા ભારતીય વિદ્યાર્થીઓએ ઈસ્ટ ઇન્ડિયા ઍસોસિયેશનની સ્થાપના કરી હતી,

1837માં જમીન ધરાવનારાઓના સમાજની સ્થાપના થયાને અડધી સદી પછીનો સમય સિદ્ધિઓ કરતાં આકાંક્ષાઓનો વધુ હતો. પરંતુ એ સમય દરમિયાન, રાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના માટેની તૈયારી થઈ ચૂકી હતી. રાષ્ટ્રીય તખતાની તાતી જરૂરિયાત અનુભવાતી હતી. કલકત્તામાં બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન સાથેનો અસંતોષ વધતો જતો હતો. તેનું વાર્ષિક લવાજમ રૂ.50/-હતું તે મધ્યમ વર્ગ માટે ખૂબ વધારે હતું. (કર્ઝનના મતાનુસાર 1898માં બ્રિટિશ હિંદમાં વ્યક્તિદીઠ વાર્ષિક આવક રૂ.30 હતી.) તેથી તેનું સભ્યપદ માત્ર સમૃદ્ધ લોકો પૂરતું મર્યાદિત હતું. 1876માં કલકત્તામાં બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની સ્થાપના કરવામાં આવી હતી. તેનું વાર્ષિક સભ્યપદ માત્ર રૂપિયા પાંચ હતું. શિક્ષિતોમાં તે ખૂબ જ ઝડપથી લોકપ્રિય બન્યું હતું અને બંગાળના રાજકારણમાં અને આગળ હિંદના રાજકારણમાં મુખ્ય પરિબળ બન્યું. મધ્યમવર્ગમાં યુવાન, સુરેન્દ્રનાથ બેનરજીને હિંદની જાહેર સેવા (ઈન્ડિયન સિવિલ સર્વિસ) માટે અપૂરતાં કારણોના આધાર પર સ્વીકાર્ય ગણવામાં આવ્યા ન હતા. તેઓ બ્રિટિશ ઈન્ડિયન ઍસોશિએશનની સ્થાપના માટે જવાબદાર હતા. ઈન્ડિયન ઍસોસિએશનના હેતુઓમાં—સબળ લોકમત ઊભો કરવો, હિન્દુ-મુસ્લિમ સદ્‌ભાવ ઊભો કરવો, બહુજન સમાજ સાથે સંપર્ક તૈયાર કરવા અને હિંદના લોકમાં જાગૃતિ લાવવી જેવી કામગીરીનો સમાવેશ થતો હતો. નિશ્ચિતરૂપે આ વિશાળ પાયા પર તૈયાર થતી રાષ્ટ્રીય ચળવળના અવિભાજ્ય અંગો હતાં. સુરેન્દ્રનાથ બેનરજીએ કહ્યા પ્રમાણે નવું મંડળ સંગઠિત હિંદની સમજણ પર આધારિત હતું. તેની પ્રેરણા ઈટાલીના એકીકરણના મુખ્ય સ્થપતિ મેઝીનીમાંથી મળી હતી.

મદ્રાસ મહાજનસભા, બૉમ્બે પ્રેસિડેન્સી ઍસોસિએશન, અલ્લાહાબાદ પીપલ્સ ઍસોસિએશન અને ઇન્ડિયન ઍસોસિએશન ઑફ લાહોર જેવી ઘણી રાજકીય સંસ્થાઓ હિંદના બીજા ભાગોમાં સ્થપાઈ હતી. મુખ્ય શહેરની બહાર આ સંસ્થાઓની શાખાઓ હતી.

## 9.4 સામ્રાજ્યવાદી પ્રતિભાવ (Imperial Response)

શિક્ષિત હિંદીઓની આ પ્રવૃત્તિઓ ધ્યાનબહાર રહી નહોતી, એ કહેવાની ભાગ્યે જ જરૂર છે. અંગ્રેજ સરકારે વધતા જતા રાજકીય સંપર્ક વિહોણી પરિસ્થિતિની નોંધ લીધી હતી અને તરત જ તે આક્રમક બની હતી. 1876માં હિંદમાં આવેલા લૉર્ડ લિટને અપનાવેલી નીતિઓમાં તેનું પ્રતિબિંબ પડતું હતું.

### 9.4.1 લિટન (Lytton)

લિટને ખુલ્લંખુલ્લાં પ્રત્યાઘાતી અને હિંદવિરોધી નીતિઓનું અનુસરણ કર્યું હતું. તેમણે અને તેમની નીતિઓને પરિણામે ઇન્ડિયન ઍસોસિયેશનને સમગ્ર હિંદમાં સંખ્યાબંધ રાજકીય આંદોલનોને સંગઠિત કરવા માટેની ઉત્કૃષ્ટ તકો સાંપડી હતી. લિટને અફઘાનિસ્તાન પર ખર્ચાળ ચડાઈઓ કરી તેનાં નાણાં હિંદના મહેસૂલમાંથી ફાળવવામાં આવ્યાં હતાં. હિંદના પગભર થતા કાપડ વણાટ ઉદ્યોગના ભોગે ઈંગ્લેન્ડના કાપડ ઉદ્યોગને ફાયદો કરાવવા માટે લિટને, વણેલા કાપડ પરનો આયાતકર દૂર કર્યો હતો. આ પગલાંઓ પરત્વે, રાજકીય રીતે જાગૃત હિંદીઓએ રોષ વ્યક્ત કર્યો હતો. અંગ્રેજોના શાસનને ચાલુ રાખવામાં શાસક રાજવીઓ અને જમીનધારકોએ ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આથી ગૃહનીતિમાં, વાઇસરૉયે આ વર્ગને ઉત્તેજન આપ્યું હતું તેણે શિક્ષિત હિંદીઓની આકાંક્ષાઓને તિરસ્કારથી જોવાનો પ્રયત્ન કર્યો હતો. તેના સમય દરમિયાન, હિંદના જાહેર સેવા આયોગ માટેની પરીક્ષામાં બેસવા માટેની ઉંમર 21 થી ઘટાડીને 19 કરવામાં આવી હતી. એ પરીક્ષા માત્ર લંડનમાં લેવાતી હોવાથી હિંદીઓ માટે તેમાં બેસવું કોઈ પણ રીતે શકય ન હતું. ઉંમર ઘટાડવાના પગલાને હિંદીઓ તે પરીક્ષામાં બેસી ન શકે, તેવી ગણતરીથી કરાયેલા પગલા તરીકે જોવાયું હતું. ઇન્ડિયન ઍસોસિયેશને આ પ્રશ્ન હાથમાં લીધો હતો અને દેશમાં તે માટેનું આંદોલન શરૂ કર્યું હતું. સુરેન્દ્રનાથે પોતે પણ 1877-78 દરમિયાન, દેશના જુદા જુદા ભાગોમાં પ્રવાસો કર્યા હતા અને સમગ્ર દેશમાં ખ્યાતિ મેળવી હતી. ઍસોસિયેશને લાલ મોહન ઘોષ નામના પ્રખ્યાત બંગાળી બેરિસ્ટરને ઇગ્લૅન્ડમાં જાહેનામું પેશ કરવા માટે મોકલ્યા હતા.

વર્નાક્યુલર પ્રેસ ઍક્ટ અને આર્ક્સ ઍક્ટના વિરોધમાં જાહેરસભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. લિટને હિંદની ભાષાઓમાં છપાતાં વર્તમાનપત્રો અને સામયિકો ઉપર અંકુશો મૂકયા હતા. તેથી દેશમાં ઊંડા આક્રોશની લાગણી ઊભી થઈ હતી. અત્યાર સુધી 'અમૃતબજાર પત્રિકા' બંગાળીમાં પ્રકાશિત થતું હતું. કાયદા હેઠળ મુકાયેલા અંકુશોથી બચવા, રાતોરાત આ પત્રિકા અંગ્રેજીમાં પ્રકાશિત થઈ. શસ્ત્રોના કાયદા હેઠળ હિંદીઓને શસ્ત્ર રાખવા માટેની પરવાના ફી આપવી પડતી હતી, પરંતુ યુરોપીય અને એશિયાવાસી માતાપિતાનાં

સંતાનોને તેમાંથી મુક્ત રાખવામાં આવ્યાં હતાં. જમીનધારકો ને ખાસ સવલતો આપવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન, આ પ્રશ્નો બાબતે જંગી સભાઓ મળતી હતી. કેટલાક જિલ્લામાં આવી સભામાં દસથી વીસ હજાર લોકો હાજર રહેતા.

### 9.4.2 રિપન (Ripon)

1880માં લૉર્ડ લિટન પછી લૉર્ડ રિપન આવ્યા. રિપનનો અભિગમ જુદો હતો. તેમનો શિક્ષિત હિંદીઓ, તેમના શિક્ષણને કારણે અધિકૃત આંકાક્ષાઓ ધરાવતા હતા અને તેથી ઈંગ્લૅન્ડની સંસદે, તે સંદર્ભમાં અવારનવાર આપેલી બાંયધરીઓને માન આપવું જરૂરી હતું તેવો તેમનો મત હતો. તેથી સાચી કે ખોટી રીતે છાપ લિટનના વહીવટો ઊભી કરી હતી. જેથી ઈંગ્લૅન્ડને માટે હિંદના લોકોએ ભોગ આપવો જોઈએ તેવું રિપનનું માનવું હતું. અંગ્રેજોના શાસનને સબળું બનાવવા માટે શિક્ષિત વર્ગની પ્રકૃતિદત્ત સૂઝને, ઉપયોગમાં લેવા માગતો હતો. તેણે વર્નાક્યુલર પ્રેસ ઍક્ટને રદ કર્યો હતો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને પુષ્ટિ આપી હતી, શિક્ષણના પ્રસારને પ્રોત્સાહન આપ્યું હતું અને અફઘાન યુદ્ધનો અંત આણ્યો હતો. જોકે તેની નીતિ, હિંદમાં અંગ્રેજોના શાસનનાં જ લક્ષણોને કારણે ઊભા થયેલા અવરોધોથી કેટલીક મર્યાદાઓની બહાર નીકળી શકી ન હતી.

રિપનની સામે નારાજ થયેલ ઍંગ્લો-ઇન્ડિયનોએ તીવ્રપણે ઝુંબેશ ઉઠાવી હતી જે ઈલ્બર્ટ બિલમાં પરિણમી હતી. બંગાળમાં બધા મુકદ્દમાઓને હલ કરવાની બાબતમાં હિંદી ન્યાયાધીશોને યુરોપી ન્યાયાધીશોના જેટલી જ સમાનતા આપવાના ધોરણને વાઇસરૉયની કાઉન્સિલના સભ્ય ઈલ્બર્ટે રજૂ કર્યું હતું અને એ ક્રિમિનલ પ્રોસિજર એમેન્ડમેન્ટ બિલ કે, ઈલ્બર્ટ બિલ તરીકે ઓળખાય છે. તેનો હેતુ ગુણવત્તાવાળા હિંદીઓને તેમનાં નાનાં શહેરોમાં ગુનાના આરોપ હેઠળના યુરોપવાસીઓ સામે કામગીરી બજાવવા માટે સક્ષમ બનાવવાનો હતો. (પ્રેસિડેન્સી શહેરમાં તેઓ આવું કરી શકતા હતા.) એ ખરડો એટલે રજૂ કરવામાં આવ્યો હતો કે હવે હિંદીઓ ન્યાય્યિક સેવાઓમાં આગળ વધતા જતા હતા. જ્યુરી વિના એટલે કે રજૂ થતા પુરાવાના આધારે, સત્યાસત્ય સંબંધી પોતાનો પ્રામાણિક અભિપ્રાય દર્શાવવા માટેનાં વ્યક્તિઓનાં જૂથ સિવાય, હિંદી ન્યાયાધીશોને ન્યાયનો ચુકાદો આપવાની શક્યતા આમાં રહેલી હતી. અને યુરોપવાસીઓને જો તેઓ આ ચુકાદાથી સંતુષ્ટ ન હોય તો, અદાલતમાં અપીલ કરવાનો હક પણ આપ્યો હતો. પરંતુ આ બાબતે એન્ગ્લો ઇન્ડિયનોમાં આક્રોશ અને ટીકાનું તોફાન જગાવ્યું હતું. રિપનને સમજાયું હતું કે, જાહેર સેવાને પણ વિરોધીઓ માટે સહાનુભૂતિ હતી. પ્રેસ અને જાહેર સભાઓમાં હિંદનાં લક્ષણો અને સંસ્કૃતિની ભારે ટીકા કરવામાં આવતી હતી. આખરે, સરકારે ઉગ્ર મતની સામે ઝૂકવું પડ્યું અને ખરડામાં બાજુ પર સુધારો કરવો પડયો, એ કારણે તેનો મૂળ હતું. મુકાયો હતો.

સમગ્ર વિવાદને એ પરિસ્થિતિમાં અગત્યનું સ્થાન મળ્યું હતું, તે કારણે દેશની સંસ્થાઓમાં કટોકટી ઊભી થવાની હતી. હિંદીઓ રાજકીય ઝુંબેશનો પ્રથમ પાઠ ઍંગ્લો-ઇન્ડિયનોના તે પ્રસંગમાંથી શીખ્યા હતા તેવું ઘણી વાર કહેવાય છે. જોકે, તે સાચું નથી. હિંદીઓને આ પદ્ધતિનું મહત્ત્વ ક્યારનું સમજાઈ ચૂક્યું હતું અને તેમણે સમગ્ર દેશની કક્ષાએ જાહેર સેવા પરીક્ષા પરત્વે ઝુંબેશ ચલાવી હતી. હકીકતમાં, વધુ સત્તા અને વિશેષાધિકારોની માગણી માટે એન્ગ્લો ઇન્ડિયનો તેમની સાથે સહમત નહિ થાય એમ તેઓ અનુભવે શીખ્યા હતા. સમગ્ર દેશમાં તે ઝુંબેશ પરત્વેનો પ્રત્યાઘાત એક સરખો હતો. હિંદના પ્રેસે એ સ્પષ્ટ કર્યું હતું કે, આ ખરડામાં રહેલા સિદ્ધાંતોનું મૂલ્ય શિક્ષિત હિંદીઓને સમજાયું હતું. તેનાથી પ્રેસ સ્પષ્ટ થઈ ચૂકયું હતું. અને તેઓ માટો પાયા પર, તેની પરત્વે અસંતુષ્ટ હતા. જ્યારે મુખ્ય સિદ્ધાંતને નેવે મૂકવામાં આવ્યો ત્યારે, હિંદના પ્રેસે રાષ્ટ્રીય એકતા, વધારે સંગઠન અને આત્મનિર્ભરતાની તાતી જરૂરિયાતની વાતો કરવા માંડી હતી.

1880ના પ્રારંભમાં રાષ્ટ્રીય સંગઠનનો વિચાર હિંદના પ્રેસમાં ચર્ચાનો મહત્ત્વનો મુદ્દો બની રહ્યો હતો. ઈલ્બર્ટ વિવાદે, આ જરૂરિયાતને પાછું સ્થાન આપ્યું હતું. 1883માં ઇન્ડિયન ઍસોસિયેશનની સભા મળી અને તેમાં લગભગ દસ હજાર હાજર રહ્યા હતા. દેશના રાજકીય વિકાસ માટે દેશમાં અને ઈંગ્લૅન્ડમાં ચળવળ દ્વારા એક રાષ્ટ્રીય ભંડોળ ઊભું કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તે દરખાસ્તને સારું એવું પ્રોત્સાહન મળ્યું હતું. જોકે કેટલાક ભાગોમાં ઇન્ડિયન ઍસોસિયેશન, દેશનાં બીજાં રાજકીય મંડળોનો ટેકો મેળવવામાં નિષ્ફળ ગયું હતું એવી ટીકા થઈ હતી. રાષ્ટ્રીય ફંડની હાકલે માત્ર રૂ.20,000 એકત્ર કર્યા હતા. પરંતુ, એ કારણે પ્રેસ-અખબારોમાં વિસ્તૃત ચર્ચાઓ ઊભી થઈ હતી. એ ચર્ચાઓ દરમિયાન, નોંધવામાં આવતું હતું કે સુગ્રથિત રાજકીય કામગીરી હાથ ધરાવી જોઈએ, અને દેશનાં મોટાં નગરોમાં જુદાં જુદાં રાજકીય મંડળોના પ્રતિનિધિઓએ વર્ષમાં એક વાર મળવું જોઈએ. 1883ના ડિસેમ્બરમાં કલકત્તામાં આંતરાષ્ટ્રીય પ્રદર્શન ભરાવાનું હતું ઈન્ડિયન ઍસોસિયેશને આ બનાવનો લાભ લેવાનું નક્કી કર્યું અને તેણે દેશના જુદા જુદા ભાગોના અગ્રણીઓ અને મંડળો ભેગા થયા અને સર્વસામાન્ય લાગતા પ્રશ્નો પરત્વે ચર્ચા કરે, તેમ નક્કી કર્યું હતું. 1883ના ડિસેમ્બરની 28 થી 31 દરમિયાન આવી પરિષદ મળી હતી અને તે રાષ્ટ્રીય પરિષદ તરીકે ઓળખાઈ. એ એક વધારે પ્રતિનિધિત્વ ધરાવતું કે, પ્રભાવશાળી મેળાવડો નહોતો. તેણે જે કાર્યક્રમ અપનાવ્યો હતો તેના જેવો જ કાર્યક્રમ પાછળથી રાષ્ટ્રીય કૉંગ્રેસે અપનાવ્યો હતો એ સૂચક છે. 45 જેટલી જુદી જગ્યાઓએ શિક્ષિત હિંદીઓ એકત્ર થવાના હતા અને વિચારોની આપલે કરવાના હતા.

**ો પ્રગતિ ચકાસો - ખ**

હિંદીઓ જેથી ગુસ્સે થયા હતા તેવાં લૉર્ડ લિટને લીધેલાં પાંચ પગલાંઓની યાદી તૈયાર કરો.

(ક) ..............................................................

..............................................................

(ખ) ..............................................................

..............................................................

(ગ) ..............................................................

..............................................................

(ઘ) ..............................................................

..............................................................

(ગ) ..............................................................

..............................................................

નીચેનાંમાંથી કયાં વિધાનો સાચાં (✓) અને ખોટાં (X) છે

(ક) લૉર્ડ રિપને, લિટનથી જુદા પ્રકારનો અભિગમ અપનાવ્યો.

(ખ) ઈલ્બર્ટ બિલને એન્ગ્લો-ઇન્ડિયનોનો ટેકો સાંપડ્યો હતો.

(ગ) હિંદીઓ રાજકીય ઝુંબેશનો પ્રથમ પાઠ એન્ગ્લો–ઇન્ડિયનો પાસેથી શીખ્યા હતા એ સાચું છે.

(ઘ) રાષ્ટ્રીય પરિષદને સાચી રીતે હિંદની રાષ્ટ્રીય કૉંગ્રેસની એંધાણી તરીકે લેખવામાં આવે છે.

ઈલ્બર્ટ બિલનો વિવાદ શું છે. નીચે આપેલી જગ્યામાં તેના વિશે લખો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 5 શિક્ષિત હિંદીઓની ભૂમિકા (The Role of The Educated Indians)

ડીં એક સ્પષ્ટ પ્રશ્ન ઊભો થાય છેઃ આ સમય દરમિયાન, સમાજના કયા ભાગે રાજકીય પ્રવૃત્તિઓને ાઠિત કરવા માટે પહેલ કરી હતી ? હવે આપણે આ પ્રશ્નને હાથ ઉપર લઈશું.

જકીય પ્રવૃત્તિઓને સંગઠિત કરવામાં ઇતિહાસકારો જેમને 'શિક્ષિત મધ્યમ વર્ગો', 'વ્યવસાયી વર્ગો', 'અંગ્રેજી ક્ષિત પ્રબુદ્ધ વર્ગ' કે બૌદ્ધિકો કહે છે તેમણે આગેવાની લીધી હતી. તેમની કેટલીક લાક્ષણિકતાઓ અને ાણો રજૂ કરવી એ મહત્ત્વની બાબત હતી. બાબત તેમણે અંગ્રેજીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું, તેઓ અંગ્રેજી ાવ હેઠળ વિકસ્યા હતા અને તેમણે કાયદો, શિક્ષણ અને પત્રકારત્વ કે બિનસાંપ્રદાયિક સરકારી નોકરી ાકારી હતી. કલકત્તા, મુંબઈ અને મદ્રાસ જેવાં પ્રેસિડેન્સી શહેરોમાં ઉછરેલા આ લોકો, સમગ્ર દેશ પર છવાઈ ા હતા.

ષ્ટ્રીય ચેતના અને ભૂતકાળના ગૌરવથી પ્રેરણા પામીને મધ્યમ વર્ગે રાજકીય હકો માટે બંધારણીય ઝુંબેશ ાડી હતી. પ્રારંભના તબક્કા દરમિયાન, તેની ભાગ્યે જ નોંધી શકાય તેટલો ધીમો તેના વિકાસ હતો. તેના

સામાજિક અને આર્થિક મૂળિયાં વેપાર કે વાણિજ્યમાં ન હતાં. તેના બદલે આ વર્ગનાં મૂળિયાં કબજા ભોગવટાની જમીન ધરાવનારાઓ, સરકારી નોકરીઓ અને વ્યવસાયો કરનારાઓમાં રહેલાં હતાં. તેઓ પોતાને મધ્યમ વર્ગના કહેવડાવવામાં ગૌરવ લેતા હતા. આ વર્ગ જમીનદારોથી નીચો હતો પરંતુ કામદારોથી ઊંચો હતો. પશ્ચિમમાં મધ્યમ વર્ગે જે ભૂમિકા ભજવી હતી તે ભજવવા માટે આ વર્ગ તૈયાર હતો. તેઓ સામંતશાહીમાંથી 'આધુનિક સમાજ'માં, આ ભૂમિકા દ્વારા પરિવર્તન લાવવા માગતા હતા. આ પ્રક્રિયા તેઓ નવજાગૃતિ, સુધારણા, રાજકીય સંસ્થાઓના લોકતાંત્રિક ઢાંચા અને ઝડપી ઔદ્યોગિકીકરણ દ્વારા સિદ્ધ કરવા માનતા હતા.

જે વર્ગમાંથી મધ્યમ વર્ગના સભ્યો આવતા હતા તેને ગરીબ કહી ન શકાય, અને તેઓ સામાન્ય રીતે ઉચ્ચજ્ઞાતિઓના પણ હતા. સમાજમાં ઊંચી જ્ઞાતિના લોકો આર્થિક રીતે ઊંચું સ્થાન ભોગવતા ન હતા એ નોંધવું ઘટે. ઉદાહરણાર્થે બંગાળ અને હિંદના ઘણા ભાગોમાં એ પરંપરા છે કે, સાધનસંપન્ન કુટુંબોમાં બ્રાહ્મણોને રસોઈ કરનારાઓ તરીકે રાખવામાં આવે છે. એ જ રીતે 1864માં એકત્ર કરવામાં આવેલા આંકડાઓ પ્રમાણે મુંબઈમાં 10,000 જેટલા ભિખારીઓ, ચિતપાવન કે સારસ્વત બ્રાહ્મણો હતા.

સમાજના એ વર્ગના લોકો, સમાજમાં વિશિષ્ટ હોઈ, એ અર્થમાં તેઓ અગ્રવર્ગના હતા. પરંતુ આ વર્ગની વિચારસરણી સામાન્યપણે અગ્રવર્ગની ન હોય તેવી શૈક્ષણિક કે સામાજિક સ્થાપનના તેમના પોતાના વિશેષાધિકારોનો બચાવ કરનારી ન હતી. તેમનું એક મોટું જમા પાસું હતું તેમનું અંગ્રેજીનું શિક્ષણ અંગ્રેજી શિક્ષણને પોતાના પૂરતું મર્યાદિત ન રાખતાં, ઘણા શિક્ષિત હિંદીઓ પોતે શિક્ષણના પ્રસારની કામગીરીને વરેલા હતા. સમય જતાં તેઓ ફરજિયાત પ્રાથમિક શિક્ષણ માટેની મોટી માંગણી હાથ ધરવાના હતા. એ જ રીતે, એમના વિશિષ્ટાધિકારો પર વિપરીત અસર કરે એવા સામાજિક સુધારાઓ હાથમાં લેતા અચકાય તેમ ન હતા.

હિંદના સંદર્ભમાં, સમય દરમિયાન, 'શિક્ષિત મધ્યમ વર્ગ' એ શબ્દપ્રયોગ, જેમણે પાશ્ચાત્ય શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું અને જેઓ એક પ્રકારનું પ્રાદેશિક અને રાષ્ટ્રીય નેતૃત્વ ધારણ કરનાર સમૂહ માટે થયો હતો. જેમણે પહેલાં અંગ્રેજો સામે વિરોધ ચળવળો ઊભી કરી હતી એવા રાજકુંવરો, મુખીઓ અને જમીનદારો કરતા આ વર્ગનું સામાજિક ઘટન અને દૃષ્ટિકોણ ખાસ જુદા પડતા હતા. 19મી સદી દરમિયાન, તે વર્ગે સામાજિક અને ધાર્મિક સુધારણાઓ, રાષ્ટ્રભક્તિનાં ગીતો, નાટકો અને નવલકથાઓનું લેખનકાર્ય કર્યું, અંગ્રેજી શાસનનું આર્થિક મૂલ્યાંકન કર્યું અને રાજકીય સંગઠનોની સ્થાપના કરી તે દ્વારા તેમણે દેશના જાહેર જીવનમાં મહત્ત્વનું પ્રદાન આપ્યું હતું.

વાઇસરૉય લોર્ડ ડફરિને એક વાર જણાવ્યું હતું કે આ 'એક સૂક્ષ્મદર્શક યંત્રમાંથી જોઈ શકાય તેવી લઘુમતી ' હતી તેની અવગણના થઈ ન શકે તેવી લઘુમતી હતી, તેવું ડફરિન જાણતા હતા. તેમના સમાન આદર્શો જાણતા હતા, તેઓની વાણી સમાન હતી અને તેમની પાસે દેશ પરત્વેનું વિસ્તૃત દૃષ્ટિબિંદુ હતું. ઇતિહાસમાં આવી ગતિશીલ લઘુમતીઓ, દેશનો આકાર નિશ્ચિત કરે છે એ યાદ રાખવું ઘટે. અહીં એ સમયે પ્રચલિત અન્ય બાબતની વાત જે પ્રચારમાં હતી તેનો સંદર્ભ જોવો જોઈએ. અંગ્રેજ અધિકારીઓ એવી દલીલ કરતા હતા કે આ વર્ગ જનસમુદાય તેનો પ્રતિનિધિત્વ ધરાવતો ન હતો અને અંગ્રેજો જ, તેમનાં હિતોનું ધ્યાન રાખતા હતા અને તેથી પોતે જ હિંદીના સમાજના તેવી દલીલ અંગ્રેજ અધિકારીઓ કરતા હતા. એ દલીલને અંગ્રેજોના રાજને ન્યાયી ઠેરવવા માટે અને સામ્રાજ્યવાદી હિતની સેવા કરવા માટે આગળ કરવામાં આવી હતી. કેટલેક અંશે બધા દેશોમાં શિક્ષિત લોકોનો, જનસમુદાયથી સંપર્ક કપાઈ જાય છે. હિંદમાં એ અલગતા આધુનિક શિક્ષણના પરદેશી માધ્યમ સાથે સંકળાયેલી હતી. પરંતુ, લોકો તેમની પોતીકી ભાષા જાણવાનું છોડી દે, તેવો અર્થ અંગ્રેજીના જ્ઞાનનો ન હતો. શિક્ષિત હિંદીઓને, સરકાર ખરીદી શકે એમ ન હતું એ એક ધ્યાનપાત્ર બાબત હતી.

## 9.6 કૉંગ્રેસની સ્થાપના (Foundation of the Congress)

આ વિભાગમાં આપણે કૉંગ્રેસની સ્થાપના સાથે સંકળાયેલી કેટલાક બાબતોને જોઈશું. તેનું પ્રારંભનું કાર્યક્ષેત્ર, પ્રવૃત્તિઓ, પસાર થયેલા ઠરાવો અને તેમાં જુદા જુદા વર્ગોએ તેમાં લીધેલા હિસ્સાને જોઈશું.

### 9.6.1 પ્રથમ સભા (First Meeting)

હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસની પ્રથમ સભાનું આયોજન કરવાનું શ્રેય એ. ઓ. હ્યુમને જાય છે. તેઓ નિવૃત્ત થયેલા સરકારી કર્મચારી હતા. તેમણે નિવૃત્તિ પછી હિંદમાં રહેવાનું પસંદ કર્યું હતું. લૉર્ડ રિપન સાથે તેમના સબંધો સારા હતા. તેઓ રિપનના મતમાં માનતા હતા. તેથી શિક્ષિત વર્ગના ઉદયને રાજકીય વાસ્તવિકતા તરીકે સ્વીકારવો જોઈએ અને તે વર્ગનો અસંતોષ ન્યાયી રીતે પ્રદર્શિત થાય તેવાં પગલાં લેવાં જોઈએ, તેમ જ તેમની મહત્ત્વકાંક્ષાઓને સંતોષવી જોઈએ તેવું તેઓ માનતા. તેમણે શ્રમપૂર્વક સ્થાપેલી સંપર્કોની વ્યવસ્થાને મજબૂત કરી દીધી હતી. 1884ના ડિસેમ્બરમાં રિપનને વિદાય આપવા તેઓ મુંબઈ ગયા, ત્યાં ત્રણ મહિના રહ્યા અને આ સમય દરમિયાન, તેમણે પ્રેસિડેન્સીઓની પ્રભાવશાળી નેતાઓ સાથે, શિક્ષિત હિંદીઓ દ્વારા હાથ ધરાનાર રાજકીય પગલાંઓના કાર્યક્રમની તેમણે ચર્ચા કરી હતી. 1885ના માર્ચમાં નિશ્ચિત કરવામાં આવ્યું હતું કે, ઇન્ડિયન નેશનલ યુનિયનની પરિષદ (પ્રારંભમાં આ નામનો સ્વીકાર કરવામાં આવ્યો હતો), નાતાલની રજાઓ દરમિયાન બોલાવવી. પ્રારંભમાં હ્યુમ અને તેમના જૂથે કલકત્તાને પરિષદ માટેના સૌથી સારા સ્થાન

તરીકે પસંદ કર્યું હતું. પરંતુ પાછળથી તેમણે પૂના વિશે વિચાર્યું હતું. પૂના દેશના કેંદ્રમાં હતું અને પૂના સાર્વજનિક સભાની કાર્યવાહક સમિતિએ તે પરિષદ માટે વ્યવસ્થા કરવા અને જરૂરી ફંડ પૂરું પાડવાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી.



પ્રથમ રાષ્ટ્રીય કૉંગ્રેસ, ૧૮૮૫

જોકે કમનસીબે પૂના પાસેથી, હિંદની રાષ્ટ્રીય કૉંગ્રેસની પ્રથમ બેઠકને બોલાવવાની તક ખૂંચવી લેવાઈ હતી. પૂનામાં કૉલેરા ફાટી નીકળવાને કારણે બેઠકનું સ્થાન પૂનાને બદલે મુંબઈમાં બદલાયું હતું. 1885માં 28મી ડિસેમ્બરે, આ બેઠક મુંબઈમાં, ગોકુલદાસ તેજપાલ સંસ્કૃત કૉલેજમાં મળી હતી. આ બેઠકમાં 100 મહાનુભાવોએ હાજરી આપી હતી. તેમાંના 72 અધિકારીઓ હતા અને તેઓ માન્ય સભ્યો હતા. કૉંગ્રેસના પ્રથમ પ્રમુખ બનવાનું માન, બંગાળના ડબલ્યુ સી. બેનરજીને મળ્યું હતું. તેઓ દેશના પ્રથમ ચાર બેરિસ્ટરોમાંના એક હતા અને તેમના સમયમાં સૌથી આગળ પડતા કાયદાના ક્ષેત્રના તેજસ્વી વ્યક્તિ હતા. તેમની ચૂંટણીએ એક તંદુરસ્ત પ્રણાલિકા ઊભી કરી હતી કે, જે પ્રાંતમાં કૉંગ્રેસ હોય એના નહિ, પરંતુ બહારના પ્રમુખની પસંદગી કરવી.

## 9.6.2 પ્રમુખનું પ્રવચન (Presidential Speech)

કૉંગ્રેસના પ્રથમ પ્રમુખના પ્રવચનમાં કૉંગ્રેસનાં કાર્યક્ષેત્ર, લક્ષણો અને ઉદ્દેશોની સ્પષ્ટ રજૂઆત કરવામાં આવી હતી. વળી તેમના પ્રવચને કૉંગ્રેસના સાચા ઇરાદાઓ વિશે લોકોના મનમાં જે સંશયો અને ગેરસમજણો ઊભી થઈ હતી તેને પણ દૂર કરી હતી.

પ્રમુખે કૉંગ્રેસના હેતુઓ અને એષણાઓને સ્પષ્ટ કર્યા હતા. તેમણે જણાયેલા હેતુઓને નીચે આપવામાં આવ્યા છે:

- દેશવાસીઓમાં પરસસ્પર ઘનિષ્ઠતા અને મૈત્રીની વૃદ્ધિ થાય.
- જાતિ, સંપ્રદાય અને પ્રાંતોની બાબતમાં પૂર્વગ્રહોની નાબૂદી કરવી.
- રાષ્ટ્રીય એકતાની ભાવનાને સુદઢ બનાવવી.
- વર્તમાન સમયના તાકીદના પ્રશ્નો પરત્વેના શિક્ષિત લોકોના મતો નોંધવા અને
- લોકોના હિતમાં ભાવિ કામગીરી માટેની રૂપરેખા દોરવી.

આ માગણીઓની સાથે પ્રમુખે દેશ પર અંગ્રેજોની કૃપાનું સવિસ્તર વર્ણન કર્યું હતું. તેમણે એવી ખાતરી આપી હતી કે, શિક્ષિત હિંદીઓ સરકારને સમગ્ર રીતે વફાદાર છે અને શુભચિંતકો છે. કૉંગ્રેસને સંગઠિત કરવા પાછળનો હેતુ તેનાં મંતવ્યો શાસક સત્તા પાસે રજૂ કરવાનો હતો એ મુદ્દાની પણ તેમણે સ્પષ્ટતા કરી હતી. તેથી, તેમને કાવતરાખોરો અને બિનવફાદારો તરીકે બદનામ કરવા એ ખોટું ગણાય. તેમણે હ્યુમના નેતૃત્વને સ્વીકાર્યું હતું કારણ કે ઈંગ્લૅન્ડના સમાજમાં મોટા ભાગના સભ્યોને, શિક્ષિત હિંદીઓનો વિશ્વાસ ન હતો. આખરે પ્રમુખે સ્પષ્ટતાથી અને જોશીલા શબ્દોમાં કૉંગ્રેસને શું જોઈતું હતું, તે જણાવ્યું હતું. સરકારનો વ્યાપ વિસ્તૃત થાય,

એ તેમને જોઈતું હતું. આ નીતિ માત્ર સરકારને જ નહિ પરંતુ, લોકોને પણ વધારે પ્રમાણમાં મદદ કરી શકે. કૉંગ્રેસે એ પણ બતાવ્યું હતું કે, કૉંગ્રેસને સરકારમાં ભાગ એટલા માટે જોઈતો હતો કે જેથી તે માત્ર પોતાના હિતને માટે નહિ પરંતુ આ સંદર્ભમાં દેશના હિત માટે વિચારે છે. હકીકતમાં બીજી કોઈ પણ બાબત કરતા રાષ્ટ્રીય એકતાની આંકાક્ષા વધુ તીવ્રતાથી રજૂ કરવામાં આવી હતી.

કૉંગ્રેસના નેતાઓને અંગ્રેજોની ન્યાયની સમજણમાં ભારે વિશ્વાસ હતો. તેઓ અંગ્રેજોને શાસન પરથી દૂર કરવાનું વિચારતા ન હતા. તે લોકો એમ ઇચ્છતા હતા કે અંગ્રેજોની સરકાર જે નીતિઓ અપનાવે છે તેનો હેતું હિંદીઓના કલ્યાણ અને ભલાઈનો હોય. આ હેતુ માટે તેઓ સરકાર ચલાવવામાં વધારે ભાગીદારી માગતા હતા. તેમની દૃષ્ટિએ પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થાઓના વિકાસ અને હિંદીઓની ઊંચાં પદો પર નિયુક્ત કરવી એ થઈ શકે તેમ હતું.

### 9.6.3 ભાગીદારી (Participation)

કૉંગ્રેસ ઉપર કાયદાશાસ્ત્રીઓનું વર્ચસ્વ હતું, એવી દલીલ વારંવાર કરવામાં આવતી હતી. જેમકે નોંધપાત્ર ઇતિહાસકાર અનિલ સીલે નોંધ્યું છે : 1885ની પ્રથમ કૉંગ્રેસમાં અડધાથી વધારે પ્રતિનિધિઓ (72 માંથી 39) ધારાશાસ્ત્રીઓ હતા અને તેના પછીના દાયકામાં, કૉંગ્રેસની પ્રત્યેક બેઠકમાં $^1/_3$ થી વધારે પ્રતિનિધિઓ ધારાકીય વ્યવસાયો સાથે સંકળાયેલા હતા. જૂના અમીરશાહી રાજાઓ, મહારાજાઓ, મોટા જમીનદારો અને ખૂબ સમૃદ્ધ વેપારી લોકોની ગેરહાજરી ઘણી સૂચક હતી. ખેડૂતો અને કારીગરો પણ તેના પરત્વે આકર્ષાયા ન હતા. ધારાશાસ્ત્રીઓનું પ્રભુત્વ હતું, એ હકીકતને નકારી શકાય તેમ નથી. પરંતુ આ ઓછે કે વત્તે અંશે, જ્યાં રાજકીય સંગઠનો અને ધારાસભા હોય ત્યાં સાચું હતું. હિંદમાં શિક્ષિત હિંદીઓ માટે ઘણી ઓછી કારકીર્દિઓ ખુલ્લી હતી, એ હકીકત સાથે સમસ્યા સંકળાયેલી હતી. આથી ઘણી મોટી સંખ્યાના લોકોએ ધારાકીય વ્યવસાય અપનાવ્યો હતો. જૂની અમીરશાહી વગેરેએ, કૉંગ્રેસની કાર્યવાહીમાં ભાગ લીધો ન હતો, કારણ કે તેમને નવા ઉદાર અને રાષ્ટ્રીય વિચારોથી જોખમ ઊભું થયેલું લાગતું હતું. જોકે, હિંદની ગરીબીના પ્રશ્નની ચર્ચા કેટલીક વાર વિવિધ નેતાઓ, ખાસ કરીને દાદાભાઈ નવરોજીએ કરી હતી. આ તબક્કે આમ જનતાને ચળવળ સાથે સાંકળવાના ઇરાદાથી આ ચર્ચા કરવામાં આવતી હતી. કૉંગ્રેસે જ્યારે લોકોની સ્થિતિની ચર્ચા કરવા માંડી ત્યારે એવો ઠરાવ કર્યો કે પ્રથમ પગલા તરીકે પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ અપાવી જોઈએ. કૉંગ્રેસે અપનાવેલી યુક્તિઓ- અરજી કરવી અને ફરિયાદનાં કારણો પરત્વે જાહેર ચર્ચાઓ દ્વારા ધ્યાન ખેંચવું - સહજ હતી.

### 9.6.4 કાર્યવાહી અને ઠરાવો (Proceedings and Resolutions)

કૉંગ્રેસની કાર્યવાહીઓનું ખૂબ જ વ્યવસ્થિત અને કાર્યક્ષમ રીતે સંચાલન કરવામાં આવતું હતું. તેમાં ઠરાવો રજૂ કરાતા હતા, તેના ઉપર ચર્ચા થતી હતી અને ઠરાવો પસાર થતા હતા. પ્રત્યેક ઠરાવ કોઈ એક પ્રાંતના સભ્ય તરફથી રજૂ કરવામાં આવતો હતો. ત્યાર બાદ તેને અન્ય પ્રાંતોના સભ્યોનો ટેકો આપવામાં આવતો હતો. વક્તવ્યોમાં વિનમ્રતા, આગ્રહ અને તાજ પરત્વેની વફાદારી દેખાતી હતી. બ્રિટોન માર્ટીન નામનો ઇતિહાસકાર (New India, 1885 Delhi 1970) ટિપ્પણી કરે છે, ' આ સમગ્ર બાબતો એટલે વ્યાવસાયિક રીતે ચાલતી હતી કે એની સમાંતર અમેરિકામાં મળતી કોઈ પણ સભા માટે ઈર્ષાનું કારણ પૂરી પાડી શકે.'

પ્રથમ કૉંગ્રેસે નવ ખરડાઓ હાથ પર ધર્યા હતા. તેમાનાં મુખ્ય નીચે પ્રમાણે હતા :

- એક ઠરાવમાં શાહી પંચની નિમણૂક માટે માગણી કરવામાં આવી હતી તેમાં પંચ દ્વારા હિંદી બાબતોની તપાસ કરવી અને પંચમાં હિંદીઓને પૂરતું પ્રતિનિધિત્વ આપવાની માંગણી હતી.
- બીજા ઠરાવમાં હિંદ માટેની રાજ્યના વજીરની (Secretary of State) હિંદી કાઉન્સિલને નાબૂદ કરવા માટેની માગણી રજૂ કરવામાં આવી હતી. કૉંગ્રેસ ઇચ્છતી હતી કે રાજ્યના વજીર સીધી રીતે ઈંગ્લેન્ડની સંસદને જવાબદાર હોવા જોઈએ. તે આ માગણી અંગ્રેજો ન્યાયી અને સારા હતા, એ વિચાર પર આધારિત હતી. જો તેમને યોગ્ય રીતે માહિતી આપવામાં આવે તો તેઓ ક્યારેક સાચા રાહને છોડે તેમ ન હતા.
- વિદેશ નીતિને લગતો પણ એક ખરડો હતો, તેમાં ઉત્તર બર્મા (હાલનું માઇનમાર)ના જોડાણને વખોડી કાઢવામાં આવ્યું હતું.
- બીજા ખરડાઓમાં બંધારણ અને કેન્દ્રીય અને પ્રાંતીય ધારાકીય કાઉન્સિલના વ્યાપને વધુ ઉદાર બનાવવા જાહેર સેવા માટે એક સાથે ઈંગ્લેંન્ડ અને હિંદમાં પરીક્ષાઓ, અને લશ્કર ઉપરનો ખર્ચ ઘટાડવાની જરૂરિયાત જેવી બાબતોને આવરી લેવામાં આવી હતી.

બેઠકની પૂર્ણાહુતિ પહેલાં કૉંગ્રેસે બે વધારાના નિર્ણયો લીધા હતા :

(1) સમગ્ર દેશમાં રાજકીય મંડળોએ મંજૂર કરેલા ખરડાઓને પસાર કરવાનો પ્રયત્ન કૉંગ્રેસે કરવો જોઈએ.

(2) બીજો, બીજી કૉંગ્રેસ 1886માં ડિસેમ્બરની 28મીએ કલકત્તામાં બોલાવવી.

આ નિર્ણયો મહત્ત્વના હતા. નેતાઓએ કૉંગ્રેસને એક એકલદોકલ બનાવ તરીકે જોયો ન હતો, પરંતુ તેને એક

ચળવળ તરીકે જોઈ હતી.



સામાજિક સુધારણાને સ્પર્શ કરવામાં આવ્યો ન હતો. એ તમે ઉપરની ચર્ચામાં જોયું હશે. કેટલાક સભ્યોએ તેવા સુધારાઓને હાથ ઉપર લેવા પર ભાર મૂક્યો હતો. પરંતુ તેના વિશે પાયાના ભેદો હોવાને કારણે તેમ થઈ શક્યું નહિ. કોંગ્રેસનું ઔપચારિક સમાપન થયા પછી, તે જ સ્થળે કેટલાક સભ્યોએ, ઘણા લોકોની હાજરીનો લાભ લઈને, બાળલગ્ન, ફરજિયાત વૈધવ્ય જેવા પ્રશ્નો અંગે જાહેર સભામાં ચર્ચા કરી હતી.

**તમારી પ્રગતિ ચકાસો - ગ**

1. શિક્ષિત હિંદીઓ સમાજના કયા વર્ગમાંથી આવતા હતા ? પાંચ લીટીમાં લખો :

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. કોંગ્રેસના પ્રથમ પ્રમુખે કોંગ્રેસના જે હેતુઓ અને મહેચ્છાઓની વ્યાખ્યા આપી હતી તેની સુચિ આપો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3. કોંગ્રેસે પસાર કરેલા ચાર ઠરાવો જણાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 9.7 કોંગ્રેસના ઉદ્ભવ અંગેના વિવાદો (Controversies Relating to its Origin)

હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસે હિંદના ઇતિહાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે, એથી એ સ્વાભાવિક છે કે, સમકાલીન મત તેમ જ પછીના ઇતિહાસકારોએ કોંગ્રેસની સ્થાપના માટેનાં કારણોની કલ્પના કરી હશે. હકીકતમાં આ પ્રશ્નની ચર્ચા કોંગ્રેસની સ્થાપના થઈ ત્યારથી ચાલે છે. ઘણા વિદ્વાનોએ એક વ્યક્તિ કે વ્યક્તિઓ કે ખાસ પરિસ્થિતિ જેવી બાબતોને કોંગ્રેસની સ્થાપના પાછળનાં મુખ્ય તાત્કાલિક પરિબળો તરીકે ગણાવી શકાય તેને ઓળખાવવાના પ્રયત્નો કર્યા છે. પરંતુ આ પુરાવો અસંગત છે. તેની ચર્ચા ઇતિહાસકારોમાં થતી રહી છે, બનાવ બન્યા પછી સો વર્ષે પણ આ ચર્ચા થતી રહી છે. આપણે હવે જોઈશું કે હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપનાને નીચેના વિકલ્પોના સંદર્ભમાં કેવી રીતે સમજી શકાય તે જોઈશું:

- શાસકીય કાવતરાનો સિદ્ધાંત.
- દેશના અગ્રવર્ગની મહત્ત્વાકાંક્ષાઓ અને સ્પર્ધા.
- સમગ્ર હિંદ સ્તરે એક રાજકીય સંસ્થા હોવી જોઈએ, એવી લાગણીનો વિકાસ.

હવે આપણે તેને વિગતે જોઈશું.

### 9.7.1 શાસકીય કાવતરાનો સિદ્ધાંત (Official Conspiracy Theory)

જો હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના કોઈ હિંદીએ કરી હોય તો તેને સામાન્ય અને તાર્કિક બાબત તરીકે સ્વીકારી શકાય. એક સમગ્ર હિંદની રાજકીય સંસ્થાના વિચારને એક અંગ્રેજે એ. ઓ. હ્યુમે, આખરી સ્વરૂપ આપ્યું હતું, એ વાસ્તવિકતા છે. તેને કારણે ઘણી અટકળો કરવામાં આવી છે. એક અંગ્રેજે શા માટે પહેલ કરવી જોઈએ ? હયુમ માત્ર અંગ્રેજ ન હતા, તેઓ હિંદની જાહેર સેવાના અધિકારી પણ હતા. જ્યારે તેઓ નોકરીમાં હતા ત્યારે

તેમની પાસે એવી ઘણી સામગ્રી આવી હતી જે સૂચવતી હતી બહુજન સમાજની યાતના અને કારણે અને બૌદ્ધિકો અલગ પડી જવાને કારણે એટલો બધો અસંતોષ ઊભો થયો હતો કે તે અંગ્રેજોના શાસન માટે એક જોખમરૂપ હતો, એવું કહેવાય છે. 1857ના બળવાની સ્મૃતિ હજી તાજી જ હતી. વળી હ્યુમે પોતે જ કહ્યું હતું તે પ્રમાણે, તેમનું ધ્યેય, (તેમના જ શબ્દોમાં) " સલામતીનો વાલ્વ" પૂરો પાડવાનું, અંગ્રેજોના શાસને પોતે જે 'મોટા અને વિકાસનાં પરિબળો ઊભાં કર્યાં હતાં' તેના ઉપર અંકુશ મૂકવાનું હતું. ડબલ્યું. સી. બેનરજીના મત પ્રમાણે હ્યુમ ડફરિનની સીધી સલાહ પ્રમાણે વર્તતા હતા. આ બે હકીકતોનો જો સાથે અભ્યાસ કરીએ તો એવી દલીલ ઊભી થાય છે કે, હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસ, બ્રિટિશ કાવતરાનું પરિણામ હતી. અંગ્રેજોના શાસનની સામે તેણે પડકાર ઊભો કર્યો હતો. શિક્ષિત હિંદીઓના અસંતોષને શાંતિમય અને બંધારણીય રીતે વ્યક્ત કરવાનું તેની પાછળ ધ્યેય હતું

પરંતુ ઇતિહાસકારો હવે આ મતને સ્વીકારવા તૈયાર નથી અને તે માટે ઘણાં કારણો અપાયાં છે. હ્યુમ સરકારી વર્તુળોમાં ઘણી વગ ધરાવતા હતા તેમ માનવામાં આવતું હતું તે અંગે લોકો ઘણું અતિશયોક્તિભર્યું વિચારતા. ગવર્નર જનરલ લૉર્ડ ડફરિનને લખાયેલા ખાનગી પત્રો હવે પ્રાપ્ય છે અને હ્યુમના મતને અંગ્રેજ અધિકારીઓ ગંભીરતાથી જોતા હતા તેવું તેમાં જણાય છે. હ્યુમનો હેતુ સારો હતો. તેમણે માત્ર ' સલામતી વાલ્વ ' તૈયાર કરવો હતો. શિક્ષિત હિંદીઓના અસંતોષને વ્યક્ત કરવાનો માર્ગ આપવો હતો. તેને હિંદુસ્તાન માટે સાચી - સહાનુભૂતિ હતી. તેમણે કૉંગ્રેસને ટકાવવા ઘણાં વર્ષો સુધી અથાગ કામગીરી બજાવી હતી. 1885 થી 1906નાં વર્ષોમાં તેઓ કૉંગ્રેસના સામાન્ય મંત્રી હતા, અને કૉંગ્રેસને માર્ગદર્શન અને આકાર આપવાની. તેનાં કાર્યોનું સંકલન કરવાની તેમ જ સભ્યોની નોંધણી કરવાની પ્રવૃત્તિઓમાં તેમણે મદદ કરી હતી. હ્યુમ માટે એક તરફ હિંદના લોકોના નવજીવન માટે પ્રયત્ન કરવાના હતુ અને બીજી તરફ પ્રબુદ્ધ દૂરસ્થ સામ્રાજ્યવાદને અપનાવવો એમાં કોઈ વિસંગતિ ન હતી. છેલ્લે, જૂનો સંદર્ભ આપવામાં આવ્યો તે વિકાસને કારણે, અખિલ હિંદ સંસ્થાને સ્થાપવાની જરૂરિયાત ઉત્કટતા અનુભવાતી હતી, અને હકીકતમાં આ દિશામાં કેટલાક પ્રયાસો કરવામાં આવ્યા હતા. સામાજિક અને રાજકીય વાતાવરણમાં પરિવર્તન લાવવામાં હ્યુમ કોઈ પણ રીતે જવાબદાર ન હતા. વિસ્તૃત અર્થમાં આ વાતાવરણે રાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના અને અસ્તિત્વને શક્ય બનાવ્યા હતા. કૉંગ્રેસની સ્થાપનાને માત્ર એક વ્યક્તિની પહેલ તરીકે વર્ણવી ન શકાય. તેમાં બીજાં પરિબળો પણ હતાં અને તે આપણે આગળ જોઈ ગયાં છીએ. હ્યુમ એક માત્ર પ્રબળ માધ્યમ હતા. તેમણે પ્રમાણમાં મોટા અને વ્યવસ્થિત મધ્યમ વર્ગની આકાંક્ષાઓને સાકાર કરવામાં મદદ કરી હતી. આ મધ્યમ વર્ગ જવાબદારીવાળાં સ્થાનોમાં ભાગીદારી ઝંખતો હતો. દેશના વહીવટી તંત્રને ચલાવવાની ભાગીદારી તેઓ અંગ્રેજો સાથે ભોગવવા માગતા હતા.

આ સંદર્ભમાં એક પ્રશ્ન ઊઠે છે : શા માટે શિક્ષિત હિંદીઓએ હ્યુમના નેતૃત્વને સ્વીકાર્યું હતું ? આ ક્ષેત્રમાં શિક્ષિતોમાંના કેટલાક, લગભગ એક દાયકાથી, તેમનાં ક્ષેત્રોમાં સક્રિય હતા એ દૃષ્ટિ એ આ પ્રશ્ન વધારે પ્રસ્તુત બને છે. અંગ્રેજ હોવાથી તેઓ પ્રાદેશિક પૂર્વગ્રહોથી મુક્ત હતા, એ પણ એક કારણ હોઈ શકે. પરંતુ વધારે મહત્ત્વનું કારણ લાગે છે કે હિંદના નેતાઓ ખૂબ સાવધાનીથી આગળ વધવા માગતા હતા અને અધિકારીઓના કોપને વહોરી લેવા માગતા ન હતા. નિવૃત્ત જાહેર કર્મચારી તરીકેનો આ પ્રયત્ન અધિકૃત શાસકીય વર્તુળોમાં ઓછો ખળભળાટ મચાવી શકે તેમ હતું એ અંગે તેઓનો અંદાજ ઘણો સાચો અને વાસ્તવિક હતો. આ પરિસ્થિતિમાં તેઓ શાસકોના મનમાં કોઈ શંકા ઊભી કર્યા વગર, પોતાના મતને દૃઢ કરવા અને તેને પ્રકટ કરવા માગતા હતા. પ્રમુખે પોતાના વક્તવ્યમાં તે સ્પષ્ટતાથી જણાવ્યું હતું. તેમણે નોંધ્યું હતું : "એક કરતાં વધારે પ્રસંગોએ સજ્જનોએ નોંધ લીધી હતી કે સૂચિત કૉંગ્રેસને કાવતરાંબાજો અને બિનવફાદારોના માળા તરીકે વખોડી શકે તેવું કોણ શાણું હતું ?" જો સ્થાપક અંગ્રેજ હોય તો અવિશ્વાસ માટે ઓછી શક્યતા હતી. તે સંદર્ભમાં મહાન મવાળ નેતા જી. કે. ગોખલેને વારંવાર ટાંકવામાં આવે છે :

> કોઈ હિંદી નેતા હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસનો પ્રારંભ કરી શક્યો ન હોત.... જો કૉંગ્રેસના સ્થાપક એક મહાન અંગ્રેજ, એક વિશિષ્ટ નિવૃત્ત અધિકારી ન હોત તો તે દિવસો દરમિયાન રાજકીય આંદોલન પરત્વે એવો અવિશ્વાસ હતો કે સત્તાવાળાઓએ આ ચળવળને કચડી નાંખવાનો તરત જ કોઈ માર્ગ શોધી કાઢ્યો હોત.

### 9.7.2 હિંદના અગ્ર વર્ગની મહત્ત્વકાંક્ષાઓ અને સ્પર્ધાઓ (Ambitions and Rivalries of Indian Elite)

છેલ્લા બે દાયકાઓ દરમિયાન કેમ્બ્રિજના હોય એવા ઘણા ઇતિહાસકારોએ દલીલ કરી હતી કે, હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસ કેટલીક રીતે, ખરેખર રાષ્ટ્રીય ન હતી, તે એક સ્વાર્થી વ્યક્તિઓની ચળવળ હતી અને તે તેમનાં ભૌતિક હિતો અને પ્રાદેશિક સ્વાર્થો માટે કામ કરતી હતી. (અનિલ સીલે આ મત ખૂબ જ અસરકારક રીતે રજૂ કર્યો હતો.) પરંતુ હિંદમાં આ મતને પડકારવામાં આવ્યો હતો. સત્તા માટેની લાલસા અને વ્યક્તિના સ્વાર્થની પરિપૂર્તિની ઇચ્છાને અવગણી શકાય તેમ નથી એ સાચું છે. આ પ્રકારની સમજણ જાતિભેદને કારણે ઊભી થયેલી આઘાતની લાગણીને, દેશબાંધવોની સિદ્ધિઓ પરત્વે ગૌરવની ભાવનાને અવગણતી હતી. જો બ્રિટન અને હિંદ વચ્ચેના સંબંધાની પુનર્રચના કરવામાં આવે તો દેશબાંધવોનાં હિતો સારી રીતે પુષ્ટિ પામે અને વિકસી

શકે. હિંદીઓ પાસે એક સર્વસમાન સંસ્કૃતિ અને પાયાના આર્થિક અને રાજકીય હેતુઓ હતા તેવી લાગણી વધતી જતી હતી. આકાંક્ષાઓની ઓળખ અને પરદેશી શાસન હેઠળની હતાશાઓએ આ જોડાણોને મજબૂત કર્યાં હતાં. હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસ અને બીજાં વિવિધ સંગઠનોના સ્થાપકોને આદર્શવાદ અને રાષ્ટ્રવાદી દૃષ્ટિએ પ્રેરણા આપી હતી. કારણકે વ્યક્તિ, કુટુંબ, જ્ઞાતિ અને સમાજનાં હિતો રાષ્ટ્રનાં હિતોથી ગૌણ બન્યા હતા. તેમણે એ રાષ્ટ્રીય દૃષ્ટિને સાકાર કરવા માટેના રસ્તાઓ ખોળવાનું ચાલુ રાખ્યું હતું. કૉંગ્રેસના નેતાઓની પ્રથમ પેઢી પર અંગ્રેજોનું શાસન હતું. એ શાસને હિંદમાં ઘણાં ઉદાર મૂલ્યો આણ્યાં હતાં, તેની સાથેનું સંપૂર્ણ તૂટવું તેમના દેશબાંધવોના હિતમાં ન હતું, એ હકીકત પરત્વે એ પેઢી ખૂબ જ સભાન હતી.

### 9.7.3 અખિલ હિંદી સંસ્થાની જરૂર (Need for an All-Indian Body)

વિસ્તૃત સંદર્ભમાં જોવામાં આવે તો, હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસની તે સમયના રાજકીય અને સામાજિક-આર્થિક સ્થિતિના પ્રતિસાદરૂપ હતી. એ સ્થિતિ પરદેશી શાસન હેઠળની લાંબી તાબેદારીના પરિણામે ઊભી થઈ હતી. 1880 દરમિયાન, આપણે જોઈ ગયા તેમ, રાષ્ટ્રીય સંગઠનનો વિચાર વાતાવરણમાં ઘણો વ્યાપક હતો. હકીકતમાં 1885ના છેલ્લા દસ દિવસોમાં દેશના જુદા જુદા ભાગોમાં પાંચ પરિષદો યોજાઈ હતી. મદ્રાસ મહાજનસભાએ તેની બીજી વાર્ષિક પરિષદ 22 થી 24 ડિસેમ્બર દરમિયાન ભરી હતી. સભાના સભ્યો પૂનામાં ભરાનારી કૉંગ્રેસમાં હાજરી આપી શકે એ રીતે તેને યોજવામાં આવી હતી. ઇન્ડિયન ઍસોસિયેશનની બીજી હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસનું બીજું અધિવેશન કૅલકત્તામાં મળવાનું હતું. 1885ના ડિસેમ્બરના પ્રારંભમાં જ્યારે પૂનામાં પરિષદ ભરવાના આયોજનની જાહેરાત કરવામાં આવી ત્યારે, સુરેન્દ્રનાથ બેનરજી આ પરિષદ રદ કરવા માટે મનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, તેવું જણાય છે. પરંતુ તેમણે એ તબક્કે આમ કરવા માટેની પોતાની અશક્તિ દર્શાવી હતી. 1886માં તે હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસમાં ભળી ગઈ હતી. તે સમયે બીજી બે પરિષદો પણ મળી હતી. એ પરિષદોમાંની એક જબલપુરમાં આંગ્લ હિંદીઓનાં સંતાનોએ અને બીજી અલ્હાબાદમાં પ્રયાગ કેંદ્રીય હિંદુ સમાજે ભરી હતી. દેશભરમાં શિક્ષિત વર્ગનો ઉદય થયો હતો. એક રાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના થાય તે પહેલાંનો તે સમયે હતો. શિક્ષિત વર્ગે પોતાના વિચારો પ્રદર્શિત કર્યા હતા અને સંસ્થાકીય વિકાસ સિદ્ધ થયો હતો. હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસ, શિક્ષિત સમૂહોની જાગૃતિની ચરમસીમા હતી.1830થી એક લાંબી રાજકીય વિચારોની પ્રક્રિયા અને સંગઠનની પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો અને તેનું સર્વોત્કૃષ્ટ બિંદુ તેમાં દેખાતું હતું. સમકાલીન બંને ભાગીદારો અને નિરીક્ષકોએ એ બે બાબતો પરત્વે સભાનતા બતાવી હતી, એ નોંધવું રસપ્રદ છે. એક, તેઓ ઇતિહાસનું સર્જન કરી રહ્યા હતા અને બીજું, કૉંગ્રેસ રાષ્ટ્રત્વની લાગણીના વિકાસનું પ્રતીક હતી. ઇતિહાસના ચુકાદાએ તેમના મતને સમર્થન આપ્યું છે.

**તમારી પ્રગતિ ચકાસો - ઘ**

1. 'સલામતીના વાલ્વ' નો સિદ્ધાંત એટલે શું ? આશરે સો શબ્દોમાં લખો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

2. કૉંગ્રેસના ઉદ્ભવને લગતા કયા સિદ્ધાંતો તમને સ્વીકાર્ય જણાય છે ?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................

........................................................................

## 9.8 સારાંશ

1885માં હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થાપના થઈ તે સીમાચિહ્નરૂપ નવા યુગના આગમનની હતી. હવે પ઼ સાઠેક વર્ષમાં રાષ્ટ્રની સ્વતંત્રતા, સાર્વભૌમત્વ અને આત્મનિર્ભરતાની ઝંખનાની પરિપૂર્તિ થવાની હતી અ તેની સાક્ષી બનવાની હતી. પ્રારંભમાં કૉંગ્રેસ એક સુગ્રથિત રાજકીય સંસ્થા ન હતી તે હકીકત છે. તેનું નિય સભ્યપદ ન હતું કે કેંદ્રીય કાર્યાલય ન હતું. તેના દૃષ્ટિબિંદુ ઘણા મવાળ અને નમ્ર હતા, પરંતુ કોઈકે સાચું છે કે મહાન સંસ્થાઓનો પ્રારંભ ઘણી વાર નાનો હોય છે.

## 9.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અગ્ર વર્ગ :** સમાજના ઉપલા સ્તરના લોકો.

**મુફસિલ :** અંગ્રેજોના શાસન હેઠળના પ્રારંભનાં કેંદ્રો જેવાં કે, કલકત્તા, મદ્રાસ અને મુંબઈ.

**પુનર્જાગૃતિ :** સાંસ્કૃતિક જાગરણની પ્રક્રિયા યુરોપમાં 14 મી અને 16મી સદી દરમિયાન થયેલું સામા આમૂલ પરિવર્તન.

**સુધારણા :** ધાર્મિક સુધારણા આધુનિકીકરણની પ્રક્રિયામાં મહત્ત્વનું પગલું, પશ્ચિમ યુરોપમાં 15મી સ પુનર્જાગૃતિ પછી થયું.

## 9.10 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો - ક**

1. વિભાગ 9.2 વાંચો :
2. (ક) ગ (ક) અ (ખ) બ
3. (અ) X (બ) ✓ (ક) ✓ (ડ) X

**તમારી પ્રગતિ ચકાસો - ખ**

1. પેટા વિભાગ જુઓ :
2. (ક) ✓ (ખ) X (ગ) X (ઘ) X
3. પેટા વિભાગ જુઓ : 9.4.2

**તમારી પ્રગતિને તપાસો - ગ**

1. તમારા જવાબો વિભાગ 9.5 માંથી લખો.
2. પેટા વિભાગ જુઓ ! 9.6.2
3. પેટા વિભાગ જુઓ ! 9.6.4

**તમારી પ્રગતિને ચકાસો - ધ**

1. પેટા વિભાગ જુઓ 9.7.1
2. 9.7 વિભાગ આખો વાંચી અને તમારા પોતાના ઉત્તરો લખો.

# એકમ 10 હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસ : મવાળો અને જહાલો (Indian National Congress : Moderates and Extremists)

રૂપરેખા


10.1 ઉદ્દેશો
10.1 પ્રસ્તાવના
10.2 કોંગ્રેસની રચના
10.2.1 મધ્યમ વર્ગીય સંગઠન
10.2.1 કાર્યપદ્ધતિ
10.3 મવાળો
10.3.1 માગણીઓ અને કાર્યક્રમ
10.3.2 કાર્યનું મૂલ્યાંકન
10.4 જહાલો
10.4.1 જહાલોની વિચારસરણીનો પાયો
10.4.2 જહાલોની ક્રિયાશીલતા
10.5 મવાળો અને જહાલો : એક વિશ્લેષણ
10.5.1 બંને વચ્ચે ભેદ
10.5.2 વ્યક્તિત્વનો સંઘર્ષ
10.5.3 ખુલ્લો સંઘર્ષ અને ભંગાણ
10.5.4 ભંગાણનાં પરિણામ
૧૦.૬ સારાંશ
૧૦.૭ ચાવીરૂપ શબ્દો
૧૦.૮ 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો


## 10.0 ઉદ્દેશો

આ એકમમાં આપણે હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસનો વિકાસ અને પ્રારંભના રાષ્ટ્રીય નેતૃત્વની ચર્ચા કરીશું. આ એકમ વાંચ્યા પછી તમે નીચેની બાબતો સમજી શકશો :

- પ્રારંભની કોંગ્રેસનાં લક્ષણોનું વર્ણન.
- કોંગ્રેસમાં મવાળ ને જહાલ વચ્ચે પરસ્પર વિરોધી દૃષ્ટિકોણનો કેવી રીતે ઉદ્ભવ થયો?
- બે વચ્ચેના મતભેદના મુદ્દાઓ કયા હતા?
- મવાળો અને જહાલોમાં રહેલા મતભેદો 1908માં કોંગ્રેસના ભંગાણ તરફ કેવી રીતે દોરી ગયા.
- તે ભંગાણે કોંગ્રેસ અને રાષ્ટ્રીય ચળવળ પર કેવી અસર કરી?

## 10.1 પ્રસ્તાવના

હિંદના તખતા ઉપર કામ કરતાં વિવિધ પરિબળોને કારણે 1885માં હિંદની રાષ્ટ્રીય કોંગ્રેસ અસ્તિત્વમાં આવી તેને તમે સાતમા એકમમાં અભ્યાસ કર્યો, કોંગ્રેસના જાહેર કરેલા હેતુઓ હતા :

- દેશના વિવિધ ભાગોમાંથી આવતા રાજકીય કાર્યકરોમાં મૈત્રીના સંબંધોની વૃદ્ધિ કરવી.
- જ્ઞાતિ, સંપ્રદાય કે ધર્મના કોઈ પણ ભેદભાવ વગર રાષ્ટ્રીય એકતાની ભાવનાનો વિકાસ કરવો અને તેને દૃઢ કરવી.
- દેશના કલ્યાણ માટે શિક્ષણ અને લોકમત કેળવવો.

પ્રારંભનાં વર્ષોએ (1885-1905) હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસનો વિકાસ જોયો હતો. એ સમય દરમિયાન કોંગ્રેસમાં મવાળ નેતાઓનું પ્રભુત્વ હતું. ધીરે ધીરે, મવાળોની નીતિઓ સાથે અસહમત થતા, અને આક્રમક પગલાંઓમાં માનતા એક વિભાગનો ઉદય થયો. તેમના તે આક્રમક માનસિક વલણને કારણે તે સમૂહ જહાલ કહેવાયો હતો. બંને સમૂહો અંગ્રેજોના શાસનનો વિરોધ કરવા માટે જુદી જુદી રાજકીય પદ્ધતિમાં માન્યતા ધરાવતા હતા. તેમના મતભેદોને કારણે 1907માં કોંગ્રેસમાં ભંગાણ પડ્યું હતું. આ એકમમાં આપણે કોંગ્રેસના આ વિકાસનો અને તેણે કેવી રીતે રાષ્ટ્રીય ચળવળ પર અસર કરી તેનો અભ્યાસ કરીશું.

## 10.2 કૉંગ્રેસની રચના (Composition of the Congress)

1885માં મુંબઈમાં પ્રથમ બેઠકના પ્રારંભથી 1886માં કૉંગ્રેસ (કલકત્તામાં બીજી બેઠક) 'સમગ્ર દેશની કૉંગ્રેસ' બની ચૂકી હતી. 1885માં માત્ર 72 પ્રતિનિધિઓએ કૉંગ્રેસની બેઠકમાં હાજરી આપી હતી. જ્યારે કલકત્તામાં (1886) 434 પ્રતિનિધિઓ વિવિધ મંડળો અને સંસ્થા દ્વારા ચૂંટાયા હતા. કૉંગ્રેસનું વાર્ષિક સંમેલન દેશના વિવિધ ભાગોમાં મળે તેવો નિર્ણય લેવાયો હતો.

### 10.2.1 મધ્યમ વર્ગીય સંસ્થા (Middle Class Organisation)

સમગ્ર દેશનું પ્રતિનિધિત્વ કરતી હોવાને કારણે કૉંગ્રેસ એક માત્ર જાતિ, જ્ઞાતિ, સંપ્રદાયો, વ્યવસાયો, વ્યાપાર અને ધંધાઓ તેમ જ પ્રાંતો સર્વ માટેનું પ્લૅટફૉર્મ બની હતી. પરંતુ આ વિસ્તૃત વર્ણન તેનું સાચું ચિત્ર આપતું નથી. હકીકતમાં વિવિધ જ્ઞાતિઓ, સંપ્રદાયો, જાતિઓ, વ્યવસાયો અને પ્રાંતોના પ્રતિનિધિત્વમાં ઘણી અસમાનતા હતી. વ્યવસાયોમાં કાનૂની વ્યવસાયનું પ્રતિનિધિત્વ સૌથી વધારે હતું. જ્ઞાતિઓમાં બ્રાહ્મણોની સંખ્યા પ્રમાણમાં વધારે હતી. અનિલ સીલે તેમના પુસ્તક The Emergence of Indian Nationalism (Cambridge, 1968)માં જણાવ્યું છે તે પ્રમાણે પ્રાંતોમાં, પ્રેસિડેન્સીઓ-મુંબઈ, કલકત્તા અને મદ્રાસ અગ્રણીઓ ભાગ ભજવતા હતા. સામાન્ય જનતાની ગેરહાજરી ઊડીને આંખે વળગે તેવી હતી. આવી જ બાબત જમીન ધરાવનારા વર્ગની હતી. આમ, કૉંગ્રેસ ઓછે કે વત્તે અંશે, સમગ્ર રીતે મધ્યમ વર્ગની બાબત હતી. કૉંગ્રસની પ્રારંભની બેઠકોમાં હાજર રહેલા સભ્યોની સંખ્યા આ વિધાનની પરિપૂર્તિ કરે છે.

કોઠો 1 : હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસની રચના 1885-1888

| સ્થળ અને બેઠકનું | વર્ષ | ધારાશાસ્ત્રીઓ | પત્રકારો | તબીબો | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|
| મુંબઈ | 1885 | 39 | 14 | 01 | 18 | 75 |
| કલકત્તા | 1886 | 166 | 40 | 16 | 212 | 434 |
| મદ્રાસ | 1887 | 206 | 43 | 08 | 350 | 607 |
| અલ્હાબાદ | 1888 | 435 | 73 | 42 | 698 | 1248 |

કોઠા 1 ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે, પ્રથમ કૉંગ્રેસમાં અડધા કરતાં વધારે પ્રતિનિધિઓ ધારા-શાસ્ત્રીઓ હતા ને આવનારા દાયકાઓ સુધી મોટા ભાગની કૉંગ્રેસની બેઠકોના પ્રતિનિધિઓનો ત્રીજો ભાગ પત્રકારો, તબીબો અને શિક્ષકો જેવા વ્યવસાયમાંથી આવવાનું ચાલી રહ્યું હતું. તેમાં પ્રથમ બેઠકમાં માત્ર બે શિક્ષકો હતા. પરંતુ, તેમની સંખ્યા ચોથી બેઠકમાં 50 થઈ હતી. તેઓ સીધી રીતે પ્રતિનિધિત્વ ધરાવતા ન હતા. તેઓ પણ ચળવળની સાથે સહાનુભૂતિ ધરાવતા હતા. જોકે જૂની અમીરશાહી, જાહેર બાબતોમાં રસ લેતી ન હતી. છતાં કૉંગ્રેસે તેનો ટેકો મેળવવાનો પણ પ્રયત્ન કર્યો હતો. અંગ્રેજો અને દેશી રજવાડાંઓના હિંદ વચ્ચે એકતા હતી, એ બતાવવા માટેનો હેતુ રજવાડાં અને અમીરશાહીનો ટેકો મેળવવાના પ્રયત્નો પાછળ હતો. ઇંગ્લેન્ડ રૂઢિચુસ્તો પર સહેજે પ્રભાવ પાડી શકે તેમ હતું; અને એ ચળવળને નાણાકીય મદદ પણ પૂરી પાડી શકે એમ હતું.

### 10.2.2 કાર્યપદ્ધતિ (The Methods of Work)

પ્રારંભના કૉંગ્રેસના સભ્યોને શાંતિમય અને બંધારણીય ઝુંબેશની અસરકારકતામાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. વાર્ષિક બેઠકોમાં પ્રેસ અને પ્લૅટફૉર્મ એ તેમના વાહકો હતા. જોકે પ્રેસ એક માત્ર વાહક હતું અને તેના દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન કૉંગ્રેસનું પ્રચારકાર્ય ચાલ્યાં કરતું. હકીકતમાં ઘણા નેતાઓ અંગ્રેજી અથવા હિંદી ભાષાઓના વર્તમાનપત્રોના સંપાદકો હતા અને તેઓ તેમની કલમનો જોરદાર ઉપયોગ કરતા હતા. વાર્ષિક બેઠક બોલાવવી એ કૉંગ્રેસના પ્રચારની બીજી પદ્ધતિ હતી. આ સભાઓમાં સરકારી નીતિની ચર્ચા કરવામાં આવતી અને અસરકારક રીતે ઠરાવો પસાર કરવામાં આરતા. મધ્યમ વર્ગના શિક્ષિત વિભાગ અને સરકાર બંનેનું ધ્યાન વાર્ષિક બેઠકે દોર્યું હતું. પરંતુ, કૉંગ્રેસની બેઠક વર્ષમાં માત્ર બે કે ત્રણ દિવસ માટે જ મળતી હતી. તે એની સૌથી મોટી મર્યાદા હતી. બે બેઠકો વચ્ચેના સમયગાળા દરમિયાન કાર્ય કરવા માટે કોઈ તંત્ર ન હતું

કૉંગ્રેસના સભ્યોને ઇંગ્લેન્ડની ન્યાય અને સારપની સમજણમાં ભારે શ્રદ્ધા હતી. જો હિંદની સાચી બાબતોની જાણ અંગ્રેજોને થાય તો બધું બરાબર થઈ જશે તેવું તેઓ માનતા હતા. તેમની દૃષ્ટિએ તેમના હક્કોની વચ્ચે તે નોકરશાહી આવતી હતી. તેથી તેમનો હેતુ હિંદના લોકમતને કેળવવાનો અને હિંદીઓને હક્કો પરત્વે સભાન બનાવવાનો હતો. જે સમસ્યાઓનો હિંદીઓ સામનો કરતા હતા તેની જાણ અંગ્રેજોને કરવાની હતી અને તેમને હિંદ પરત્વેની તેમની ફરજ પરત્વે સભાન બનાવવાનો આશય પણ હતો. પાછલા હેતુની પરિપૂર્તિ માટે અગ્રણી હિંદીઓના પ્રતિનિધિ મંડળને 1889માં બ્રિટન મોકલની હિંદીઓના દૃષ્ટિકોણને રજૂ કરવામાં આવ્યો હતો. 1889માં હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસની ઇંગ્લેન્ડની સમિતિની રચના કરવામાં આવી હતી'. 1890માં પ્રચારકાર્ય કરવા માટે આ સમિતિએ તેના સાધન 'ઇન્ડિયા' નો પ્રારંભ કર્યો હતો.

દાદાભાઈ નવરોજીએ તેમના જીવનનો મોટો ભાગ ઇંગ્લેન્ડમાં પસાર કર્યો હતો. તેઓ ઇંગ્લેન્ડની સંસદના નીચલા ગૃહમાં (House of Commons) ચૂંટાયા હતા અને તેઓએ ગૃહમાં મજબૂત હિંદી લોબી ઊભી કરી હતી.

**તમારી પ્રગતિ ચકાસો - ક**

1. કોંગ્રેસની રચના સમયે તેનાં કયાં મુખ્ય ત્રણ લક્ષ્યો હતાં તે જણાવો.

   (ક) ................................................................................

   (ખ) ................................................................................

   (ગ) ................................................................................

2. પ્રારંભનાં વર્ષોમાં કોંગ્રેસના એક મધ્યમ વર્ગની સંસ્થા હતી ? આઠ લીટીમાં લખો.

   ................................................................................

   ................................................................................

   ................................................................................

   ................................................................................

   ................................................................................

   ................................................................................

   ................................................................................

   ................................................................................

## 10.3 મવાળો (The Moderates)

પ્રથમ તબક્કા દરમિયાન (1885-1905) કોંગ્રેસનો કાર્યક્રમ ખૂબ મવાળ હતો. તેણે મવાળ બંધારણીય સુધારાઓ, આર્થિક રાહત, વહીવટી પુનર્વ્યવસ્થા અને નાગરિક હક્કોનાં રક્ષણની માગણી કરી હતી.

### 10.3.1 માગણીઓ અને કાર્યક્રમ (The Demands and Programme)

વધારે મહત્ત્વની માંગણીઓ નીચે મુજબ હતી :

- પ્રાંતીય કાઉન્સિલોને સંગઠિત કરવી.
- આઈ. સી એસ. ( I.C.S.) માટેની પરીક્ષાઓ એક સાથે હિંદ અને ઈંગ્લેન્ડમાં થાય.
- હિન્દની કાઉન્સિલને દૂર કરવી કે તેનું પુનર્ગઠન કરવું.
- કારોબારીને ન્યાયતંત્રથી અલગ કરવી.
- શસ્ત્રોને લગતા કાયદાને (Arms Act) રદ કરવો.
- લશ્કરમાં હિંદીઓની અધિકારીઓના હોદ્દાઓ પર નિયુક્તિ કરવી.
- લશ્કરી ખર્ચને ઘટાડવો, અને
- દેશના બીજા ભાગોમાં કાયમી જમાબંદી (વસૂલાત) દાખલ કરવો.

સરકારનાં બધાં મહત્ત્વનાં પગલાંઓ પરત્વે કોંગ્રેસે પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કર્યું હતું અને તેમાંથી જે અપ્રિય હોય એની સામે વિરોધ કર્યો હતો. તે માંગણીઓને વર્ષોવર્ષ દોહરાવવામાં આવી હતી. જો કે સરકાર તરફથી તે માટે ભાગ્યે જ કોઈ પ્રતિસાદ મળતો. પ્રથમ વીસ વર્ષ દરમિયાન (1885-1905) વ્યવહારમાં કોંગ્રેસના કાર્યક્રમોમાં કોઈ પરિવર્તન આવ્યું ન હતું. મુખ્ય માગણીઓ જે પ્રથમ ત્રણ બેઠકોમાં તૈયાર કરવામાં આવી હતી, તે વ્યવહારમાં એ જ રહી હતી.

કોંગ્રેસનો આ તબક્કો મવાળવાદી તબક્કો જણાય છે તે સમય દરમિયાન, નેતાઓ માગણીઓ કરવામાં સાવધાન હતા. તેઓ સરકારને નારાજ કરવા માગતા ન હતા અને તે રીતે તેમની પ્રવૃત્તિઓ દબાઈ જાય તેમ પણ ઇચ્છતા ન હતા. 1885 થી 1892 દરમિયાન, તેમની મુખ્ય માગણી ધારાકીય કાઉન્સિલને વિસ્તૃત કરવી અને સુધારાને ચાલુ રાખવાની હતી. લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓને કાઉન્સિલમાં સભ્યપદ આપવા માટેની અને આ કાઉન્સિલની સત્તાઓમાં વધારો કરવાની પણ માંગણી હતી.

1892માં સરકારને ઇન્ડિયન કાઉન્સિલનો કાયદો પસાર કરવાની ફરજ પાડવામાં આવી, પરંતુ તે કાયદાની કલમો કોંગ્રેસના નેતાઓને સંતોષવામાં નિષ્ફળ ગઈ હતી. તેમણે જાહેર નાણાં પર હિંદના અંકુશની માગણી કરી હતી, અને અમેરિકાના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાનના સૂત્રની 'પ્રતિનિધિત્વ નહિ તો કર નહિ.' ને સ્વીકાર્યું હતું. 1905 સુધીમાં કોંગ્રેસે સ્વરાજ કે હિંદીઓ માટે સ્વશાસનની માંગણીને આગળ કરી હતી. અંગ્રેજોને સામ્રાજ્યમાં આવેલી ઑસ્ટ્રેલિયા અને કેનેડા જેવી, સ્વ-શાસિત વસાહતોના મોડેલના આધારે તે માગણી

કરવામાં આવી હતી અને તેનો સૌ પ્રથમ ઉલ્લેખ જી. કે. ગોખલેએ 1905માં (બનારસમાં) કર્યો હતો અને ત્યાર બાદ 1903માં (કલકત્તામાં) દાદાભાઈ નવરોજીએ એને સ્પષ્ટ રીતે રજૂ કરી હતી.

**હિંદનું આર્થિક ધોવાણ (Economic Drain of India)**

રાષ્ટ્રવાદીઓએ તે તબક્કા દરમિયાન, હિંદના આર્થિક ધોવાણનો એક મહત્ત્વનો મુદ્દો રજૂ કર્યો હતો. દાદાભાઈએ અંગ્રેજોના શાસનને 'એક કાયમી અને પ્રત્યેક દિવસે વૃદ્ધિ પામનાર આક્રમણ' દેશનો ધીરે ધીરે નાશ કરનારા તરીકે વર્ણવ્યું હતું. રાષ્ટ્રવાદીઓના મંતવ્ય પ્રમાણે અંગ્રેજો હિંદના ઉદ્યોગોના નાશ માટે જવાબદાર હતા. હિંદની ગરીલાની નાબૂદી માટે આધુનિક ઉદ્યોગોનો વિકાસ, તેમની દૃષ્ટિએ એક ઉપાય હતો. સરકાર તે જકાત રક્ષણ અને સીધી સરકારી મદદ દ્વારા કરી શકે એમ હતી. જોકે, આ બાબતમાં સરકારની નિષ્ફળતા જોયા પછી રાષ્ટ્રવાદીઓએ સ્વદેશી કે હિંદના માલના વપરાશ અને ઇંગ્લૅંડના માલના બહિષ્કારને હિંદના ઉદ્યોગોની વૃદ્ધિ કરવા માટેના વિચાર તરીકે લોકપ્રચલિત બનાવ્યો હતો.

તેમણે માગણી કરી હતીઃ

- હિંદના આર્થિક ધોવાણનો અંત લાવવો.
- ખેડૂતો ઉપર કરભારણ ઘટાડવા માટે જમીનમહેસૂલને ઘટાડવું.
- બગીચા મજૂરો માટેની કામની પરિસ્થિતિમાં સુધારો કરવો.
- મીઠાવેરાની નાબૂદી કરવી અને
- હિંદી સરકારના જંગી લશ્કરી ખર્ચામાં ઘટાડો.

તેમણે પ્રેસ અને વક્તવ્યની સ્વતંત્રતાના મૂલ્યને સંપૂર્ણ માન્યતા આપી હતી અને તેના ઉપર કાપ મૂકવાના બધા પ્રયત્નોની ઝાટકણી કાઢી હતી. હકીકતમાં, પ્રેસ ઉપરના અંકુશોને દૂર કરવા માટેની લડત, રાષ્ટ્રની સ્વાતંત્ર્ય લડતના એક અવિભાજ્ય અંગરૂપ હતી. તે માંગણીની પ્રગતિશીલ પ્રકૃતિ અને તેનું હિંદના મધ્યમ વર્ગની જરૂરિયાતો અને આકાંક્ષાઓ સાથેનું જોડાણ આ માંગણીઓથી સ્પષ્ટ થાય છે. આમાંના મોટા ભાગનાનો વિરોધ આર્થિક અને રાજકીય પશ્ચદ્દભૂમિકા પર હતો. રેલવે માટેની પરદેશી મૂડીની મોટા પાયા પર આયાત, બાગાયતી વસાહતો અને ઉદ્યોગો તેમ જ સરકારે તેને પૂરી પાડેલી સુવિધાઓ પણ એ પશ્ચાદ્‌માં હતા. લશ્કર અને જાહેર સેવા પરના ખર્ચને પડકારીને તેમણે આડકતરી રીતે, હિંદમાં અંગ્રેજોના શાસનના પાયાને પડકાર ખ્યો હતો. હિંદના લશ્કર અને મહેશૂલના, એશિયા અને આફ્રિકામાં, ઇગ્લૅંડના સામ્રાજ્યવાદી હેતુની પરિપૂર્તિ માટે થતા ઉપયોગને, અન્ય પ્રકારના આર્થિક શોષણ તરીકે લેખવામાં આવ્યું હતું. કેટલાકે તો હિંદના મહેસૂલ પર ખુદ અંગ્રેજોના શાસનનો સમગ્ર ભાર મૂકવાની યોગ્યતા અંગે પ્રશ્ન ઊભો કર્યો હતો. ધોવાણના સિદ્ધાંતના સ્વરૂપમાં તેમણે લોક માનસ ઉપર પરદેશી શોષણના એક પ્રખર પ્રતીકની છાપ ઊભી કરી હતી.

હિંદી નેતાઓને આર્થિક વિકાસની સમસ્યા સાથે ઘણી નિસબત હતી. તેને તેઓ એકલદોકલ ક્ષેત્રના વિકાસને બદલે સમગ્ર વિકાસ તરીકે જોતા હતા. તેમના માટે પ્રાણ પ્રશ્ન, હિંદના સર્વાંગીય આર્થિક વિકાસનો હતો. વિવિધ ક્ષેત્રોના વિકાસને, દેશના આર્થિક વિકાસમાં તેમના પ્રદાનના સંદર્ભમાં જોતા હતા. વળી ગરીબીની સમસ્યાને ઉત્પાદન અને આર્થિક વિકાસના અભાવ તરીકે જોતા હતા.

**આર્થિક માંગણીઓનું સ્વરૂપ (Nature of Economic Demands)**

આપણે આગળ નોંધ્યું તેમ, તેમની રાજકીય માગણીઓ મવાળ હતી, તેમની આર્થિક માગણીઓનું સ્વરૂપ જલદ હતું. હિંદી નેતાઓએ મૂળે, સામ્રાજ્યવાદ વિરોધી આર્થિક નીતિઓનો પક્ષ લીધો હતો. તેમણે હિંદ અને ઇંગ્લૅંડ વચ્ચેના આર્થિક સંબંધોમાં પાયાના પરિવર્તન પર ભાર આપ્યો હતો. તેમણે પરદેશની શાસકોના હિંદના કાચો માલ પૂરો પાડનારા અને ઇંગ્લૅંડના ઉત્પાદનોના બજાર તરીકે ઊભા કરવાના પ્રયત્નોનો જોરદાર વિરોધ કર્યો હતો. તેમણે જકાત, વેપાર, વાહનવ્યવહાર ને કરવેરા પરની સરકારી નીતિઓની ટીકા કરી હતી. તેને તેમણે દેશના ઉદ્યોગોના વિકાસને મદદરૂપ નહિ પણ અવરોધક માની હતી.

## 10.3.2 કાર્યનું મૂલ્યાંકન (Evaluation of Work)

કૉંગ્રેસે રજૂ કરેલી માંગણીઓની ગમે તે મર્યાદા હોય, પરંતુ તે સાચા અર્થમાં રાષ્ટ્રીય સંસ્થા હતી. તેનાં દ્વાર બધા વર્ગો અને સૌ માટે ખુલ્લાં હતાં. તેના કાર્યક્રમો બધાં હિતોને આવરી લેવા માટે પૂરતાં વિસ્તૃત હતાં. તે એક પક્ષ નહોતો, પણ એક ચળવળ હતી તેમ કહી શકાય. ભલે તેઓ શહેરી શિક્ષિત મધ્યમ વર્ગના હોય, તેમ છતાં તેઓ વિશાળ હતા. મનવાળા અને સંકુચિત તેમજ વિભાગી વર્ગનાં હિતોથી મુક્ત હતા તેવી રાષ્ટ્રીય નેતાઓની ગુણવત્તા હતી. તેમણે સામાન્ય લોકોનાં વિશાળ હિતોને ધ્યાનમાં રાખ્યાં હતાં. તેમની આર્થિક નીતિઓ પર વ્યવસાય ભૂખ્યા મધ્યમ વર્ગના, મર્યાદિત દૃષ્ટિવાળા, કાલ્પનિક માનચિત્રનો કોઈ પ્રભાવ પડ્યો નહોતો.

રાજના આર્થિક પાયાને પડકારતી, આ આલોચનાએ કૉંગ્રેસના પ્રારંભના નેતૃત્વે રાષ્ટ્રને ધરેલી અજોડ ભેટ હતી.

**ઇંગ્લૅંડની દુશ્મનાવટ**

હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસનો સૂર ભલે નરમ હતો, પરંતુ કૉંગ્રેસની ચોથી બેઠક પછી, સરકારે તેના પરત્વે દુશ્મનાવટભર્યું વલણ દાખવ્યું હતું. સમય પસાર થતો હતો અને કૉંગ્રેસને કશું નક્કર હાથ લાગતું ન હતું.

કોંગ્રેસ પરત્વે દુશ્મનાવટ રાખતા તત્ત્વોને અંગ્રેજોએ પ્રોત્સાહન આપ્યું હતું જેમ કે તેમણે કોંગ્રેસની સામે અલીગઢ ચળવળને પ્રોત્સાહન આપ્યું હતું . જેમ સદીનો અંત ભાગ આવતો જતો હતો તેમ, લૉર્ડ કર્ઝન હેઠળ અંગ્રેજોનું વલણ વધારે દુશ્મનાવટવાળું થતું જતું હતું લૉર્ડ કર્ઝનની સૌથી મોટી મહત્ત્વાકાંક્ષા કોંગ્રેસને શાંતિથી ખતમ કરવાની હતી. જોકે તેમણે લીધેલાં કેટલાંક પગલાંએ રાષ્ટ્રવાદી અસંતોષને માત્ર ઉત્તેજિત કર્યો હતો. જોકે, તેમણે જુલ્મગારની પદ્ધતિથી યુનિવર્સિટી શિક્ષણને અંકુશમાં રાખવાનો પ્રયત્નો કર્યા હતો અને બંગાળના ભાગલા પાડ્યા હતા તે કારણે મજબૂત રાષ્ટ્રીય જાગૃતિ ઊભી થઈ હતી.

તે સમય દરમિયાન, મવાળો રાજકીય ભિક્ષુકો હતા તેવી એક સામાન્ય છાપ ઊભી થતી હતી. તેઓ અંગ્રેજ સરકારને, નાના લાભો મેળવવા માટે માત્ર અરજી અને વિનંતીઓ કરતા હતા. તમે આગળ અભ્યાસ કરી ગયા તેમ, હિંદના રાષ્ટ્રવાદના ઇતિહાસમાં મવાળાઓએ કટોકટીના સમયે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. હકીકતમાં, મવાળોના વિચારોનો વિકાસ એ, રાજા રામમોહન રોયે જે સમકાલીન યુરોપની બૌદ્ધિક, ઉદાર પરંપરા અપનાવી હતી, તેની પરિણતિ હતી. તેમના સુધારાના વિચારોએ આખરે, પ્રારંભની કોંગ્રેસે જે માંગણીઓ રજૂ કરી હતી, તેની માંડણી કરી આપી હતી. જેવું રાજા રામમોહન રૉયનું હતું તેવું જ, પ્રારંભના કોંગ્રેસના નેતાઓનું હતું. તેમના માટે અંગ્રેજોનો વહીવટ સતત ચાલતાં રાજકીય વિકાસ માટે મહત્ત્વનો હતો. એમની ભાષા સાવધાનીપૂર્વકની હતી ને તેમની અપેક્ષાઓ વિનીત હતી. પરંતુ, સમય બદલાવાની સાથે મવાળો પણ પોતાનો અભિગમ બદલતા ગયા . 1905 થી ગોખલેએ શાશતનના ધ્યેયની વાત કહેવાનુ શરૂ કર્યું હતું અને 1906માં દાદાભાઈ નવરોજીએ કોંગ્રેસના ધ્યેય તરીકે **સ્વરાજ** શબ્દનો ઉલ્લેખ કર્યો હતો. આમ છતાં મવાળોને, કોંગ્રેસમાં જહાલ નેતૃત્વનો ઉદય થવાને કારણે પોતાની જાત મુશ્કેલીમાં મુકાતી જણાઈ. અંગ્રેજ અધિકારીઓને પણ તેમની પ્રામાણિકતામાં વિશ્વાસ ન હતો. જહાલો રાજકીય ક્રિયાશીલોમાં આકર્ષક યુવા વર્ગના હતા. તેમનો હેતુ સારો હતો, વફાદાર પરંતુ રાષ્ટ્રપ્રેમી, મવાળોથી અંગ્રેજોની નોકરશાહીની યુક્તિઓ સામે કંઈ વળે એમ ન હતું. તે બદલાયેલી સ્થિતિમાં જહાલો કોંગ્રેસના તખ્તા પર કેન્દ્રસ્થાને આવતા ગયા.

**તમારી પ્રગતિ ચકાસો - ખ**

1. 1885 થી 1915 દરમિયાન, કોંગ્રેસની પાંચ મુખ્ય માંગણીઓની સૂચિ આપો.

   (ક) ..........................................................................

   (ખ) ..........................................................................

   (ગ) ..........................................................................

   (ઘ) ..........................................................................

   (ઙ) ..........................................................................

2. પ્રારંભના રાષ્ટ્રવાદીઓએ **રાજ**ની આર્થિક નીતિઓની શું આલોચના કરી હતી ?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

## 10.4 જહાલો (The Extremists)

વીસમી સદીના પ્રથમ દાયકામાં જહાલવાદ રાષ્ટ્રીય તખત પર અચાનક અસ્તિત્વમાં આવ્યો ન હતો. હકીકતમાં, ખુદ 1857ના બળવાથી ધીરે ધીરે દૃશ્યમાન ન હોય તે રીતે વિકાસ તે પામતો હતો.

### 10.4.1 જહાલોની વિચારસરણીનો પાયો (Ideological Basis of Extremism)

જહાલોના મતે 1857ના બળવા પાછળના રાષ્ટ્રવાદી વિચારો **સ્વધર્મ** અને **સ્વરાજ** હતા. હિંદમાં 'ઉદાર' (મવાળો) વિચાર શાખા હિંદના આમ જનતાથી તેના બુદ્ધિવાદ અને પાશ્ચાત્ય આદર્શો પરત્વેના લગાવને કારણે લગભગ અળગો થઈ ગયો હતો. તેથી, તેમના ઊંચા આદર્શવાદ છતાં તેઓ લોકો ઉપર કોઈ અસરકારક પ્રભાવ પાડવામાં નિષ્ફળ ગયા હતા. સમય જતાં આ ખાલી જગ્યા પૂરનારો વર્ગ ઊભો થવાનો જ હતો. બધે જ પાશ્ચાત્ય ચીજ વસ્તુઓની પ્રશંસા અને નકલને કારણે અઢારમી અને ઓગણીસમી સદીમાં લોકને તેમની પ્રાચીન સંસ્કૃતિ પરત્વે ખેવના ઊભી કરતી ચળવળ ઊભી થતી હતી. એ ચળવળનો અંતરપ્રવાહ પહેલાં પણ

અસ્તિત્વમાં હતો, પરંતુ 1857ના બળવા દરમિયાન, તેનો અચાનક ખુલ્લો વિસ્ફોટ થયો હતો. જોકે અંગ્રેજી ભણેલો સમાજ મોટે ભાગે હિંદના જીવનના મુખ્ય પ્રવાહથી અળગો રહ્યો હતો અને તેવા વલણનો તેમના પર પ્રભાવ પડ્યો ન હતો. મુઠ્ઠીભર શિક્ષિતો અને સામાન્ય લોકો વચ્ચેનું અંતર ઘટાડવાનું ઐતિહાસિક કામ, રામકૃષ્ણ પરમહંસ અને તેમના અંગ્રેજી શિક્ષિત શિષ્ય સ્વામી વિવેકાનંદે કર્યું હતું. વૈદિક સાહિત્યના સારા જ્ઞાતા, સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્યસમાજની સ્થાપના કરી હતી. તેમણે પણ આ દિશામાં અગત્યની ભૂમિકા ભજવી હતી. એની બેસંટની થિયોસોફિકલ સોસાયટીએ પણ તેમાં ફાળો આપ્યો હતો. તે સામાજિક સુધારક ચળવળોએ રાજકીય સુધારાને બળ પૂરું પાડ્યું. દેશની સંસ્કૃતિ, ધર્મ અને રાજકારણ સાથે સહજ રીતે તેને લગાવ હતો. રાજકીય ઉગ્રતાવાદીઓએ તેમની પરંપરાગત સંસ્કૃતિનાં મૂલ્યોમાંથી પ્રેરણા મેળવી હતી. તેઓ ઉગ્ર રાષ્ટ્રવાદીઓ હતા. તેમને બીજા દેશો સાથે સમાનતા અને સ્વમાનની સાથે સંબંધો રાખવા હતા. તેમની પાસે આત્મસન્માનની અસાધારણ સમજણ હતી અને તેઓ તેમનાં મસ્તક ઉન્નત રાખવા ઇચ્છતા હતા. તેઓ મવાળોનો વિરોધ કરતા હતા અને તેમને અંગ્રેજો પરત્વે ગુલામી માનસ અને માનની લાગણી ધરાવનારા તરીકે જોતા હતા. જહાલો માટે મુક્તિનો અર્થ ઘણો ઊંડો અને રાજકારણથી વ્યાપક હતો. તેમના માટે મુક્તિ, જીવનના પ્રત્યેક અંશને સ્ફૂર્તિમય અને શક્તિભર બનાવનાર હતી. તેમના મંતવ્ય પ્રમાણે શાસક અને શાસિત વચ્ચેના સામર્થ્યનો મુકાબલો અનિવાર્ય હતો, અને તેમણે તેમના પોતાના સ્વપ્નના નવા હિંદુસ્તાનના નિર્માણ માટે આગ્રહ રાખ્યો. અને તેમાં તેમની દૃષ્ટિએ અંગ્રેજોએ કોઈ પ્રદાન આપવાનું ન હતું.

જહાલોના ત્રણ સમૂહો હતા : મહારાષ્ટ્ર સમૂહના નેતા બાળ ગંગાધર ટિળક હતા. બંગાળ સમૂહનું પ્રતિનિધિત્વ બી. સી. પાલ અને શ્રી અરવિંદ કરતા હતા, અને પંજાબ સમૂહનું નેતૃત્વ લાલા લજપતરાય પાસે હતું. બંગાળના જહાલો મહદ્અંશે બંકિમચંદ્રના વિચારોની અસર હેઠળ હતા. તેઓ એડમંડ બર્ક જેવા ઉદાર મતવાદી રૂઢિચુસ્ત હતા અને ભૂતકાળ સાથેનું ભંગાણ ઇચ્છતા ન હતા. તેમના મતે તેવું ભંગાણ સમસ્યાને હલ કરવાને બદલે વધારે સમસ્યાઓ ઊભી કરે તેમ હતું. તેઓ ઉપરથી લદાયેલા સુધારાઓનો વિરોધ કરવાના મતના હતા. તેમની દૃષ્ટિએ સુધારાઓ ધર્મના પાયા ઉપર આધારિત હોય એવા નૈતિક અને ધાર્મિક પુનર્નિર્માણ માટે રાહ જોવી જોઈએ. બંકિમે મવાળોની ધિક્કાર સભર ટીકા દ્વારા જહાલોની પરંપરા ઊભી કરી તેના તેઓ મશાલચી બન્યા.


જહાલોનો રાષ્ટ્રવાદ ભાવનાઓથી ઊભરાતો હતો. સામાજિક, આર્થિક અને રાજકીય આદર્શો, રાષ્ટ્રવાદની પ્રેરક કેંદ્રીય સમજણમાં સંયોજાયા હતા. એ વિચારને વિવેકાનંદ પશ્ચિમમાં લઈ ગયા અને અદ્ભુત આત્મવિશ્વાસ અને ઇચ્છાશક્તિ ઊભી કરી શક્યા હતા. શ્રી અરવિંદે રાષ્ટ્રપ્રેમને માતૃઉપાસનાનો પાયો પૂરો પાડ્યો હતો. તેમણે એક પત્રમાં લખ્યું હતું "હું મારા દેશને મારી માતા તરીકે જોઉં છું. હું તેની પૂજા કરું છું. હું તેની ઉપાસના કરું છું." શ્રી અરવિંદ દયાનંદના ઉપદેશ તરફ વધારે આકર્ષાયા હતા. દયાનંદ ભાગ્યે જ પશ્ચિમના કોઈ વિચારોની અસર હેઠળ આવ્યા હતા. તેમણે બીજા કોઈ સુધારક કરતાં દયાનંદને રાષ્ટ્ર માટે વધારે નિશ્ચિત કાર્ય કરવા માટેનું બહુમાન આપ્યું હતું. આમ, બંકિમચંદ્ર, દયાનંદ અને વિવેકાનંદે વૈચારિક પાર્શ્વભૂમિકા તૈયાર કરી હતી. તેના પાયા પર જહાલોએ પોતાના કાર્યક્રમો તૈયાર કર્યા.

### 10.4.2 જહાલોની ક્રિયાશીલતા (Extremists in Action)

તિલકે લોકોના કૌટુંબિક અને ખાનગી જીવનમાં પરદેશી સરકારની કોઈ પણ પ્રકારની દખલગીરી સામે અણગમો વ્યક્ત કર્યો હતો. 1811માં લગ્ન અંગે સંમતિ વયના ખરડા બાબત તેમણે સુધારકો સાથે તકરાર કરી હતી. તેમણે 1893માં ગણપતિ ઉત્સવનો પ્રારંભ કર્યો હતો. 1893 અને 1894 દરમિયાન શ્રી અરવિંદે ઇંદુપ્રકાશમાં 'New Lamps for Old' નું પ્રકાશન કર્યું હતું. તિલકે પૂનામાં 1895માં નેશનલ સોશિયલ કૉન્ફરન્સને તેમની બેઠક કોંગ્રેસના મંડપમાં નહિ મળી શકે તેમ જણાવી, પડકાર આપ્યો હતો. તે પરિષદ મવાળોના પ્રભાવ હેઠળ હતી. તે જ વર્ષે, જહાલોએ પૂના સાર્વજનિક સભાને મવાળો પાસેથી ખૂંચવી લીધી હતી. 1896માં એપ્રિલની 15મીએ પ્રથમ વાર શિવાજી ઉત્સવ ઊજવાયો અને 1896ના નવેમ્બરની 4 થીએ દક્ષિણ સભાની સ્થાપના સાથે મહારાષ્ટ્રમાં જહાલ અને મવાળ વચ્ચેના મતભેદ સંપૂર્ણ બની ચૂક્યા હતા. પરંતુ, સમગ્ર હિંદમાં તેવું બન્યું ન હતું જેમકે બંગાળના જહાલ નેતા બિપિનચંદ્ર પાલ મવાળોની છાવણીમાં જ હતા. તેમણે 1897માં લખ્યું " હું અંગ્રેજ સરકારને વફાદાર છું, કારણકે મારે માટે તેમના પરત્વેની વફાદારી, મારા લોકો અને મારા દેશની વફાદારી સાથે એકરૂપ છે, કારણ કે હું માનું છું કે ઈશ્વરે આ સરકારને આપણા ઉદ્ધાર માટે મોકલી છે." છેક 1902માં જ તેમણે લખ્યું હતું "અહીં કોંગ્રેસ અને લંડનમાં બ્રિટિશ કમિટી બંને ભિક્ષુક સંસ્થાઓ છે."

લજપતરાયને પણ કોંગ્રેસના કાર્યક્રમોમાં તેની નરમ અને ખુશામતખોરી નીતિને કારણે રસ ન હતો. 1893થી 1900 દરમિયાન, તેમણે કોંગ્રેસની કોઈ પણ બેઠકમાં હાજરી આપી ન હતી. તે સમય દરમિયાન, કોંગ્રેસના નેતાઓને દેશ કરતાં કીર્તિ અને ભપકાની વધારે કાળજી હતી તેવું તેમને જણાયું હતું.

એક પછી એક થતા ભ્રમનિરસનોએ મવાળોનો જુસ્સો નરમ પાડી દીધો. અને તેમના કાર્યને નબળું બનાવી દીધું હતું. રશિયા ઉપરના જાપાનના વિજયે (1904-05) સમગ્ર એશિયામાં ઉત્સાહનું મોજું ફેલાવ્યું હતું. તે વિજયે યુરોપના ચડિયાતાપણાના પરપોટાને ફોડી નાંખ્યો હતો અને હિંદીઓને આત્મવિશ્વાસ આપ્યો હતો.




10. કેસરી દૈનિક

## 10.5 મવાળો અને જહાલો : એક વિશ્લેષણ (The Moderates And Extremists : An Analysis)

જહાલો અને મવાળો વચ્ચે ઘણું સામ્ય હતું. પરંતુ રાજકીય વિચારદષ્ટિ અને પદ્ધતિઓના સંદર્ભમાં તેમની વચ્ચે કેટલાક તફાવતો પણ હતા. આ વિભાગમાં આપણે બંનેની વચ્ચેના વચ્ચેના મતભેદો જોઈશું કે જે છેવટે 1907માં સુરતના ભંગાણ તરફ દોરી ગયા. રાષ્ટ્રીય ચળવળ પર તેની શું અસર પડી તે પણ જોઈશું.

### 10.5.1 બંને વચ્ચેનો ભેદ (Differences)

તિલકે નોંધ્યું હતું જૂના (મવાળા) અને નવા (જહાલ) પક્ષોએ નોકરશાહીને અરજી કરવી એ નકામી છે એ મુદ્દા પરત્વે સંમત થયા હતા. પરંતુ જૂનો પક્ષ અંગ્રેજોને અરજ કરવામાં માનતો હતો. નવો પક્ષ તેમાં માનતો ન હતો. અંગ્રેજોના શાસન હેઠળ ઉદ્યોગોનો નાશ થયો હતો. અને દેશમાંથી, સમૃદ્ધિ બહાર ઘસડાઈ જતી હતી; હિંદીઓ ગરીબીના સૌથી નીચા સ્તરે પહોંચી ગયા હતા એવું તિલક પણ માનતા હતા. પરંતુ, બહાર નીકળવાનો કોઈ રસ્તો ન હતો. તિલકે હિંદીઓ પાસે પોતાની ઘરની ચાવી હોવી જોઈએ, અને પોતાની સરકારનું એ ધ્યેય હતું તેવું કરીને સમર્થન આપ્યું હતું અને એવું જહાલો માનતા હતા. તેમનું ભાવિ સંપૂર્ણ રીતે તેમના હાથમાં હતું અને જો તેઓ સ્વતંત્ર થવાનો નિશ્ચય કરે તો જ સ્વંતત્ર થઈ શકે તેવી પ્રતીતિ નવો પક્ષ કરાવવા ઇચ્છતો હતો.

હિંદીઓ હાથમાં શસ્ત્રો લે તેવું તિલક ઇચ્છતા ન હતા, હિંદીઓએ સ્વ-ઇન્કાર અને સ્વ-ગેરહાજરીની તેમની શક્તિનો એવી રીતે વિકાસ કરવો જોઈએ કે તેઓ પરદેશી સત્તાને પોતાના પર શાસન કરવામાં સહાય ન કરે. તિલકે પોતાના દેશના લોકોને, ખુદ પોતાની અદાલતો ચલાવવાની અને જ્યારે સમય આવે ત્યારે કર નહિ આપવાની સલાહ આપી હી. તેમણે જાહેર કર્યું હતું કે "સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે અને હું એ મેળવીને જ ઝંપીશ."

શ્રી અરવિંદનો દાર્શનિક ઉગ્રતાવાદ તો તેનાથી પણ આગળ ગયો હતો. તેમના મતે હિંદમાં સરકાર ભ્રષ્ટ પાશ્ચાત્ય અસરોનો ભોગ બની હતી. તેમાંથી બચવું હોય તો, તે સ્થિતિમાંથી હિંદીઓએ છૂટકારો મેળવવો પડે અને પોતાની ઊંચી સંસ્કૃતિનો આશ્રય લેવો જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે રાષ્ટ્રવાદનું કાર્ય હશે :

(1) હિદ માટેનું સ્વરાજ જીતવાનું. સામાજિક અને રાજકીય રોગના યુરોપથી આવતા જીવાણુઓથી સભર એવી હાલની અસ્વસ્થ રાજકીય જીવનની સ્થિતિને સંપૂર્ણપણે અને ઝડપથી સુધારી શકાય તો જ એ શક્ય બને.

(2) એવી ખાતરી આપવી કે જ્યારે સ્વરાજ્ય મેળવાશે ત્યારે તે સ્વદેશી સ્વરાજ્ય હશે અને તે આયાત કરેલો યુરોપીય પ્રકાર નહિ હોય. તેથી તેમની દષ્ટિએ સ્વરાજની ચળવળ સ્વદેશી લાગણીના ઊભરાની અભિવ્યક્તિ છે. એ માત્ર પરદેશી માલ સામે નહિ પરંતુ, પરદેશી ટેવો, પોષાક, રીતભાત અને શિક્ષણ સામે પણ હોવી જોઈએ, અને તેણે લોકોને પોતાની સંસ્કૃતિ અભિમુખ બનાવવા જોઈએ.

જહાલોએ વધારે જોરદાર અને ધારદાર ભાષાનો ઉપયોગ કર્યો હતો, તેવું ઉપરનાં લખાણથી જણાય છે. પરંતુ, જ્યાં સુધી ધ્યેયોને લાગેવળગે છે ત્યાં સુધી, તેઓ તાત્વિક રીતે મવાળોથી બહુ જુદા પડતા ન હતા. આગળ જણાવાયું તેમ, ગોખલેએ પ્રમુખ તરીકેના તેમના (બનારસ, 1905) અને દાદાભાઈ નૌરોજીએ તેમના પ્રમુખ તરીકેના વક્તવ્યમાં (કલકત્તા, 1906) પોતાની સરકાર અને **સ્વરાજ**ને કોંગ્રેસનાં ધ્યેય તરીકે રજૂ કર્યાં હતાં. આ ધ્યેયને સિદ્ધ કરવાની પદ્ધતિઓના સંદર્ભમાં ભેદો હતાં.

### 10.5.2 વ્યક્તિત્વનો સંઘર્ષ (Personality Clash)

ઉપર જણાવેલાં વલણો અને વિચાર પ્રત્યેના ભારે ભેદોની સાથે, મવાળો અને જહાલો વચ્ચેનો વિવાદ તિલકના વ્યક્તિત્વની આસપાસ ઊભો થયો હતો. તિલક અને ગોખલે પૂનામાંથી હતા. તિલક આક્રમક હતા, પૌર્વાત્યવાદી તરીકે સરકારને મારવામાં કોઈ પણ લાકડીનો ઉપયોગ કરવા તેઓ તૈયાર હતા. 'મરાઠા' અને 'કેસરી' પત્રો દ્વારા તેમણે શક્તિશાળી કલમનો ઉપયોગ કરીને લોકમત ઉપર મોટી અસર નીપજાવી હતી. ગોખલે સજ્જન અને મૃદુભાષી હતા. હિંદની નાણાકીય સમસ્યાઓ ઉપર તેમને પ્રભુત્વ હતું. ઈમ્પરિયલ લેજીસ્લેટિવ કાઉન્સિલમાં સરકારના પોકળ દાવાઓને ખુલ્લા પાડવામાં તેઓ નિષ્ણાત હતા. તેઓ માનનીય શ્રી ગોખલે (મહામના ગોખલે ) હતા. પૂનામાં તેમણે સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીની સ્થાપના કરી હતી. તે પાછળનો તેમનો હેતુ માતૃભૂમિની સેવામાં સર્વસ્વ અર્પણ કરી દેનારા, નિષ્ઠાવાળા કાર્યકરોને તાલીમ આપવાનો હતો. 'સોસાયટી' ના સભ્યોએ ગરીબીના શપથ લેવાના હતા અને વ્યવહારના કડક નિયમો પાળવાના હતા. તેમને માત્ર જીવનનિર્વાહ પૂરતું ભથ્થું અપાતું હતું અને તેમને આકરી ફરજો બજાવવાની હતી.

ગોખલે અને તિલક વચ્ચેના મતભેદ પ્રારંભના સમયથી હતા. ઓગણીસમી સદીની શરૂઆતથી પૂનામાં તીવ્ર વ્યક્તિત્વ સંઘર્ષ હતો. બન્ને ડેક્કન એજ્યુકેશન સોસાયટીના સહકાર્યકરો હોવા છતાં તિલક અને જી. જી. અંગરકર વચ્ચે તકરાર હતી. આખરે તિલકને સોસાયટીમાંથી બહાર ધકેલી દેવામાં આવ્યા. આ પછી તિલકના અનુયાયીઓ અને તેમના વિરોધીઓ વચ્ચેની કાયમી ખેંચતાણ ચાલુ રહી હતી. વિરોધીઓ મહાદેવ ગોવિંદ રાનડે અને ગોખલેની આજુબાજુ વીંટળાયેલા હતા. કોંગ્રેસની બાબતોમાં તેમને મુંબઈમાંથી ફિરોઝશાહ મહેતાનો ટેકો હતો. ગોખલેને કોંગ્રેસનો વહીવટી ટેકો હતો. મવાળો લોકપ્રિયતા ગુમાવતા ગયા અને જહાલો નવી ચેતનાની લોકોની કલ્પના પર છવાઈ જવા માંડ્યા હતા. પરિણામે નવા મિજાજનો ઉદય, મહારાષ્ટ્ર અને પૂનામાં બે ટકરાતા સમૂહો વચ્ચેનો સંઘર્ષ ખુલ્લો થતો જતો હતો.

સમગ્ર હિંદમાં આક્રોશ હતો. 'વંદે માતરમ્' દ્વારા માત્ર અંગ્રેજ સરકારના શાસન કરવાના હક્કને નહિ પરંતુ અનુભવી નેતાઓના હિંદ માટે બોલવાના હક્કને માન્ય રાખવાની વાત હતી. પણ બંગાળની બહાર બંગાળના આક્રોશનું પાણી તિલક માપી શકયા હતા. તેમને માટે બંગાળના ભાગલાએ અંગ્રેજોની ભૂલ કરતાં, હિંદની બળ પ્રાપ્ત કરવાની તક હતી. તેમણે ભાગલા વિરોધી ચળવળને ટેકો આપ્યો હતો અને બંગાળમાં ઉદય પામતા જહાલ નેતાઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ગોખલેએ બનારસ કોંગ્રેસથી (1905) તે જોડાણને વધતું જતું હતું. તિલક-પાલ જોડાણે માત્ર સરકાર માટે જ નહિ પરંતુ ઘણા કોંગ્રેસના નેતાઓ માટે પણ ઊંડી ચિંતાની લાગણી ઊભી કરી હતી. તિલક બળવાખોર નહિ તો, એક વિરોધી તો મનાતા જ હતા. 1890માં ઊભા થયેલા વિવાદોને કારણે ફિરોઝશાહ મહેતા, ડી. ઈ. વાચ્છા અને સમગ્ર મુંબઈ જૂથ તિલક પર વિશ્વાસ રાખતું હતું. મતભેદ કેટલેક અંશે સ્વભાવગત હતા. પંદર વર્ષથી મહેતાના નેતૃત્વ હેઠળના વહીવટ અને બીજી તરફ તિલક વચ્ચે ઠંડું યુદ્ધ ચાલતું હતું.

#### તમારી પ્રગતિ ચકાસો - ગ

1. જહાલવાદના ઉદય માટેના વૈચારિક પાયાઓ કયા હતા ?

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

2. જહાલોનો રાજકીય કાર્યક્રમ શું હતો ?

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

### 10.5.3 ખુલ્લો સંઘર્ષ અને ભંગાણ (Open Conflict and Split)

મુંબઈમાં મવાળ જૂથમાં તિલક અપ્રિય હતા. તેઓ ચતુર, કુનેહવાળા હતા અને તકની રાહ જોતા હતા. સમય આવ્યે દાવ અજમાવવા તૈયાર હતા. બનારસ કૉંગ્રેસમાં (1905) સધાયેલી બંગાળના જહાલવાદીઓ સાથેની એકતા તિલક માટે કલકત્તા કૉંગ્રેસમાં (1906) ઉપયોગી નીવડી હતી. ગોખલેને કલકત્તા કૉંગ્રેસ માટેનું એંધાણ મળી ચૂક્યું હતું. તેઓ આવનારી જોઈ શકયા હતા. અરસપરસ માટેનો અવિશ્વાસ કૉંગ્રેસ માટે સારી એંધાણીરૂપ ન હતો. પ્રમુખપદ માટેના વિવાદથી તેનો પ્રારંભ થયો હતો. પાલ અને શ્રી અરવિંદને પ્રમુખ તરીકે તિલક જોઈતા હતા, પરંતુ મવાળો એમને સ્વીકારવાના મિજાજમાં ન હતા. પોતાની મનમાની કરવા માટે મવાળો અસાધારણ રમત રમી ગયા હતા, અને સત્કાર સમિતિની સાથે ચર્ચાવિચારણા કર્યા સિવાય દાદાભાઈ નવરોજીને પ્રમુખપદ સ્વીકારવા માટે તાર કર્યો હતો. તેમની સ્વીકૃતિ આવ્યા પછી જહાલોને તેનો આછો ખ્યાલ આવ્યો હતો. આમ તિલકને પ્રમુખપદે સ્થાપવામાં નિષ્ફળ ગયા એટલે જહાલો-તિલક, શ્રી અરવિંદ, બિપિનચંદ્ર પાલ, અશ્વિનીકુમાર દત્ત, જી. એસ. ખાપર્ડે વગેરે-એ પોતાના મુદ્દાઓ પર ભાર આપવા માટે એક દબાણ લાવનારા સમૂહની રચના કરી હતી. જહાલો બહુમતીમાં હતા અને તેમને ઠીક ઠીક પ્રમાણમાં સ્થાનિક ટેકો હતો. વાતાવરણમાં ઘણી ગરમી હતી, અને વિષય-વિચારણી સમિતિ ખૂબ તોફાની બની. જહાલોના દબાણ નીચે ઠરાવોની ચર્ચા કરવામાં આવી હતી અને તેને સુધારવામાં આવ્યા હતા. ફિરોઝશાહ મહેતા તેમની ખફગીનો ભોગ બન્યા હતા. મહેતા, મદનમોહન માલવિયા અને ગોખલે મૂંઝાયેલા અને ત્રસ્ત હતા. આખરે ઉતાવળે સમાધાન કરવામાં આવ્યું અને બંગાળના ભાગલા પરનો ઠરાવ, સ્વદેશી અને બહિષ્કારને ફરી તૈયાર કરવામાં આવ્યા. ખુલ્લી બેઠકમાં સરળ કામગીરી થઈ શકી, જોકે વિરોધીઓના મન અને હૃદયની એકતા સ્થપાઈ ન હતી. ભયને થોડા સમય માટે ટાળી શકાયો હતો પરંતુ ઘા પાકેલો જ રહ્યો.

જોકે જહાલો કલકત્તા કૉંગ્રેસના (1906) પ્રમુખ તરીકે તિલકને ચૂંટવામાં નિષ્ફળ ગયા હતા, છતાં તેમણે ત્યાં જે પ્રાપ્ત કર્યું હતું તેનાથી તેમને સંતોષ હતો. તેઓ સબળ, સુસંગત અને શક્તિશાળી બળ તરીકે બહાર આવ્યા હતા. કૉંગ્રેસના કાર્યક્રમોને ધૂળધાણી કરવાના પ્રયત્નો માટે તેઓ નિશ્ચયી હતા અને તેમણે અવરોધો ઊભા કર્યા હતા. મવાળોએ મૂંઝવણ, અપમાન અને ભયની મિશ્ર લાગણી સાથે કલકત્તા છોડ્યું હતું. તેમને સૌથી વધારે ચિંતા, જહાલોએ અપનાવેલા ' કઠોર વર્તન' ને કારણે થઈ હતી.

મવાળો અને જહાલો બંનેએ સ્વદેશી ચળવળમાં ભાગ લીધો હતો પરંતુ સ્વદેશી પરત્વેના દૃષ્ટિકોણમાં બંને વચ્ચે મતભેદો હતો. તિલક બિપનિચંદ્ર પાલ અને શ્રી અરવિંદ માટે બહિષ્કારના બેવડા સંકેતો હતા. ભૌતિક રીતે માંચેસ્ટર પર તેના કારણે આર્થિક ભારણ આવવાનું હતું. તે દ્વારા હિંદની સરકાર પર પ્રત્યાઘાતોની હારમાળા શરૂ થવાની હતી. આધ્યાત્મિક રીતે એ સ્વશિક્ષા માટેનું ધાર્મિક કર્મકાંડ હતું. ગોખલે માટે સ્વદેશીનો આર્થિક સંદેશ હતો અને તેનો ઔદ્યોગિક પુનર્નિર્માણનો સંદેશ હતો જે તેમણે રાનડે પાસેથી મેળવ્યો હતો. સુરેન્દ્રનાથ માટે સ્વદેશી ચળવળનો મિજાજ રક્ષણાત્મક ચળવળનો હતો. આમ જનતા પાસે માટે એ ભૌતિક સમૃદ્ધિના નવા યુગનો સંકેત છે એવી સમજણ હોવાને કારણે તેમને એ સ્પર્શી શકી હતી. તિલક અને લજપતરાય માટે તે આત્મનિર્ભરતા, નિસ્વાર્થ અને ત્યાગની નૈતિક તાલી ઉપરાંત 'રાજકીય આંદોલન' માટેનું સાધન હતું. શ્રી અરવિંદ માટે સ્વદેશી 'સ્વાયત્તતા અને સમૃદ્ધિની બિનસાંપ્રદાયિકતા ન હતી. પરંતુ હિંદનું ભાવિ વિશ્વ તારકનું બિંદુ હતું. તે એ શ્રદ્ધા તરફ પાછા ફરવાની બાબત હતી. મવાળો કરતાં જહાલો માટે સ્વદેશીનું તત્ત્વ વધુ સમૃદ્ધ અને અર્થપૂર્ણ હતું.

સ્વભાવ અને વિચારસરણીના મતભેદ અને વ્યક્તિત્વના સંઘર્ષો સ્પર્ધાત્મક સમૂહો વચ્ચે કડવાશની લાગણી ઊભી કરતા હતા. જહાલો દ્વારા સતત થતી રહેતી ટીકાએ મવાળોને સાવધાન બનાવ્યા હતા. મવાળોને એવો ભય લાગ્યો હતો કે જહાલોએ બંગાળ પોતાનું કરી લીધું હતું. મહારાષ્ટ્ર, વરાડ અને પંજાબ તેમ જ બાકીનો દેશ પણ ખૂંચવાઈ જવાનો ભય ઊભો થયો હતો. તેથી મવાળો મરણિયા બન્યા હતા.

બીજી બેઠક નાગપુરમાં બોલાવવાનું કલકત્તામાં કૉંગ્રેસમાં નક્કી થયું હતું. નાગપુરમાં (1907) કૉંગ્રેસ પ્રમુખપદ ચૂંટણી મવાળો અને જહાલોનું સામર્થ્ય નક્કી કરવા માટેનો મુકાબલો બની ચૂક્યું હતું. તિલકને પ્રમુખની ખુરશી ન મળે તેવો મવાળોએ નિશ્ચય કર્યો હતો. તેવું વલણ અનિષ્ટ સૂચક હતું. અને જો તિલક પ્રમુખ તરીકે ચૂંટાય અને જહાલોનો હાથ ઉપર રહે તેવું બને તો મવાળોનો કૉંગ્રેસને તોડવાનો નિશ્ચય તેનાથી છતો થતો હતો.

મવાળો તિલકને દૂર રાખવા પરત્વે એકમત હતા, પરંતુ કોણ ચૂંટાવું જોઈએ તે વિશે એકમતી ન હતી. ગોખલેની આંખ રાસબિહારી ઘોષ પર મંડાયેલી હતી. રાસબિહારી નામાંકિત વકીલ અને પ્રભાવશાળી વક્તા હતા. પરંતુ, મવાળો નાગપુરમાં અસ્વસ્થ હતા અને ફિરોઝશાહ મહેતાએ બેઠકનું સ્થાન બદલીને સુરત રાખ્યું. ત્યાં તેમનું કંઈક ઊપજશે તેવું તેમને લાગતું હતું. જહાલોને આ ગમ્યું ન હતું. બંને બાજુએ તંગ વાતાવરણ અને અસંયમી ભાષાના ઉપયોગે સુરતમાં આવનારી કટોકટીની અનિવાર્યતા બતાવી હતી. કોંગ્રેસના પ્રમુખ તરીકે રાસબિહારી ઘોષ ચૂંટાયા હતા. બંને સમૂહો વચ્ચેના સંબંધો વધુ ખરાબ થયા હતા. ઘોષ કૉંગ્રેસના પ્રમુખ બને તે દરખાસ્ત સામે ખુલ્લો સંઘર્ષ જણાતો હતો. એ પરત્વે તિલકને પોતાના વિચારો રજૂ કરવા દેવામાં આવ્યા ન હતા. અંધાધૂંધીનું એ એંધાણ હતું. બૂમબરાડા થતા હતા. લાકડીઓ પછાડાતી હતી અને પાઘડીઓ ઊછળતી હતી, ખુરશીઓ ભાંગતી હતી અને માથાં ફૂટતાં હતાં. તે પ્રસંગ માટે કોણ જવાબદાર હતું એ અંગે આક્ષેપો અને પ્રતિ

આક્ષેપો થતા હતા. હવે એ પ્રશ્ન પરત્વે ચર્ચાનો કોઈ અર્થ નથી. આંતરિક સંઘર્ષ ઊભો થયો હતો એ હકીકત બધા માટે ચિંતાનો વિષય હતો.

### 10.5.4 ભંગાણનાં પરિણામો (Consequences Of the Split)

ભંગાણ માટે કોઈ પણ જવાબદાર હોય અને તેના ગમે તે કારણો હોય, તે એક મહાન રાષ્ટ્રીય આફત હતી. ગોખલે આ અણધારી મોટી આફત પરત્વે સભાન હતા. અંગ્રેજ નોકરશાહી હર્ષમાં આવી ગઈ હતી. વાઇસરૉય લૉર્ડ મિન્ટોએ રાજીના રેડ થઈને હિંદી વજીર લૉર્ડ મોર્લેને કહ્યું હતું 'કોંગ્રેસનું ભંગાણ' (સુરત ભંગાણ) 'આપણા માટે એક મહાન વિજય છે.' તેમનું મંતવ્ય લગભગ એક પયગંબરી વાણીનું હતું પરંતુ, મોર્લે બરાબર જાણતા હતા કે તે સમયે પીછેહઠ થઈ હોવા છતાં સમય જતાં જહાલોનું કૉંગ્રેસ પર પ્રભુત્વ આવશે. આ ભંગાણે વિશેષ કરીને કોંગ્રેસને ઘણું નુકસાન પહોંચાડ્યું હતું, અને રાષ્ટ્રીય ચળવળને એકંદરે નુકસાન પહોંચાડ્યું હતું એમ કહી શકાય છે. મવાળો કોંગ્રેસનાં અને રાષ્ટ્રનાં દિમાગ હતાં અને જહાલો હૃદય હતાં. મવાળો 'કાયદો' હતા અને જહાલો ' આવેશ ' હતા. સંગઠનની કામગીરી રાષ્ટ્રીય ચળવળના વિકાસ માટે તે બંનેના સમન્વિત કાર્યની જરૂરિયાત હતી. જો જહાલો એકલા હોય તો ઘણું ઓછું સિદ્ધ થઈ શકે તેમ હતું. લગભગ એક દાયકા સુધી, મવાળો અંગ્રેજોનો વિરોધ કરવા માટે જે બળ જોઈએ તે દાખવવાની સ્થિતિમાં ન હતા. માત્ર 1916 પછી કૉંગ્રેસમાં જહાલોના પુનર્પ્રવેશ પછી, અને મવાળોના બહાર જવાથી (1918) કૉંગ્રેસ પુનઃ સક્રિય બની શકી હતી. પરંતુ ત્યારે તે એક અલગ વાત હતી. મોહનદાસ કરમચંદ ગાંધી, ગોખલેના રાજકીય શિષ્ય, જહાલોના કાર્યક્રમો સાથે સંકળાયા હતા. તેમણે તેમના તર્ક અને શ્રદ્ધા, કાયદો અને આવેશના સંમિશ્રણના ભાર સાથે હિંદના લોકોની અસીમ શક્તિનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે કૉંગ્રેસને સક્રિય બનાવી અને કાયાકલ્પ કર્યો અને તે સાથે એક નવો તબક્કો શરૂ કર્યો હતો.

**તમારી પ્રગતિ ચકાસો - ઘ**

1. સુરતમાં (1905) કૉંગ્રેસના ભંગાણ તરફ દોરી જનારા કયા બનાવો હતા ?

   .............................................................................................................

   .............................................................................................................

   .............................................................................................................

   .............................................................................................................

2. સુરતના ભંગાણે રાષ્ટ્રીય ચળવળના વિકાસને કેવી રીતે અવરોધ્યો હતો ?

   .............................................................................................................

   .............................................................................................................

   .............................................................................................................

   .............................................................................................................

   .............................................................................................................

## 10.6 સારાંશ

રાષ્ટ્રીય ચળવળની મુખ્ય માગણીઓને આકાર આપવામાં કૉંગ્રેસનાં પ્રથમ પચીસ વર્ષો ખૂબ મહત્ત્વનાં હતાં. પ્રારંભમાં કોંગ્રેસે મવાળ માગણીઓથી પ્રારંભ કર્યો હતો અને આ માગણીઓની પરિપૂર્તિ નમ્ર બંધારણીય પદ્ધતિઓથી કરવાનો પ્રયત્ન કર્યો હતો. હિંદની સમૃદ્ધિનું વ્યવસ્થિત ધોવાણ અંગ્રેજોએ કર્યું હતું ને પ્રારંભના નેતાઓએ તેની આલોચના કરી હતી. આ વધતું જતું ધોવાણ સામાન્ય લોકોની ગરીબી વધારતું હતું તેવું તેમને સમજાયું હતું. મવાળ પદ્ધતિઓથી બહુ ઓછું વળે તેમ હતું તેવું થોડાંક વર્ષોમાં કોંગ્રેસના સભ્યોના એક ભાગને લાગ્યું હતું. આ વિભાગને અંગ્રેજોના શાસન સામે વધારે જલદ પગલાં લેવાં હતાં અને મુખ્ય માગણી તરીકે સ્વરાજને (સ્વશાસન) તેમણે રજૂ કર્યું હતું. આંતરિક સંઘર્ષને કારણે કોંગ્રેસમાં 1907માં ભંગાણ પડ્યું હતું. તે ભંગાણે થોડા સમય માટે સંગઠનને નબળું બનાવ્યું હતું.

જોકે, સ્વદેશી ચળવળથી (બંગાળના ભાગલા સામે અપાયેલી) હિંદની વસ્તીના મહત્ત્વના ભાગને અંગ્રેજોની વિરોધમાં સંગઠિત કર્યો એ પ્રારંભના તબક્કામાં કોંગ્રેસની સૌથી મોટી સિદ્ધ હતી.

## 10.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અમીરશાહી** મોટા જમીનદારો, મોટા જમીન માલિકો, રાજકુમારો વગેરે.

**અસંતુષ્ટો** સંમત ન થનાર વ્યક્તિ

**કારોબારી** સરકારનું અંગ જે, કાયદાકીય અને ન્યાયની બાબતોનું ધ્યાન રાખે.

**પસંદગી કરવી** વિચાર કે દર્શનનું માત્ર એક જ પાસું જોવું.

**શસ્ત્રનો કાયદો (આર્મસ ઍક્ટ)** આ કાયદા પ્રમાણે હિંદીઓને શસ્ત્રો રાખવા માટે વેરો આપવાનો હતો.

**હિંદી કાઉન્સિલનો કાયદો 1892** (ઇન્ડિયન કાઉન્સિલ ઍકટ - 1892) આ કાયદા પ્રમાણે ગવર્નર જનરલની લેજીસ્લેટિવ કાઉન્સિલમાં સભ્યોની નિમણૂક કરવાની હતી. કાઉન્સિલમાં પ્રતિનિધિત્વનો સિદ્ધાંત અપનાવાયો હતો. કાઉન્સિલનાં કાર્યોને વિસ્તૃત કરવામાં આવ્યાં હતાં. જોકે, ઔપચારિક બહુમતી હતી, પરંતુ આ પગલાંને કારણે સરકારી કાર્યમાં હિંદીઓની ભાગીદારીમાં નોંધપાત્ર પગલું આગળ ભરાયું હતું.

**આમૂલ પરિવર્તનવાદી** ડાબેરી. કેન્દ્રથી ડાબી તરફ

**આત્મનિગ્રહ** આત્મ-ઇન્કાર

**જકાત રક્ષણ** નિકાસ કરવામાં આવતા માલ પર પોતાનું ઉદ્યોગનું રક્ષણ કરવા માટે નાખેલો કર.

## 10.8 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો-ક**

1. જુઓ વિભાગ 10.1
2. જુઓ વિભાગ 10.2.1

**તમારી પ્રગતિ ચકાસો-ખ**

1. જુઓ પેટા વિભાગ 10.3.1
2. જુઓ પેટા વિભાગ 10.3.1

**તમારી પ્રગતિ ચકાસો-ગ**

1. જુઓ પેટા વિભાગ 10.4.1
2. જુઓ પેટા વિભાગ 10.4.2

**તમારી પ્રગતિ ચકાસો-ઘ**

1. જુઓ પેટા વિભાગ 10.5.3
2. જુઓ પેટા વિભાગ 10.5.4

# એકમ 11 બંગાળના ભાગલા અને સ્વદેશી ચળવળ (Partition of Bengal and The Swadeshi Movement)

**રૂપરેખા**

11.0 ઉદ્દેશો
11.1 પ્રસ્તાવના
11.2 બંગાળના ભાગલાની યોજના
11.3 યોજના પાછળનો હેતુ
11.4 ભાગલા
11.5 સરકારની ખોટી ગણતરી
11.6 બહિષ્કાર, સ્વદેશી અને રાષ્ટ્રીય શિક્ષણ
11.7 સમિતિઓ અને રાજકીય વલણો
11.8 લોકચળવળની વિભાવના કાયકર્તાઓ ખેડૂતો
11.8.1 કામદારો
11.8.2 ખેડૂતો
11.9 કોમવાદી ગૂંચ
11.10 ક્રાંતિકારી હિંસક પ્રવૃત્તિનો ઉદય
11.11 સારાંશ
11.12 ચાવીરૂપ શબ્દો
11.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 11.0 ઉદ્દેશો

આ એકમમાં 1905માં અંગ્રેજ શાસને પાડેલા બંગાળના ભાગલા તરફ લઈ જતાં પરિબળોને તમારી સમક્ષ રજૂ કરવામાં આવશે. તે ઊંડા રાષ્ટ્રીય પ્રત્યાઘાતને પણ રજૂ કરે છે. સ્વદેશી ચળવળે હિંદની સ્વાતંત્ર્ય લડતના તત્ત્વ અને સ્વરૂપમાં પણ પરિવર્તન આણ્યું. આ એકમ વાંચ્યા પછી તમે નીચેની બાબતો સમજી શકશો :

- જે પાર્શ્વભૂમિકામાં હિંદી રાષ્ટ્રવાદીઓ અને અંગ્રેજ અધિકારીઓ એક બીજાની સામે ટકરાયા તે પરિસ્થિતિ
- બંગાળના ભાગલાની યોજના પાછળના હેતુઓ.
- સ્વદેશી ચળવળ કેવી રીતે વિકાસ પામી તેની અને તેણે ક્યાં રાજકીય વલણો તેમ જ તેણે વિકસાવેલી ટેકનિક.
- ચળવળના સામર્થ્યને બિરદાવવું તેમ જ તેની સામે ઊભી થયેલી મુશ્કેલીઓને સમજવી.
- આ ઐતિહાસિક ઘટનાનું સર્વાંગીણ મૂલ્યાંકન.

## 11.1 પ્રસ્તાવના

શિક્ષિત મધ્યમ વર્ગના સંયોજિત પ્રતિનિધિત્વનો ઉત્સાહ 19મી સદીના અંત ભાગમાં ઓસરતો જતો હોય એમ લાગતું હતું.

શિક્ષિત હિંદીઓનું મહત્ત્વ પારખનારા અને તેમના માટે સહાનુભૂતિ ધરાવનારા - બ્રિટનમાં ગ્લેડસ્ટન અને હિંદમાં રિપન, હવે ઊંચા હોદ્દા પર ન હતા. તેના બદલે, અપવાદ સિવાય અવિશ્વાસ કરનારા અને હિંદ ઉપરની સામ્રાજ્યવાદી પકડમાં કોઈ પણ પ્રકારની ઢીલ પસંદ ન કરનારાના હાથમાં હિંદની સરકાર હતી. સત્તાવાળાઓ હિંદના લોકમતને અવગણવા માંડ્યા હતા અને અધિકારીઓ અહંકાર તરફ આંખ આડા કાન કરતા હતા. પ્રારંભના સમયમાં વખતોવખત હિંદીઓને નામરજીથી આપેલી નાની રાહતો પરત્વે પણ તેઓ દુર્લક્ષ સેવવા માંડ્યા હતા. પ્રારંભના રાષ્ટ્રવાદીઓને પણ રાજની દુશ્મનાવટ છતી થતી હતી. તેમાંના ઘણાને 1900 સુધીમાં સરકારને અરજ અને યાચના કરવાની નિષ્ફળતા સમજાઈ હતી. હિંદી જાહેર સેવાઓમાં થોડી સેવાઓ અને ધારાકીય કાઉન્સિલમાં થોડા સુધારાઓની ખૂબ વિનમ્ર માગણીઓને વ્યવહારમાં અવગણવામાં આવી હતી. હિંદમાં પ્રવર્તતા "બિનઅંગ્રેજ" ગેરશાસનને સ્થાપીને ન્યાયી અંગ્રેજ શાસન માટેની તેમની અરજની બહેરા કાનો પર કોઈ અસર થઈ ન હતા. હિંદની રાષ્ટ્રીય કૉંગ્રેસે લગભગ બે દાયકાઓથી વારંવાર બંધારણીય રાહતો માટે માગણી કરી હતી. અને તેને પણ 1892ના સુધારામાં ઉડાવી દેવામાં આવી હતી. 20મી સદીના પ્રારંભનાં વર્ષોમાં સ્થિતિ વધુ બગડતી જતી હતી. હિંદમાં લૉર્ડ કર્ઝન જેવા વાઇસરૉયને કારણે તેવું બન્યું હતું. તેઓ કૉંગ્રેસને 'અસ્વચ્છ વસ્તુ' ની જેમ જોતા હતા. તેમના નેતાઓની બધી અરજીઓને તેઓ

સંપૂર્ણ ઉદાસીનતાથી ઇન્કાર કરતા હતા અને બધા પાકા સામ્રાજ્યવાદીઓની જેમ જાહેર સેવાઓને ''યુરોપના લોકો માટે ખાસ અનામત'' તરીકે જોતા હતા. કર્ઝન લાયકાત વિહોણો જાતિવાદી હતો. 'મહદ્ અંશે સત્યનો સર્વોચ્ચ આદર્શ-પાશ્ચાત્ય સમજણ' હોવાનું તેમણે જાહેર કર્યું હતું. તેઓ હિંદીઓ વિશે લોકકલ્યાણના મિજાજમાં 'સામાન્ય રીતે જેનો ઉપયોગ માત્ર પ્રાણી માટે જ' થાય છે તેવા સૂરમાં તેઓ બોલતા હતા. (S. Gopal, British Policy in India, 1858-1905, Cambridge, 1965 P. 227) પ્રારંભના રાષ્ટ્રવાદીઓ કર્ઝનના કારણે સભાન અને ત્રસ્ત બની ગયા હતા. તેમનો મિજાજ એટલો ઠંડો પડી ગયો ન હતો કે પ્રત્યેક અપમાનને ગળી જાય કે સાવ મૂક બની ચલાવી લે. તેઓ પોતાના લોકોની નજરમાં ઊંચા સ્થાન પર ગયા હતા અને તેઓ સામાજિક સુધારકો અને વિચારકો પાસેથી સ્વાભિમાન શીખ્યા હતા.

તેને કારણે તેમનામાં પોતાનામાં શ્રદ્ધા આપી હતી અને સંસ્કારી વર્તણૂક અને સ્વાભાવિક ન્યાયની માગણી કરવા પૂરતું આત્મ-સન્માન પણ તેમણે પ્રાપ્ત કર્યું હતું. તેથી કર્ઝન અને શિક્ષિત મધ્યમ વર્ગના રાષ્ટ્રવાદીઓ વચ્ચેની અથડામણ નિશ્ચિત બનતી જતી હતી. સમય જતાં આવું બંગાળમાં બન્યું. જ્યાં હિંદના બૌદ્ધિકો મોટા પ્રમાણમાં પોતાનો હક્ક દાવો રજૂ કરનારા હતા અને ત્યાં કર્ઝન તેના સૌથી ખરાબ આક્રમક મિજાજમાં હતો.

બંગાળમાં ઘા મારવામાં કર્ઝન સૌં પ્રથમ હતો. 1899માં તેમણે કલકત્તા મ્યુનિસિપલ કૉર્પોરેશનના ચૂંટાયેલા સભ્યોની સંખ્યા ઘટાડી દીધી એ પગલું મુખ્યત્વે શહેરના યુરોપીય વેપારીઓનાં હિતોને સંતોષવા માટે લેવામાં આવ્યું હતું. તેમની વારંવારની ફરિયાદ હતી, પરવાનાઓ અને એવી બીજી સવલતો આપવામાં વિલંબ થતો હતો. એ પગલાં પાછળની ગણતરી સ્પષ્ટ હતી અને તેનું બિનલોકશાહી સ્વરૂપ નિઃસંદેહ રીતે સ્પષ્ટ હતું. કલકત્તાના નાગરિકોને ખૂબ માઠું લાગ્યું હતું. તેઓ એ જૂઠાણાને પચાવે તે પહેલાં તો કર્ઝને કલકત્તા યુનિવર્સિટીની સ્વાયત્તતા ઉપર તરાપ મારી હતી. અને તેથી બંગાળના શિક્ષિત વર્ગનું ગૌરવ ઘવાયું હતું. હિંદની યુનિવર્સિટીઓના કમિશનરની ભલામણોથી સુસજ્જ કર્ઝને યુનિવર્સિટીનો કાયદો (1904) કર્યો હતો. તેના એક માત્ર હિંદી સભ્ય (ગુરદાસ બેનરજી) અન્યો સાથે સંપૂર્ણ રીતે અસંમત હતા. ''સમગ્ર રીતે શિક્ષણનું સ્તર ઊંચું લઈ જવું.'' તેવા ઉદ્દેશને આગળ ધરવામાં આવ્યા હતો. એ કાયદાએ ચૂંટાયેલા સેનેટ સભ્યોની સંખ્યા (મોટે ભાગે હિંદીઓ) ઉપર કાપ મૂક્યો હતો. તેને સંલગ્ન કૉલેજો અને શાળાઓ અંગેની આખરી સત્તા અને તેમને અનુદાન આપવાની સત્તા સરકારી અધિકારીઓને સોંપવામાં આવી હતી. આ કાયદાથી શિક્ષિત મધ્યમ વર્ગના સભ્યોને ગુસ્સે કર્યા હતા. તેમને નુકસાન પહોંચાડવાનો અને તેમના મિજાજને પ્રત્યેક શક્ય રીતે ઠંડો પાડવાનો વાઇસરૉયનો નિશ્ચય, નિઃશંકપણે કારણરૂપે હતો. સ્વાભાવિક રીતે જ તેમણે સૌથી ખરાબ પરિસ્થિતિ માટે તૈયાર રહેવાનું હતું અને તેમનો સામનો કરવાનું વિચારવાનું હતું. સૌથી ખરાબ, ખૂબ ઝડપથી અને નાટ્યાત્મક રીતે 1905ના જુલાઈમાં જ્યારે કર્ઝને બંગાળના ભાગલાની જાહેરાત કરી ત્યારે આ પરિસ્થિતિએ પલટો ખાધો હતો.

## 11.2 બંગાળના ભાગલાની યોજના (The Plan For the Partition of Bangal)

બંગાળનો પ્રાંત લેફ્ટનન્ટ ગવર્નર હેઠળ હતો. બંગાળ, વિવિધ વસ્તી ધરાવતો, મોટો વિસ્તાર હતો. બંગાળમાં વિવિધ ભાષાઓ અને તળપદી ભાષાઓનો ઉપયોગ થતો હતો અને આર્થિક વિકાસની દૃષ્ટિએ પણ ઘણી વિવિધતાઓ હતી. બંગાળ ઉપરાંત (એટલે કે બંગાળી બોલતાં પશ્ચિમ અને પૂર્વ બંગાળ) મૂળે સમગ્ર બિહાર, ઓરિસ્સા અને આસામનો તેમાં સમાવેશ થતો હતો. પહેલાં પણ અંગ્રેજ અધિકારીઓએ વહીવટની સગવડતાની દૃષ્ટિએ અવારનવાર આ પ્રાંતનું કદ ઘટાડવાનું વિચાર્યું હતું. હકીકતમાં 1874માં આસામને બંગાળથી જુદા પાડવામાં આવ્યું હતું તેને મુખ્ય કમિશનરનો પ્રાંત બનાવવામાં આવ્યો હતો અને થોડોક સ્થાનિક વિરોધ હોવા છતાં બહુમતી બંગાળી બોલતા સિલ્હટના વિસ્તારને તેમાં ભેળવવામાં આવ્યો હતો. 1897માં બંગાળ પાસેથી થોડા સમય માટે દક્ષિણ લુશાઈ ટેકરીઓના પ્રદેશને લઈને આસામનો વિસ્તાર વધારવામાં આવ્યો હતો. જોકે તે પ્રકારના છૂટક છૂટક ઘટાડાઓ, પ્રાંતનું કદ ધરાવતા અને તેની સાથે ચાલી આવતી મુશ્કેલીઓને બંગાળના અને તેનું સંચાલન કરવાની અંગ્રેજોની મુશ્કેલીઓને ઘટાડી શક્યા ન હતા. વહીવટી દૃષ્ટિબિંદુથી જોઈએ તો, તેમ જ વિકાસની બધા જ વિસ્તારો માટેની સમાન તકોના દૃષ્ટિકોણથી જોઈ તો, બંગાળના પ્રાંતનું, અમુક પ્રકારનું પુનર્ગઠન જરૂરી હતું. 1904માં કર્ઝને જ્યારે બંગાળની 'પુનર્વ્યવસ્થા' નો વિચાર રજૂ કર્યો ત્યારે તે અતાર્કિક રીતે વિચારતા હતા તેવું જણાતું ન હતું. રાષ્ટ્રવાદીઓ પણ ભાષાકીય વૈવિધ્ય ધરાવતા ઓરિસ્સા અને બિહારને બંગાળથી છૂટા પાડવાનું, વારંવાર જણાવતા હતા તેમ, જો કર્ઝને ભાષાકીય રીતે અલગ પડતા ઓરિસ્સા અને બિહારને, બંગાળથી જુદા પાડવાનું વિચાર્યું હોત તો કર્ઝનની નીતિને સૈદ્ધાંતિક ને દીર્ઘદૃષ્ટિવાળી નીતિ તરીકે બિરદાવવામાં આવી તે શક્ય હતું તેને બદલે તેમણે અને તેમના મુખ્ય સલાહકારોએ સર ફ્રેઝર બંગાળના નાયબ ગવર્નર અને એચ. એચ. રાઈસલી, હિંદ સરકારના મંત્રી પ્રાદેશિક પુનર્વ્યવસ્થાના બહાના હેઠળ, રાષ્ટ્રવાદનું ગળું ઘોંટવાનો નિર્ણય કર્યો હતો. તે પગલું મુખ્યત્વે હિંદના પૂર્વ ભાગમાં રાષ્ટ્રીય ચળવળની આગેવાની લેનાર, બંગાળી ભાષી શિક્ષિત મધ્યમ વર્ગને નુકસાન પહોંચાડવાની ગણતરીથી પગલું લેવામાં આવ્યું હતું. અંગ્રેજોના શાસન નીચે સૌ પ્રથમ આવ્યા હોવાથી, બંગાળીઓ અંગ્રેજી શિક્ષણ લેવામાં, પાશ્ચાત્ય ઉદાર વિચારોને આત્મસાત્ કરવામાં અને રાષ્ટ્રીય અને રાષ્ટ્રપ્રેમી દૃષ્ટિબિંદુઓને વ્યક્ત કરવાનો પ્રારંભ કરનારાઓ હતા. તેણે સામ્રાજ્યવાદી અધિકારીઓને ગુસ્સે કર્યા હતા અને તેમણે પગલાં લેવાનો નિર્ણય કર્યો હતો.

## 11.3 યોજના પાછળનો હેતુ (The Motive Behind The Plan)

કર્ઝનની અને તેમના જેવા બીજાઓની નજરમાં, અંગ્રેજોના સમગ્ર સામ્રાજ્યમાં સૌથી વધુ નાજુક મુદ્દો બંગાળ બન્યું: તેમના મતે બંગાળીઓ " એક નોંધપાત્ર પરિબળ અને ભવિષ્યમાં મુશ્કેલીઓને વધારનારા " હતા. પૂર્વ હિંદમાં વધતા જતા રાષ્ટ્રવાદના પડકારોને પહોંચી વળવા માટે કર્ઝન અને તેના સલાહકારોએ અસરકારક જવાબ શોધી કાઢ્યો હતો અને સમય જતાં તે બંગાળી ભાષી લોકોના ભાગલાનો હતો. સરકારી મૂલ્યાંકન પ્રમાણે " અખંડિત બંગાળ શક્તિ હતું, વિભાજિત બંગાળ, વિવિધ માર્ગો તરફ વળી જશે." કર્ઝન અને તેના સાગરીતોએ નિશ્ચય કર્યો હતો, " ભાગલા પાડવા અને તે રીતે સંગઠિત વિરોધીઓને નબળા પાડવા." ભાગલા પાડવાની ક્રિયા કે વધારેમાં વધારે " ભાગલા પાડો અને રાજ કરો " જેવી વ્યવસ્થા હતી જેથી અંગ્રેજોના શાસન વિરોધીઓને નબળા પાડી શકાય અને બંગાળીઓ શારીરિક અને માનસિક વિભાજનના ભોગ બને. કર્ઝન બંગાળના બે મુખ્ય સમાજો હિંદુ અને મુસ્લિમો વચ્ચે પરસ્પરમાં શંકા અને ઈર્ષાની પરિસ્થિતિ ઊભી કરીને તેમ સિદ્ધ કરવા માગતા હતા.

બંગાળમાં વિરોધીઓમાં મોટું પ્રમાણમાં હિંદુઓનું હતું તેવું કર્ઝન અને તેના સલાહકારો માનતા હતા હિંદુઓએ તેમના મુસ્લિમ ભાઈઓ કરતાં અંગ્રેજોના શાસનના સામાજિક-આર્થિક અને શૈક્ષણિક લાભોથી વધારે લાભ મેળવ્યાં હતાં. મુસ્લિમોમાં બહુમતી ખેડૂતો હોઈ અને તેઓ આવા લાભો મેળવી શક્યા ન હતાઃ ખંધાઇથી હિંદુઓ સાથેની પ્રગતિની સ્પર્ધામાં સરકાર મુસ્લિમોની પડખે ઊભી રહેવા ઇચ્છાતી હતી, તેવું કર્ઝને સૂચન કર્યું. આમ, હિંદુઓના પ્રભાવનું બળ ઊભું થતાં કોઈ પણ પડકાર સામે મુસ્લિમોને સલામત બનાવવા જ્યાં મુસ્લિમો વધારે સંખ્યામાં હતા તેવા પ્રદેશો બંગાળમાંથી લઈને આસામ સાથે જોડી દેવા અને તેમ કરીને ઢાકાની રાજધાનીવાળા એક નવા પ્રાંતની રચના કરવાની કર્ઝને યોજના કરી. નવો પ્રાંત " જૂના મુસલમાન વઝીરો અને રાજાઓના દિવસોથી પૂર્વ બંગાળના મુસલમાનોએ જે એકતા માણી ન હતી તે આપી શકશે" તેવી કર્ઝનને આશા હતી. તેણે ઢાકા પાસેથી પણ અપેક્ષા રાખી હતી. "પ્રાંતીય રાજધાનીનો એક ખાસ દરજ્જો પ્રાપ્ત કરશે, જ્યાં મુસલમાનોનું હેતુઓનું સબળું પ્રતિનિધિત્વ થાય, પછી આગળ પડતું ભલે તે પ્રભુત્વ ન હોય." આમ, કર્ઝન અને તેના સાગરીતો બંગાળના ભાગલાથી રાષ્ટ્રીયતાથી રંગાયેલ કલકત્તાને સમાંતર રાજકીય કેંદ્ર તરીકે ઢાકાને સ્થાપવા માગતા હતા. હિંદુઓની સામે પ્રતિસંતુલન ઊભું કરવા માટે મુસ્લિમોનો ઉપયોગ કરીને તેઓ બંગાળમાંથી મુસ્લિમ બહુમતીવાળો પ્રાંત (જ્યાં 1 કરોડ 50 લાખ મુસ્લિમો, 1 કરોડ 20 લાખ હિંદુઓ સાથે રહેતા હોય અને બંગાળી ભાષી લોકોને લઘુમતીમાં ઘટાડીને) અને બાકી રહે તે બંગાળ (જ્યાં 1 કરોડ 90 લાખ બંગાળી ભાષી લોકો કરતાં 3 કરોડ 50 લાખ હિંદી, ઉડિયા અને અન્ય ભાષા બોલતા લોકોની સંખ્યા વધી જાય) બનાવવા માગતા હતા. આ તોફાની રમત શિક્ષિત મધ્યમ વર્ગી રાષ્ટ્રવાદીઓને અપંગ બનાવી દેવા માટે રમાતી હતી.

## 11.4 ભાગલા (The Partition)

1903માં જૂન 1લીએ વાઇસરૉયે પોતાની પ્રાદેશિક પુનર્વહેંચણીની કાર્યવાહીની નોંધ લખી ત્યારથી કર્ઝનની બંગાળના ભાગલાની યોજના ધીરે ધીરે આકાર લેવા માંડી. ભાગલાની આખરી યોજના લંડનના પોતાના વડાઓની મંજૂરી માટે 1905માં ફેબ્રુઆરીની 2જી તારીખે મોકલવામાં આવી હતી. 1905ના જુલાઈની 19મીએ હિંદી સરકારે " પૂર્વ બંગાળ અને આસામ " ના નવા પ્રાંતની રચના કરવાના નિર્ણયની જાહેરાત કરી હતી. એ પ્રાંતમાં ચિત્તાગોંગ, ઢાકા અને રાજાશાહી વિભાગો, ટીપ્પેરા ટેકરીઓ (ત્રિપુરા), માલદા અને આસામનો સમાવેશ થતો હતો. નવો પ્રાંત 1905માં ઑક્ટોબરની 16મીએ અસ્તિત્વમાં આવ્યો હતો. પરિણામે બંગાળી અને એના 4 કરોડ 15 લાખ બંગાળી ભાષી લોકોનું વિભાજન કરવામાં આવ્યું હતું

**તમારી પ્રગતિ ચકાસો - ક**

1. નીચેનાં કયાં વિધાનો સાચાં (✓) છે અને ખોટાં (X) છે ?

   બંગાળના ભાગલા ક્યારે કરવામાં આવ્યા ?

   (અ) લૉર્ડ કર્ઝન હિંદનો વાઇસરૉય હતો.

   (બ) સર એ. ફ્રેઝર હિંદી સરકારના ગૃહખાતાના મંત્રી હતા.

   (ક) એચ. એચ. રાઈસલી બંગાળના નાયબ ગવર્નર હતા.

   (ડ) બિહાર અને ઓરિસ્સા જુદા પ્રાંતો હતા.

2. બંગાળના ભાગલા પાડવામાં કર્ઝનના વાસ્તવિક હેતુઓ કયા હતા ? લગભગ દસ લીટીમાં જવાબ લખો.

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 11.5 સરકારની ખોટી ગણતરી (The Miscalculation of The Government)

ખૂબ શરમજનક રીતે અને બંગાળીઓ માટેની અનાદરની લાગણીથી બંગાળના ભાગલા કરવામાં આવ્યા હતા. કર્ઝન અને તેમના અધિકારીઓએ તેમને જેનો સામનો કરવો પડે એવો હતો તેની સામે ટકી રહેવા માટેની તેમની પોતાની ગણતરીઓ હતી. પૂર્વ બંગાળના બાબુઓની તેમના કર્મચારીઓના વ્યવસાય માટેની ચિંતા બાબત તેમને જાણ હતી. તેમને બંગાળી જમીનદારોની મુશ્કેલીઓનો પણ ખ્યાલ હતો. એ જમીનદારોની પૂર્વ અને પશ્ચિમ બંને ભાગોમાં જાગીરો હતી. જમીનદારોને બે પ્રકારના એજંટો અને વકીલો રાખવા પડતા હોવાથી વધુ ખર્ચ ભોગવવો પડતો હતો. નવા પ્રાંતમાં અલગ ઉચ્ચ અદાલત થવાને કારણે કલકત્તાની ઉચ્ચ અદાલતના ધારાશાસ્ત્રીઓને તેમના વ્યવસાયમાં ઓટ આવવાની ભીતિ હતી. એક વિકલ્પ તરીકે ચિત્તાગોંગ ઊભું થાય તો, કલકત્તા બંદર પાસેના શણ અને ચોખાના વેપારની ચિંતા પણ તેમને થતી હતી. પોતાને સાંભળનારા અને અનુયાયીઓમાં સારો એવો ઘટાડો થવાને કારણે કલકત્તાના રાષ્ટ્રવાદીઓ ખળભળી ઊઠ્યા હતા, એની પણ તેમને જાણ હતી. સમય જતાં બધી જ ચિંતાઓ શમી જશે, અથવા જો વધુમાં વધુ થોડા સમય માટે વિરોધ સભાઓ અને સરઘસોનું આયોજન થશે, તો એ સરળતાથી સહન થઈ શકે, અને તેની અવગણના પણ થઈ શકે તેવું તેમને લાગતું હતું.


એ ભાગલાને કારણે પરંપરાગત વિનયી વિરોધના માર્ગોને છોડીને, તોફાની રાજકીય આંદોલન ઊભું થાય. અને અભૂતપૂર્વ આક્રમકતાવાળું થાય અને ઝડપથી એ સ્વંતત્રતા (સ્વ શાસન) લડતમાં ફેરવાઈ જાય, તેનો સરકારને ભાગ્યે જ ખ્યાલ હતો. માત્ર નામની કેંદ્રીય સત્તાઓમાંથી તેમના વાસ્તવિક સ્વાતંત્ર્યના લાંબા ઇતિહાસમાંથી ઊભી થયેલી સત્તાશાહી માટેની બંગાળીઓની અણગમાની લાગણીઓનું ઓછું ધોરણ આંકવામાં પણ અધિકારીઓએ મોટી ભૂલથાપ ખાધી હતી. સમગ્ર 19મી સદી દરમિયાન કમ સે કમ અક્ષરજ્ઞાન ધરાવનારાઓમાં તેમનાં સઘન શિક્ષણ, બૌદ્ધિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને કારણે પાંગરેલી બંગાળીઓની એકતા અને ગૌરવને હાંસલ કરવાની લાગણીનો, તાગ પણ તેઓ પામી શક્યા ન હતા. કલકત્તા આર્થિક અને રાજકીય બાબતોનું કેંદ્ર હોવા ઉપરાંત અંગ્રેજોના શાસિત હિંદની રાજધાની બંગાળી ચેતનાનું સંવેદનકેંદ્ર બની ચૂક્યું હતું. કલકત્તામાં બંગાળના સર્વ વિસ્તારોમાંથી વિદ્યાર્થીઓ આવતા હતા. શિક્ષકો ત્યાંથી બહાર જતા, વ્યવસાયીઓ (ઇજનેરો) અને તબીબો અને બીજા વિવિધ અધિકારીઓ માત્ર પ્રાંતના ખૂણેખૂણામાં નહિ, પરંતુ તેની બહાર પણ જતા હતા. કલકત્તાએ શક્તિશાળી સાહિત્યની ભાષાના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. શહેરમાં વિકસિત આધુનિક સાહિત્યનું સર્જન કરનાર, વધતી જતી સંખ્યાના ઊંચી કક્ષાનાં વર્તમાનપત્રો, ચોપાનિયાં તેમ જ લેખકોનો સમૂહ હતો.

જેમનું 20મી સદીના પ્રારંભમાં, ગુરુત્વાકર્ષણનું બિંદુ કલકત્તા હતું તેવા શિક્ષિત બંગાળીઓએ દેશના મોટા ભાગને તેમના સાહિત્ય, વિજ્ઞાન, રાજકારણ અને ધર્મની રવીન્દ્રનાથ ટાગોર, જગદીશચંદ્ર બોઝ અને પ્રફુલ્લચંદ્ર રૉય, સુરેન્દ્રનાથ બેનરજી અને બહાર આવતા બિપિન ચંદ્રપાલ અને અરવિંદ ઘોષના નેતૃત્વ હેઠળ તૈયાર થતી સિદ્ધિઓથી પ્રેરણા આપી હતી. લગભગ એ જ સમયે તેમણે બોર યુદ્ધે અભેદ્ય અંગ્રેજોના શસ્ત્રાગારમાં કરેલ ખલખલાટની કાળજીપૂર્વકની નોંધ તૈયાર કરી હતી. તેનું મૂલ્યાંકન ઘણું ઓછું આંકવામાં આવ્યું હતું. જાપાને જ્યારે 1904-05માં પાશ્ચાત્ય ઝારના રશિયાને હરાવ્યું ત્યારે તેમને પોરસ ચડ્યું હતું, અને વિશ્વાસ જાગ્યો હતો. વધતી ધિક્કારની લાગણીથી તેમને જોવામાં આવતા હતા. તેમના પ્રત્યે ધાકધમકી અને ભેદભાવની લાગણી હતી. એ હકીકત સાથે તેમનો વધતો આત્મવિશ્વાસ બરાબર બંધબેસતો હતો.

બંગાળના શિક્ષિત મધ્યમ વર્ગના હિંદીઓ અને દેશના બીજા ભાગમાં તેમના જેવા લોકો, હિંદમાંથી ઈંગ્લૅંડમાં ઘસડાઈ જતી સમૃદ્ધિ અને વારંવાર પડતા દુષ્કાળો ને પ્લેગને કારણે દેશને જે હાલાકી ભોગવવી પડતી હતી તેના આકરા ટીકાકાર હતા. તેમની પોતાની આર્થિક સ્થિતિ પણ કફોડી હતી. કેટલેક અંશે એ કારણે તેમના વ્યવસાયોમાં ઊભરતી વાસ્તવિકતા તેમ જ તેમની જમીન અંગેની મિલકતોમાં વારસાગત, લાભવિહોણું વિભાજન હતું. ચીજવસ્તુઓના ભાવમાં થયેલા અચાનક વધારાને કારણે પરિસ્થિતિ વધારે વણસી હતી. એ ભાવવધારાએ મધ્યમ વર્ગના સભ્યો સહિત બધાને જ અસર કરી હતી. ''1905 અને 1908 દરમિયાન એ ભાવવધારો ખૂબ જ ઊંચો હતો અને એ જ વર્ષો ખાસ વધારે રાજકીય બેચેનીનાં હતાં.'' (Sumit Saukar, medarm India 1885-1947, Delhi, 1983, 10) ટૂંકમાં, 1905માં બંગાળ અને બંગાળી મધ્યમ વર્ગ કોઈ પણ રીતે કર્ઝનના ત્રાસને તાબે થવા તૈયાર ન હતો પરંતુ ડર્ઝન પોતે એ પરત્વે પૂરતા સભાન ન હતા.

## 11.6 બહિષ્કાર, સ્વદેશી અને રાષ્ટ્રીય શિક્ષણ (Boycott, Swadeshi And National Education)

બંગાળમાં ભાગલા વિરોધી આંદોલન પરંપરાગત મવાળ-રાષ્ટ્રીય દિશામાં થયું હતું. જોકે તેમાં હાકોટા અને પડકારોના અવાજ ખૂબ થતા હતા અને આક્રોશસભર વિરોધ હતો. ભાગલાની યોજના સામે પ્રેસનું તીવ્ર આંદોલન પણ હતું, સંખ્યાબંધ સભાઓ ભાગલાની યોજના સામે થતી હતી અને તેને રદ કરવા માટે અરજીઓ લખીને સરકારને આપવામાં આવતી હતી. કલકત્તાના ટાઉનહોલમાં એક મોટી સભા મળી હતી. જિલ્લાઓના પ્રતિનિધિઓ આ સભામાં ભાગ લેવા માટે આવ્યા હતા. તેમણે તેમની ઘવાયેલી લાગણીઓને રજૂ કરી હતી. આ બધું ઊંડી છાપ ઊભી કરતું હતું, વળી તે ભાગલા સામેના શિક્ષિત વર્ગના અવાજને મોટો અને સ્પષ્ટ કરતા હતા. પરંતુ હિંદ અને બ્રિટનના અધિકારીઓની ઉદાસી પર તેની કોઈ અસર કરી શક્યું ન હતું. તેની ખુલ્લી નિષ્ફળતાને કારણે તેમણે 1905ના મધ્ય ભાગથી નવી તરકીબને શોધવા માંડી હતી. આ તરકીબ ઇંગ્લૅંડના માલના બહિષ્કારની હતી અને તે એક અસરકારક સાધન હતું. 1905ના જુલાઈની 3જીએ ક્રિષ્ણાકુમારી મિત્રાના પ્રકાશન સંજીવનીમાં બહિષ્કારનું સર્વ પ્રથમ સૂચન આવ્યું હતું, અને પાછળથી તેનો સ્વીકાર 1905ના ઑગસ્ટની 7મી તારીખે ટાઉનહોલની સભામાં, અગ્રણી જાહેર વ્યક્તિઓ દ્વારા થયો હતો. તેનું અનુસરણ રવીન્દ્રનાથ ટાગોર અને રમેન્દ્રસુંદર ત્રિવેદીએ કર્યું હતું. હાથના કાંડા ઉપર ભ્રાતૃત્વના પ્રતીકરૂપ દોરો બાંધવો અને (ઘરમાં સગડીઓ શોકના ચિહ્નરૂપે સળગાવ્યા વગરની રાખવી.) જે દિવસે ભાગલાનો અમલ કરવામાં આવ્યો તે દિવસે રક્ષાબંધન મનાવવામાં આવી હતી. આ પગલાંઓને કારણે ચળવળને નવી તાજગી મળી હતી.



**11. રાખી સંગીત**

ઇંગ્લૅંડના માલના બહિષ્કાર પછી નીચેની બાબતો બની :

- રાષ્ટ્રપ્રેમની ફરજ તરીકે સ્વદેશીની હિમાયત અથવા ખરીદનારને પરદેશી માલ ખરીદવા કરતાં દેશમાં ઉત્પાદિત થયેલા માલની ખરીદી કરવા માટે સમજાવવા.
- ચરખો દેશની આર્થિક આત્મનિર્ભરતા અને જાહેર ચિંતાનું પ્રતીક.
- સ્વદેશી મેળાનું આયોજન અથવા હસ્તકલા કારીગરીની અને બીજી વસ્તુઓના વેચાણ મેળા-આ એક નિયમિત લક્ષણ.

સ્વદેશી હિંદી ચીજવસ્તુઓ અપનાવવા માટેનું પ્રમાણમાં સારું એવું ઉત્સાહી વાતાવરણ સર્જવામાં આવ્યું હતું. કલકત્તાનો કાચના વાસણનો ઉદ્યોગ, બેંગાલ કેમિકલ્સ, બંગે લક્ષ્મી કાપડ મિલ, મોહિની મિલ્સ અને નેશનલ ટેનરિઝ જેવા માત્ર હિંદી ઉદ્યોગોનો વિકાસ થયો. આ ચળવળને કારણે તૈયાર થયેલા ઉત્સાહના વાતાવરણમાં

વિવિધ સાબુ, દીવાસળી અને તમાકુ ઉત્પાદક સંસ્થાઓ તેમ જ નાણાકીય પ્રવૃત્તિઓ સ્વદેશી બૅંકો વીમા અને વરાળથી ચાલતી વહાણવટી કંપની પણ અસ્તિત્વમાં આવી.

આ દરમિયાન ઇગ્લૅંડના માલનું વેચાણ કરતી દુકાનો આગળ પિકેટિંગ થતું હતું. તેના પગલે સરકારી અંકુશ ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓનો બહિષ્કાર પણ આવ્યો માટે જે સંસ્થાઓ સાથે સંકળાયેલા હોય પિકેટીંગ કરતાં વિદ્યાર્થીઓ તેના અનુદાન, શિષ્યવૃત્તિઓને રદ કરવાના રૂપમાં શાસનની ધમકીઓ આપવામાં આવતી હતી. (બંગાળની સરકારના મુખ્ય વઝીર કાર્લાઈલે બહાર પાડેલો ઓછો જાણીતો 1905ના ઑક્ટોબરની 22મીનો પરિપત્ર, જે બીજી રીતે ' કાર્લાઈલ પરિપત્ર ' તરીકે જાણીતો હતો) 'ગુલામી' ના પ્રતીકરૂપ શાળાઓ અને કૉલેજોનો ત્યાગ સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ કર્યો હતો. વિદ્યાર્થીઓ પાસે વસૂલ કરવામાં આવેલા દંડ અને તેમને બરતરફ કરવાના હુકમોનું તે પરિણામ હતું. શાળા અને કૉલેજોના બહિષ્કારને કારણે સ્વદેશી ચળવળના નેતાઓને બંગાળમાં સમાંતર શૈક્ષણિક વ્યવસ્થા ચલાવવાનો વિચાર કરવાની ફરજ પડી હતી. તે માટે તરત જ વિનંતીઓ કરવામાં આવી હતી, દાન ઉઘરાવાયાં અને નામાંકિત વ્યક્તિઓ રાષ્ટ્રીય શિક્ષણની રચના કરવા માટે આગળ આવી. આ પ્રયત્નોના પરિણામ સ્વરૂપે બૅંગાલ ટેકનિકલ ઇન્સ્ટિટયૂટની સ્થાપના થઈ હતી. તેનો પ્રારંભ 1906ના જુલાઈની 25મીએ થયો હતો અને પાછળથી તે જાદવપુર એન્જિનિયરિંગ અને ટેકનોલૉજીની કૉલેજ બની હતી, જે આજનું જાદવપુર યુનિવર્સિટીનું કેન્દ્ર બન્યું છે.

## 11.7 સમિતિઓ અને રાજકીય વલણો (The Samitis and the Political Trends)

રાષ્ટ્રીય શિક્ષણના હેતુની સિદ્ધિ માટે અને બહિષ્કાર અને સ્વદેશીના સંદેશના પ્રસાર માટે કલકત્તા અને બંગાળના જિલ્લાઓમાં મોટી સંખ્યામાં સમિતિઓ અસ્તિત્વમાં આવી. તેમાંની કેટલીક વિશિષ્ટ સમિતિઓમાં ડોન સોસાયટી (એ સમયના પ્રસિદ્ધ સામયિક Dawn પરથી નામ પાડવામાં આવ્યું હતું), પરિપત્ર વિરોધી સમાજ ( Anti-Circular Society) નો સમાવેશ થાય છે. પ્રારંભમાં કાર્લાઈલના પરિપત્રનો વિરોધ કરવા માટે તેની રચના કરવામાં આવી હતી. સ્વદેશબાંધવ, વ્રતી, અનુશીલન, સુહૃદ અને સાધનાનો સમાવેશ તેમાં થતો હતો. આ સમિતિઓએ મુખ્યત્વે સ્વદેશી અને બહિષ્કારનો પ્રચાર કર્યો હતો. દુષ્કાળો અને રોગચાળાના સમયે સામાજિક કાર્ય હાથ ધરવું, શારીરિક અને નૈતિક તાલીમ આપવી, હસ્તકલાની વ્યવસ્થા કરવી અને રાષ્ટ્રીય શાળાઓની સ્થાપના કરવી, લવાદી સમિતિઓની અને ગ્રામ કક્ષાએ સંગઠનોની સ્થાપના કરવી, જેવાં કાર્યો હાથ ધર્યાં હતાં. તેમણે લોકગીતોના ગાયકો અને કલાકારોને (મુકુંદદાસ, ભૂષણદાસ અને મુફીઝદ્દીન બયાતી જેવી નોંધપાત્ર વ્યક્તિઓ) સ્વદેશી વિષય પર સ્થાનિક બોલીઓમાં રચના કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. આ પ્રયત્નોને કારણે રવીન્દ્રનાથ ટાગોર, રજનીકાંત સેન, દ્વીજેન્દ્રલાલ રૉય, ગિરીન્દ્ર મોહિનીદાસ, સૈયદ અબુ મોહમ્મદ જેવા પ્રખ્યાત સાહિત્યકારો અને ગિરીશચંદ્ર ઘોષ, ક્ષીરોદપ્રસાદ વિદ્યાવિનોદે અને અમૃતલાલ બોઝ જેવા નાટ્યકારોએ રાષ્ટ્રીય રચનાઓ કરવા માંડી હતી. ગ્રામ સ્તરની પ્રવૃત્તિઓ ઉપરાંત તેવી પવૃત્તિઓ થવા લાગી હતી. સમિતિઓની વિચાર સરણીઓમાં સાંપ્રદાયિકતામાંથી ધાર્મિક પુનરુત્થાન મવાળ રાજકારણમાંથી સામાજિક સુધારણાવાદ (આર્થિક, શૈક્ષણિક અને સામાજિક રચનાત્મક કાર્યક્રમો દ્વારા) અને રાજકીય જહાલવાદનો પણ સમાવેશ કર્યો હતો. હકીકતમાં સ્વદેશીના દિવસોમાં બંગાળમાં રાજકીય વિચારણાનાં વિવિધ વલણો લોકસ્વીકાર માટે એકબીજા માટે સ્પર્ધા કરતાં હતાં.

(1) મવાળ રાષ્ટ્રીય મતને (આ મતનું પ્રતિનિધિત્વ સુરેન્દ્રનાથ બેનરજી, કૃષ્ણકુમાર મિત્ર અને નરેન્દ્રકુમાર સેન જેવી વ્યક્તિઓએ કર્યું હતું) હજી અંગ્રેજોની ન્યાયની સમજણમાં અસીમ શ્રદ્ધા હતી. તેઓ આંદોલનને વધારે લંબાવવા માગતા ન હતા. બ્રિટનમાં ઉદાર મોર્લેની હિંદના રાજ્યના વઝીર તરીકે નિમણૂક થાય, તેવી આશા તેમણે વાસ્તવમાં રજૂ કરી હતી. અંગ્રેજ અધિકારીઓ સામેના આક્રમક મિજાજ સાથે આ નરમાશના સૂરનો મેળ બેસતો ન હતો અને મવાળો ઝડપથી પોતાની લોકપ્રિયતા ગુમાવતા હતા.

(2) બીજો અથવા સુધારક વિચાર '' રચનાત્મક સ્વદેશી '' તરીકે ઓળખાતો હતો. તેનો હેતુ સ્વમદદ અને આત્મનિર્ભરતાની (અથવા રવીન્દ્રનાથ ટાગોર અનુસાર આત્મશક્તિ) સતત ચાલતી ચળવળ દ્વારા રાષ્ટ્રીય સામર્થ્ય ઊભું કરવાનો હતો. તેઓ હેતુની પરિપૂર્તિ દેશના ઉદ્યોગોને અને રાષ્ટ્રીય શિક્ષણની પ્રક્રિયાઓને સંગઠિત કરીને તેમ જ ગ્રામીણ અને શહેરી લોકો વચ્ચેના અંતરને ઘટાડવા માટે ગ્રામીણ ઉત્કર્ષ સમિતિઓ સ્થાપીને કરવા માગતા હતા. પ્રારંભમાં મવાળ રાષ્ટ્રવાદીઓની સામે આંખ મિલાવી ન શકનાર '' રચનાત્મક સ્વદેશી '' હેતુને ટેકો આપતા હતા. ''રચનાત્મક સ્વદેશી ''ના ચંદ્ર મુખરજી, અશ્વિનીકુમાર દત્ત, રવીન્દ્રનાથ ટાગોર, પ્રફુલ્લચંદ્ર રૉય અને નીલરત્ન સરકાર ખાસ ટેકેદારો હતા.

(3) સમાજ સુધારકોએ કાર્યક્રમોની કેટલી ભલામણ મહત્ત્વપૂર્ણ હતી. એ ખૂબ જ મુશ્કેલ, આડંબરયુક્ત અને બિનઉત્તેજક હતું, કે એ ઉત્તેજનાપૂર્ણ દિવસોમાં એ મોટા પાયા પર અસર ન કરી શક્યું. બિપીનચંદ્ર પાલ, અરવિંદ ઘોષ અને બ્રહ્મબાંધવ ઉપાધ્યાય જેવા રાજકીય નેતાઓની સમૃધ્ધિ સાથે બંધ બેસે તેમ ન હતું, તેમ જ જે બંગાળના સાહસિક યુવાનોને પણ સંતોષી શકે તેમ ન હતું એ પરિસ્થિતિમાં રાજકીય

જહાલવાદને ઉદય ત્રીજા વલણનો ઉદય સ્વાભાવિક હતો. તેની રજૂઆત (બિપીનચંદ્ર પાલ દ્વારા સંપાદિત) 'ન્યૂ ઇન્ડિયા', (અરવિંદ ઘોષ દ્વારા સંપાદિત) 'વંદેમાતરમ', (બ્રહ્મબાંધવ ઉપાધ્યાય દ્વારા સંપાદિત) 'સંધ્યા' અને (ભૂપેન્દ્રનાથ દત્ત દ્વારા સંપાદિત) 'યુગાંતર' દ્વારા કરવામાં આવતી હતી. રાજકીય જહાલોએ હિંદને માટે સ્વ-શાસનની માગણી કરી હતી તેવા શાસનમાં અંગ્રેજોનું વાલીપણું કે ઇંગ્લૅંની સર્વોપરીતા (મવાળો ઇચ્છતા હતા તેવું) ન હોય પરંતુ અંગ્રેજો સાથેના સર્વ બંધનો તોડીને અને તેમની સર્વ અસરોને નાબૂદ કરીને તેવું શાસન મેળવવાનું હતું.

જહાલવાદી રાજકીય નેતાઓએ સ્વરાજની સ્થાપના માટે રણશિંગું ફૂંક્યું હતું અને તેની પ્રાપ્તિ માટેનાં માર્ગો અને સાધનો શોધવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો. તેઓ ઝડપથી તારણ પર આવ્યા તે પ્રમાણે બહિષ્કારની પદ્ધતિ ઇંગ્લૅંડના માલ ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓથી બીજાં ક્ષેત્રો જેવાં કે ઇંગ્લૅંડનો વહીવટ, અંગ્રેજોની અદાલતો અને ઇંગ્લૅંડની સેવાઓને પણ લાગુ પાડવી જોઈએ, અને તે રીતે હિંદમાં ઈંગ્લેન્ડની સત્તાના પાયા હચમચાવી નાંખવા જોઈએ. બિપીનચંદ્ર પાલે આને '' સવિનય ભંગ '' અથવા ''સરકારને કોઈ પણ સ્વૈચ્છિક કે માનદ સેવાઓ આપવાનો'' પણ ઇન્કાર તરીકે વર્ણવી હતી. 1907ના એપ્રિલમાં અરવિંદ ઘોષે તેમના વંદેમાતરમ્‌માંની લેખોની હારમાળામાં એ વ્યૂહરચના ઉપર વિશેષ સુધારા કર્યા હતા. તેઓ ઇંગ્લૅંડના માલના '' સંગઠિત અન અથક બહિષ્કાર ''ના સિદ્ધાંત સાથે બહાર આવ્યા હતા. એ સિદ્ધાંત શિક્ષણ, ન્યાય કારોબારી, અંગ્રેજો પ્રત્યે વફાદારોનો સામાજિક બહિષ્કાર અને અન્યાયી કાયદાઓના સવિનયભંગને પણ આવરી લેતો હતો.

જો શાસનના અત્યાચારો હિંદીઓની સહન કરવાની મર્યાદાને ઓળંગી જાય તો અરવિંદ ઘોષ અંગ્રેજોના શાસન સામે શશસ્ત્ર લડત આપવા માટે તૈયાર હતા. બ્રહ્મબાંધવ ઉપાધ્યાયે પૂછયું હતું કે, જો ચોકીદાર, હવાલદાર, નાયબ, મુન્સિફ, કર્મચારી અને સિપાઈ પણ પોતાની સેવામાંથી રાજીનામાં સાથે તો પછી એ કેવી રીતે ટકી શકે. અંગ્રેજોનું શાસન કેવી રીતે ટકી શકે ?

રાજકીય જહાલવાદના ટેકેદારો અત્યુત્સાહ સાથે **સ્વરાજ**ના પ્રશ્નને અને સવિનયભંગ દ્વારા તેની મેળવણીને આગળ કરતા હતા. તેમણે બીજા બધા મુદ્દાઓને પાર્શ્વભૂમિકામાં એક કોરે મૂકી દીધા હતા. તેમાં ખુદ તે સમયના બંગાળના ભાગલાના આંદોલનનો પણ સમાવેશ થતો હતો. **સ્વરાજ**ની લડતના મહત્ત્વની સરખામણીમાં બંગાળનું એકત્રીકરણ માત્ર એક ગૌણ પ્રશ્ન જણાતો હતો. '' બધા રાજકીય હેતુઓમાં સૌથી નાનો અને સામાન્ય '' (અરવિંદ ઘોષનો વંદેમાતરમ્‌માં લેખ, 28 એપ્રિલ, 1907). આવું એક પ્રાદેશિક પ્રશ્નનું રાષ્ટ્રીયકરણ, અને તેની સાથે સંકળાયેલી રાષ્ટ્રીય લક્ષ્યની સ્પષ્ટતા, હિંદના રાષ્ટ્રવાદીઓ માત્ર બે વર્ષના જીવંત ગાળામાં અદ્‌ભુત પ્રગતિ સિદ્ધ કરી શક્યા હતા તે બતાવે છે.

### તમારી પ્રગતિ ચકાસો - ખ

1. નીચેનાં સામયિકોને તેમના સંપાદકોનાં નામો સાથે સાંકળો.

| | | | |
|---|---|---|---|
| (અ) | વંદે માતરમ્ | (અ) | બિપીનચંદ્ર પાલ |
| (બ) | સંધ્યા | (બ) | અરવિંદ ઘોષ |
| (ક) | ન્યુ ઇન્ડિયા | (ક) | બ્રહ્મબાંધવ ઉપાધ્યાય |

2. લગભગ દસ લીટીમાં સ્વદેશી ચળવળ તરફ લઈ જતી પરિસ્થિતિની ચર્ચા કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3. સ્વદેશી ચળવળની જે પદ્ધતિ તૈયાર થઈ તે વિશે આશરે 100 શબ્દોમાં લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

4. સ્વદેશી ચળવળ દરમિયાન કયાં રાજકીય વલણો વિકાસ પામ્યાં હતાં ? લગભગ 5 લીટીમાં લખો.

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

## 11.8 લોકચળવળની વિભાવના, કામદારો અને ખેડૂતો (The Concept of Mass Movement, Workers And Peasants)

સ્વરાજનું રાષ્ટ્રીય લક્ષ્ય, અને બધાં ક્ષેત્રોમાં બહિષ્કાર દ્વારાએ સિદ્ધ કરવાનાં સાધનો, અથવા તો તે વખતે તૈયાર કરવામાં સવિનયભંગની પધ્ધતિ માટે બહુજન સમાજની માત્ર જાગૃતિ જ નહિ પરંતુ અંગ્રેજ શાસન વિરોધી લોકચળવળમાં તેમની સંપૂર્ણ, સુસંગઠિત ભાગીદારીની જરૂર હતી. શિક્ષિત મધ્યમ વર્ગ મહદ્અંશે સ્વદેશીની પ્રગતિને કારણે જાગ્રત થયો હતો, અને ખુદ જમીન સાથે સંકળાયેલી અમીરશાહીના કેટલાક સભ્યો તેમ જ વાણિજ્ય અને વેપારી હિતોના પ્રતિનિધિઓ પણ રાષ્ટ્રીય પ્રશ્ન પરત્વે સહાનુભૂતિવાળા બન્યા હતા. પરંતુ બહુસંખ્ય ગરીબ વર્ગોની ખાસ કરીને કામદાર વર્ગ અને ખેડૂતો, હજી પણ લડતના કેન્દ્ર સુધી પહોંચી શક્યા ન હતા.

### 11.8.1 કામદારો (Workers)

કેટલાક સ્વદેશી ક્રિયાશીલોએ ખાસ કરીને અશ્વિનીકુમાર બેનરજી, પ્રભાત કુસુમ રૉય ચૌધરી, અલ્થાનાસિયસ, અપૂર્વ કુમાર ઘોષ અને પ્રેમતોષ બોઝ વગેરેએ બંગાળમાં કામદારોને સંગઠિત કરવાનો પ્રયત્ન કર્યો હતો, અને તેમની આર્થિક ફરિયાદોને રાજકીય વહેણમાં વાળવાનો પ્રયત્ન કર્યો હતો.

1905માં પ્રતિષ્ઠા ઘટાડે તેવા નવા કાયદાના વિરોધમાં હાવરાની બર્ન કંપનીના 247 કર્મચારીઓએ હડતાળ પાડી અને તેનાથી દિશા ખૂલી હતી. આ પછી કલકત્તા ટ્રામવેઝ, શણમિલો અને રેલવેનાં કારખાનાંઓમાં હડતાળ પડી હતી. પોતાની આર્થિક માગણીના અવાજને રજૂ કરવા માટે કલકત્તામાં સ્ટેશન પર માલસામાન ઊંચકનારા મજૂરો, લારી ખેંચનારાઓ અને સફાઈ કામદારોએ પણ હડતાળનો આશરો લીધો હતો. વધારે આક્રમક મિજાજ ધરાવતાં પ્રેસ, શણમિલ અને રેલવે કામદારોમાં પણ આવું મહાન રાજકીયકારણ નોંધી શકાયું હતું. 1905ના ઑક્ટોબરમાં, સૌ પ્રથમ વાસ્તવિક મજૂરોનું સંગઠન, પ્રિન્ટર્સ યુનિયન, અસ્તિત્વમાં આવ્યું હતું. સરકારની માલિકીના પ્રેસમાં પડેલી કડવાશભરી હડતાળનું તે પરિણામ હતું.

1906ના જુલાઈમાં તેવી પૂર્વ હિંદની રેલવેના નોકરિયાતોની લડતના પરિણામે રેલવેના કર્મચારીઓનું સંગઠન તૈયાર થયું હતું બિપીનચંદ્ર પાલ, શ્યામસુંદર ચક્રવર્તી અને લિયાકત હુસેન જેવા **સ્વદેશી** આંદોલનના નેતાઓએ આસાનસોલ, રાણીગંજ અને જમાલપુરમાં રેલવે કામદારોના ખળભળાટને સંગઠિત કરવાના પ્રયત્નો કર્યા હતા. 1906માં ઑગસ્ટની 27મીએ જમાલપુરમાં પોલીસ ગોળીબારથી તેનો અંત આવ્યો હતો. 1905થી શણની મિલના કામદારોમાં પણ લગભગ તે જ રીતે ખળભળાટ વ્યાપેલો. તેમનું નેતૃત્વ અશ્વિનીકુમાર બેનરજીએ લીધું હતું. 1906ના ઑગસ્ટમાં તેમણે બદગે બદગેમાં હિંદના મિલ કામદારોના સંગઠનની રચના કરી હતી. જોકે આ બધા સંગઠનોને પાછળથી સરકારના આક્રોશના ભોગ બનરું પડ્યું હતું. 1907 પછી કામદારોના પ્રશ્નને વૈચારિક રીતે રાષ્ટ્રવાદીઓ વરેલા ન હોવાથી તે કામદારોને સક્રિય કરવા માટેનો તેમનો ઉત્સાહ ઠંડો પડી ગયો હતો.

### 11.8.2 ખેડૂતો (Peasants)

સ્વદેશી ચળવળના નેતાઓએ કામદારોને ગતિશીલ કરવાની દિશામાં થોડા પ્રયત્નો કર્યા હતા. પરંતુ, તેમણે વ્યવહારમાં ખેડૂતોને સામૂહિક પ્રયત્નો માટે રોક્યા હતા. જોકે સમિતિઓની ગ્રામીણ વિસ્તારોમાં સંખ્યાબંધ

શાખાઓ હતી. (જેવી કે સ્વદેશ બાંધવ સમિતિ-જેની એકલાની બારીસાલ જિલ્લામાં 175 ગ્રામશાખાઓ હતી.) તેઓ સામાન્ય જનતાને સવિનયભંગનો ઉપદેશ આપતા હતા, તેઓ ખેડૂતોની કલ્પનાને જગાડવામાં નિષ્ફળ ગયા હતા. ગરીબ ખેડૂતોના ઘણા વર્ગ માટે, તેમણે આપેલી રાષ્ટ્રપ્રેમી હાકલો અસ્પષ્ટ, દૂરસ્થ, અમૂર્ત અને આડંબરવાળી હતી. આ નેતાઓમાં ખેતીલાયક જમીન અંગેની પરિસ્થિતિમાં સુધારો કરવા માટેની પ્રામાણિક રુચિનો અભાવ હતો, એ તેનું કારણ હતું. બંગાળના મધ્યમ વર્ગના સભ્યો, પછી ધંધાદારીઓ, કર્મચારીઓ કે વેપારીઓ હોય, તેઓ તાત્વિક રીતે પોતાની સુખાકારી માટે, તેમની વંશપરંપરાગત જમીનનાં ભાડાં પર આધારિત હતા. તેમનાં આ ભાડાં ઉઘરાવનારાઓના લક્ષણે તેમને શોષકોના વર્ગમાં મૂક્યા હતા. તેથી વિરૂદ્ધ ખેડૂતો શોષિત હતા અને તેમનાં હિતોમાં અને ખેડૂતોની આકાંક્ષાઓમાં કાયમી વિરોધાભાસ હતો.

1885ના ટેનન્સી ઍક્ટ (કબજા ભોગવટાનો કાયદો,મુજબ સરકારે ખેડૂતોને આપેલા અપૂરતા કબજા ભોગવટાના હક્કોને બંગાળી મધ્યમ વર્ગ સામાન્ય રીતે માન્યતા જ આપતા ન હતા. પ્રતિનિધિઓ ઘણી વાર તેમની ' નાદાર રૈયત ' પરત્વે અસહિષ્ણુ હતા, અને **ભદ્રલોક** (સજ્જનો ) તરીકે તેઓ **છોટાલોક**ને (નીચલી કક્ષાના માણસો) તિરસ્કારપાત્ર ગણાતા હતા.

સ્વદેશી ચળવળે ખેડૂતોના દેવાના ભારના વિરોધમાં કોઈ અવાજ ઉઠાવ્યો ન હતો. તેણે ખેડૂતોને સમયાંતરે જમીનનો કબજો છોડવો પડતો હતો કે સતત **બેગાર** (વળતર વિનાની વેઠ) હેઠળ રહેવું પડતું હતું. તેની સામે પણ તેણે કોઈ વિરોધનો અવાજ ઉઠાવ્યો ન હતો. કોઈ સમિતિએ ભારે કર અને ભાડાં સામે ખેડૂતોને આંદોલન ઉઠાવવા માટેની હાકલ કરી ન હતી. ખુદ અરવિંદ જેવા આમૂલ પરિવર્તનવાદીએ પણ, જો રાષ્ટ્રપ્રેમી, જમીનદારોનાં હિતોને નુકસાન પહોંચતું હોય તો તેવાં આંદોલનોનો ઇન્કાર કર્યો હતો. (અરવિંદ ઘોષનો લેખ, 'વંદે માતરમ્', એપ્રિલ - 1907) સમય જતાં સ્વદેશી ચળવળે દૃઢ ધાર્મિક રંગ ધારણ કર્યો હતો. એ સૌથી ખરાબ પાસુ હતું. હિંદુ પુનરુત્થાનવાદનાં પ્રતીકો અને લાક્ષણિક રૂઢ વાક્યપ્રયોગ ઉપર અપાયેલો વધારે પડતો ભાર તેણે મહદ્અંશે મુસ્લિમ ખેડૂતોને (જેઓ પૂર્વ બંગાળમાં મોટા પ્રમાણમાં હતા) આ પ્રચંડ ઉત્તેજનામાં સક્રિય રસ લેવા માટે નિરુત્સાહી બનાવ્યા હતા.

## 11.9 કોમવાદી ગૂંચ (The Communal Tangle)

પરંપરાગત સમાજોમાં ધર્મનો ઘણી વાર સ્થાનિક અને લોકપ્રિય પ્રકારના રાષ્ટ્રવાદને જગાડવા માટેના સગવડભર્યા સાધન તરીકે ઉપયોગ થાય છે અને સામાન્ય રીતે તે કમભાગી બનાવો તરફ દોરી જાય છે. સ્વદેશી ચળવળનો અનુભવ પણ જુદો ન હતો. બંગાળના નેતાઓએ હિંદુ ધર્મ અને ઇસલામમાંથી રાજકીય મૂડી તૈયાર કરવાનો પ્રયત્ન કર્યો. તેણે આ બે મુખ્ય સમાજો વચ્ચેના અંતરના પ્રવાહને વધારવાની અસર ઊભી કરવામાં પ્રદાન આપ્યું હતું. બંગાળની જમીન અને લોકોનું વિભાજન કરવું, અને હિંદુઓ અને મુસ્લિમોને એકબીજાની સામે ટકરાવવા, એ સામ્રાજ્યવાદી અંગ્રેજોના જાણીતા વિચારો હતા. 1905માં વિચારો કર્ઝન, સર એન્ડ્રૂ ફ્રેઝર અને સર હર્બર રાઈસલીએ અપનાવ્યા હતા. આ આપણે આગળ નોંધ્યું છે, અને તેમના લૉર્ડ મિન્ટો (જેણે કર્ઝનને વાઇસરૉય તરીકે મૂક્યો હતો), સર બમ્મીલ્ડે ફુલ્લર (જેઓ પૂર્વ બંગાળ અને આસામના નાયબ ગર્વનર નિમાયા હતા), અને સર લાન્સે લોટ હરે (જેઓ ફુલ્લરની જગ્યાએ આવ્યા હતા.) જેવા અનુગામીઓ એ જ પદ્ધતિઓને દૃઢ રીતે વળગી રહ્યા હતા. જ્યારે મિન્ટોને બંગાળના રાજકારણીઓ માટે "સત્તાના ઘટાડા" ની જરૂરિયાતની ખાતરી થઈ હતી. ફુલ્લરે હકીકતમાં "વસ્તીના બે વિભાગોમાંથી એકને (હિંદુઓ અને મુસ્લિમો) એકબીજાની સામે રમાડવાનું" શરૂ કર્યું હતું, અને હરેએ સરકારી નોકરીઓના સંદર્ભમાં હિંદુઓ કરતાં મુસ્લિમોને અસાધારણ લાભો આપવાનું વિચાર્યું હતું.

સાથે સાથે શિક્ષિત મુસ્લિમો સાથે સ્નેહ સિદ્ધ કરવા માટે, સત્તાધીશોએ તેઓમાંનાં અમીરશાહી તત્ત્વોને પ્રોત્સાહન આપ્યું હતું. તેઓને મુસ્લિમ રાજકીય સત્તાની પરિભાષાના સંદર્ભમાં વિચારતા કર્યા હતા. મુસ્લિમોના 'અલગ' હિતની રક્ષા કરવા માટે, ઢાકાના નવાબ સલીમુલ્લાહના નેતૃત્વ હેઠળ 1906ના ઑક્ટોબરમાં મુસ્લિમલીગની સ્થાપના કરવાની હતી. વળી પૂર્વ બંગાળના ગ્રામીણ ભાગમાં ઓછા જાણીતા એવા મુલ્લાઓ અને મૌલવીઓની લોકો પર ભારે અસર હતી અને માત્ર ધાર્મિક દુશ્મનાવટની પરિભાષામાં જમીનદારો (જેમાંના બહુમતી હિંદુઓ હતા) અને ખેડૂતો (જેમાંના બહુમતી મુસ્લિમો હતા)ની વચ્ચે વિરોધાભાસ ઉપસાવતા હતા.

એ બધું હોવા છતાં, કોમી એકતાની તરફેણમાં, સ્વદેશી ચળવળ દરમિયાન, છટાદાર માગણી સંભળાતી હતી. (જેમ કે સંજીવનીનાં લખાણો) હિંદુ-મુસ્લિમ ભ્રાતૃભાવને પ્રદર્શિત કરતાં મહાન દૃશ્યો જોવા મળતાં હતાં. (જેમ કે, 1906ના સપ્ટૅમ્બરની 23મી એ કલકત્તામાં 10,000 વિદ્યાર્થીઓનું એક સંયુક્ત સરઘસ) કેટલીક નામાંકિત મુસ્લિમ વ્યક્તિઓએ (જેવી કે લિઆકત હુસેન, અબ્દુલ હકીમ, ગઝનવી, અબ્દુલ રસુલ મનીરૂઝ્ઝમાન, ઈસ્માઈલ હુસેન સિરાજી, અબુલ હુસેન અને દિન મહોમ્મદ) આંદોલનમાં અગ્રણી ભાગ લીધો હતો.

પરંતુ વિધેયાત્મક વિકાસની વધારે અસરોને રાષ્ટ્રવાદી શિક્ષિત મધ્યમ વર્ગે ભાવાભાવ રહિત બનાવી દીધી હતી. તેમણે હિંદુ રૂઢિચુસ્તોની ધાર્મિક વિધિ, મૂર્તિઓ અને પરંપરાગત પૌરાણિક કથાઓનો ઉપયોગ કરીને, તેમણે તેમના હોદ્દા અને હરોળને નૈતિક રીતે આગળ ધપાવવા અને નેતાઓ અને અનુયાયીઓ વચ્ચેના સંપર્કના સાધન તરીકે કામગીરી બજાવવાના પ્રયત્ન કર્યા હતા. 'વંદેમાતરમ્', 'સંધ્યા' અને 'નવશક્તિ' જેવાં

રાષ્ટ્રવાદી સાધનોએ હિંદુધર્મીને અપાતું પ્રોત્સાહન હિંદના ભૂતકાળનું કોઈપણ આલોચના વગરનું હિંદુ રાષ્ટ્રને ગુમાયાની લાગણી હિંદુ દેવ સામે સ્વદેશીના ઇંગ્લૅન્ડનો માલ નહિ શપથ લેવાનો વ્યવહાર વાપરવા માટે, દેવી મહાકાલી સમક્ષ આત્મબલિદાન માટેનું વ્રત અને ગીતાના સતત સંદર્ભોએ મુસ્લિમોને હિંદુઓની નિકટ લાવવામાં મદદ કરી ન હતી પરંતુ, આ બધાએ બે સમાજો વચ્ચેનાં વલણોને તંગ બનાવવામાં મદદ કરી હતી. વીરાષ્ટમી (મધ્યકાળના આઠ હિંદુ વીરોની યાદમાં) મનાવવી, રાષ્ટ્રીય શિક્ષણના કાર્યક્રમોમાં પરંપરાગત હિંદુ મૂલ્યો પર ભાર આપવો, જાહેર તખ્તા પર પૌરાણિક પ્રતિમાઓનો ઉપયોગ કરવો, બંગાળીઓના "શાશ્વત આત્માની અભિવ્યક્તિ રૂપ દેવી દુર્ગા પર ચળવળને ભાર આપીને કરાવવી-આ બધી બાબતોએ ધાર્મિક સ્વરૂપમાં પ્રદર્શિત કરીને સારા પ્રમાણમાં નુકસાન પહોંચાડ્યું હતું. બિપીનચંદ્ર પાલે ધર્મ અને રાષ્ટ્રીય જીવનની અવિભાજ્યતાની ભૂમિકા પર આવી ખોટી રજૂઆતોને ન્યાયી ઠેરવી હતી, અને જણાવ્યું હતું કે "રાષ્ટ્રીય જીવનને ધર્મથી વિખૂટું પાડવું એટલે વ્યક્તિગત જીવનમાં ધાર્મિક અને નૈતિક મૂલ્યોને છોડી દેવાં." (Sumit Sarkar, The Swadeshi Movement in Bengal, 1903-1908, Delhi, 1977, P.76) બ્રહ્મબાંધવ ઉપાધ્યાય એક પગલું આગળ વધ્યા હતા અને તેમણે તેમના શ્રોતાઓને જણાવ્યું હતું "તમે ગમે તે સાંભળો, તમે ગમે તે શીખો, તમારે જે કરવું હોય તે કરો- તમે એક હિંદુ રહો, બંગાળી રહો......." **વંદેમાતરમ્**ના સંપાદક અરવિંદ ઘોષને જ્યારે સમજાયું કે લોકશાહી અને ખુદ સમાજવાદનાં બીજ હિંદુસમાજની જ્ઞાતિવ્યવસ્થામાં છે ત્યારે તેઓ ખૂબ જ આગળ વધી ગયા હતા. ("Caste and Democracy" Bande Mataram, 21 September, 1907) આંદોલનની આવા હિંદુ પુનરુત્થાનવાદી પ્રચારે પરિસીમા વખતે અને તે પણ તેની અગ્રણી વ્યક્તિઓ દ્વારા થવાથી હકીકતમાં સલ્લીમુલ્લાહના માણસો અને મુલ્લાઓએ તેની સાથે જ કોમવાદી ધિક્કારની લાગણીનો પ્રસાર કર્યો હતો. એ બધું કર્ઝનની અપેક્ષાઓ પ્રમાણે થતું હતું. તેવી પરિસ્થિતિમાં કોમવાદીઓ માટે કોમી હિંસાનો માર્ગ અપનાવવો એ પ્રમાણમાં સરળ બન્યું. પૂર્વબંગાળ કોમી રમખાણોની હારમાળાઓનું સાક્ષી બન્યું. પ્રથમ 1906ના મે મહિનામાં મયમેનસિંગ જિલ્લામાં ઈશ્વરગંજમાં અને પછી કોમિલ્લા, જમાલપુર, દેવાનગંજ અને બક્ષીગંજમાં 1907ના માર્ચમાં અથડામણો થઈ. વળી પાછી 1907ના એપ્રિલ-મેમાં મયમેનસિંગમાં થઈ હતી. અફવાઓ દ્વારા રમખાણ કરનારાઓને ઉત્તેજન મળતું હતું આ અફવાઓ, કોમવાદીઓ ફેલાવતા હતા. નવાબ સલીમુલ્લાહને ઢાકાના વહીવટનો હવાલો સોંપવાના, અંગ્રેજોના શાસનના નિર્ણય સામે તે બધું બનતું હતું. રમખાણોએ અંદર ભળી ગયેલા કૃષિના લક્ષણને પણ છતું કર્યું હતું. બહુધા હિંદુ જમીનદારો અને મહાજનો (નાણાં ધીરનાર) તેના ભોગ બન્યા હોવાને કારણે આમ કહી શકાય તેમ હતું. જોકે તેઓ આ વિપરીત વિકાસથી ભડકી ગયા હતા, રાષ્ટ્રવાદીઓ આ સમગ્ર ઘટનાને સાચી રીતે સમજવા તૈયાર ન હતા. રમખાણકારોને તેઓ અંગ્રેજોએ રોકેલા, મુશ્કેલી ઊભી કરનારાઓ, તરીકે ઓળખાવવાની ઉતાવળમાં હોય એમ લાગતું હતું. તેઓ આ દૂષણને ઊંડાણથી સમજવાનો કોઈ ગંભીર પ્રયત્ન કરે તેમ લાગતું ન હતું. આ કારણે તેમની ધર્મઘેલછા ઘટવાને બદલે વધતી ગઈ.

## 11.10 ક્રાંતિકારી હિંસક પ્રવૃત્તિનો ઉદય (The Rise of Revolutionary Terrorism)

સ્વરાજની લડતમાં સામાન્ય જનતાની મોટા પાયા પરની ભાગીદારી જે સફળ સવિનયભંગની જરૂરી પૂર્વશરત હતી એ જો કે સિદ્ધ થઈ શકી ન હતી. કામગારોની બાબતમાં થોડી સફળતા ખેડૂતોની બાબતમાં સંપૂર્ણ નિષ્ફળતા કોમવાદી ગૂંચનો દુઃખદ ગેરવહીવટ હતો. આ કારણે 1907ના ઉત્તરાર્ધમાં સ્વદેશી ચળવળ તેના પૂર્ણ વિકસિત સ્વરૂપને ધારણ કરી ન શકી. એ સામાન્ય જનતાના આંદોલનનાં લક્ષણો પણ પામી ન શકી. વળી, તેને તેના શક્તિશાળી વિરોધીઓનાં સતત દમનકારી પગલાંઓનો ભોગ બનવું પડતું હતું. સામ્રાજ્યવાદ વિરોધી, તીવ્ર આંદોલન માટે આ સહજ હતું. સત્તાધીશોએ જાહેરમાં 'વંદેમાતરમ્' સૂત્રોચ્ચાર કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. જેમણે એ આંદોલનમાં એક યા બીજા પ્રકારે ભાગ લીધો હતો તેમને સરકારી નોકરી માટે ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા. ચળવળમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ પર દંડ નાંખવામાં આવ્યો હતો અને તેમના પ્રવેશ રદ કરવામાં આવ્યા હતા. ગુરખા સૈનિકોની ટુકડીઓને બારીસાલ અને બીજાં સ્થળોએ, આંદોલનકારોને પદાર્થપાઠ શીખવવા માટે મોકલવામાં આવી હતી, અને તેમને ફટકારવામાં તેમ જ શારીરિક સજાઓ કરવા માટેનો, પોલીસ તેમ જ અધિકારીઓને છૂટો દોર અપાયો હતો. એપ્રિલમાં 1906 બારીસાલમાં પ્રાંતિક પરિષદમાં હાજરી આપી રહેલા પ્રતિનિધિઓ પર જ્યારે પોલીસે લાઠીચાર્જ કર્યો ત્યારે તેની પરાકાષ્ઠા આવી ગઈ હતી. ત્યાર પછી પિકેટિંગ કરનારાઓ પર દૃષ્ટાંતરૂપ દમનનાં પગલાં લેવાયાં અને તેમની સામે સંખ્યાબંધ મુકદ્દમાઓ ચાલ્યા. સંખ્યાબંધ ધરપકડો થઈ અને અનેક વ્યક્તિઓને ગુનેગાર ઠેરવવામાં આવી. બિપીનચંદ્ર પાલ અને લિઆકત હુસેન પણ તેમાં આવી જતા હતા. બળની સામે બળ અને ત્રાસની સામે ત્રાસ — સ્વાભાવિક રીતે જ આવું બની રહ્યું હતું.

બંગાળના મધ્યમ વર્ગના ભાવનાવાદી, અજંપાપૂર્ણ યુવાનાન પણ આ હિંસક પદ્ધતિ સ્પર્શી ગઈ હતી. જ્યારે ખુલ્લું રાજકારણ સરકારને હચમચાવી શકતું ન હતું, ત્યારે તેમણે ભૂગર્ભ સંસ્થાઓમાં આશાનું કિરણ શોધ્યું હતું. તેમણે જ્યારે સામાન્ય જનતાના કાર્યને સિદ્ધ થતું ન જોયું ત્યારે વ્યક્તિગત વીરત્વસભર કાર્યમાં રાહત શોધી. હતાશાથી ઘેરાયેલાઓને હિંસાનો વિચાર આકર્ષક જણાયો હતો, વ્યવહારમાં તેમની ધીરજ ખૂટી ગઈ હતી. 1907માં **યુગાંતરે** દલીલ કરી હતી : "જો આપણે નિષ્ક્રિય થઈને બેસી રહીશું તો, સમગ્ર વસ્તી વેરવિખેર થઈ જાય, ત્યાં સુધી રાહ જોતા બેસવું પડશે. પછી આપણે કાયમી રીતે નિષ્ક્રિય રહીશું......" પ્રગતિશીલ

ભદ્ર વર્ગ માટે, દમનકારીઓ સામે શસ્ત્ર ઉઠાવવાનો જ વિકલ્પ હતો. અંગ્રેજ અધિકારીઓ અને તેમના ખાસ વિશ્વાસુ માણસો પરના ધિક્કારની લાગણીથી હડતાળ આતંક ફેલાવ્યો હતો, અને મૃત્યુને ખુલ્લી આજ્ઞા આપતી વ્યક્તિઓનાં ઉદાહરણોએ સામાન્ય જનતાને જગાડી હતી. તરત જ કેટલીક **સમિતિઓએ** પોતાનાં જ આંતરવર્તુળો વિકસાવ્યાં હતાં. નિશ્ચિત વ્યક્તિઓના હત્યાઓનાં કાવતરાંઓ ઘડાઈ રહ્યાં હતાં અને શસ્ત્રો અને સાધનો ખરીદવા માટેનું ભંડોળ એકત્ર કરવા માટે રાજકીય ધાડ પાડવામાં આવતી હતી. આક્રમક કાર્યવાહી કરવામાં કલકત્તામાં યુગાંતર સમૂહ અને ઢાકામાં અનુશીલન સમિતિ મોખરે હતી. એક કુખ્યાત મૅજિસ્ટ્રેટ કિંગફોર્ડનો જાન લેવાનો પ્રયાસ થયો હતો. જોકે તેને ઈજા થઈ ન હતી, પરંતુ તેમ કરવામાં પ્રફુલ્લચાકી મૃત્યુ પામ્યા હતા અને 18 વર્ષની ઉંમરના ખુદીરામ બોઝને ફાંસીને માંચડે ચઢાવવામાં આવ્યો હતો. 1908ના એપ્રિલમાં કલકત્તાના માણીકતાલા વિસ્તારમાં બૉંબ બનાવવાનું ભૂગર્ભ કારખાનું સ્થપાયું હતું અને કેટલાક કટ્ટર ક્રાન્તિકારીઓની ભાવનાને દૃઢ કરનારાઓમાં અરવિંદ ઘોષનો પણ સમાવેશ થતો હતો.

ક્રાંતિકારી હિંસક પ્રવૃત્તિને જોકે એક ધક્કો પહોંચ્યો હતો. હિંદના બીજા ભાગોમાં અને પરદેશમાં પણ તેમણે કામગીરી ચાલુ રાખી હતી. અતિ મહત્ત્વની ગતિશીલ સ્વદેશી ચળવળનો આ છાનોછપનો વારસો હતો.

**તમારી પ્રગતિ ચકાસો - ગ**

1. શા માટે ખેડૂતોએ મોટા પાયા પર સ્વદેશી ચળવળમાં ભાગ લીધો ન હતો ? આશરે દસ લીટીમાં ઉત્તર લખો.

.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................

2. 1906-07માં કોમવાદી પરિસ્થિતિ વણસી શા કારણે તમે તેમ વિચારો છો ? લગભગ દસ લીટીમાં ઉત્તર લખો.

.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................

3. 1907-09માં "ક્રાંતિકારી હિંસક પ્રવૃત્તિ" કઈ રીતે ઉદ્ભવી ? લગભગ દસ લીટીમાં ઉત્તર લખો.

.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

## 11.11 સારાંશ

હિંદમાં અંગ્રેજોને ક્રાંતિકારી હિંસક પ્રવૃત્તિએ ચોક્કસ હચમચાવી મૂક્યા હતા, પરંતુ સ્વદેશીના ખુલ્લા રાજકારણની જેમ તેઓ તેની સત્તાને પડકારી શક્યા ન હતા, ન તો તે કાયમ વધતી જતી સામાન્ય જનતાના સંઘટન દ્વારા તેમના શાસન માટે ગંભીર ધમકીરૂપ બની શક્યા. સ્વદેશી ચળવળ સામાન્ય જનતાના આંદોલન જેવું સ્થાન પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગઈ હતી અને સમય જતાં તે છૂપી સ્થિતિમાં ઘેરાઈ ગઈ હતી, એ પણ હકીકત હતી. આ તેની કેટલીક નબળાઈઓ અને મર્યાદાઓ સ્પષ્ટ કરે છે.

પરંતુ, તેની ઘણી નબળાઈઓ હોવા છતાં, વૈચારિક સ્તરે તે જેટલા પ્રમાણમાં સફળતા સિદ્ધ કરી શકી તે નોંધનીય છે. તે સાથે તેની રાજકીય લડતનું સંગઠન અને પદ્ધતિ માત્ર આશ્ચર્ય પમાડે તેવું ન હતું પરંતુ, તે સર્જનાત્મક પણ હતું.

'રાજ' પાસેથી રાહત મેળવવા માટે રાષ્ટ્રવાદીઓએ પ્રારંભમાં 'અરજ અને વિનંતી' કરવાનો અભિગમ અપનાવ્યો હતો, તેનાથી સ્વદેશી ચળવળે તદ્દન વિરોધી અભિગમ અપનાવી અને મવાળ રાજકીય કાર્યક્રમોનો સદંતર ઇન્કાર કર્યો હતો. તેણે લોકો સમક્ષ સ્વરાજ કે સ્વતંત્રતાને મૂકી હતી. લોકોને દેશ પરની ધૂંસરી ફગાવી દેવા માટે કૃતનિશ્ચયી બનાવ્યા હતા. સ્વરાજની પ્રાપ્તિ અર્થે તેણે રાષ્ટ્ર માટે અંગ્રેજોની સત્તાના (શાંત વિરોધ) કે સવિનયભંગનો માર્ગ તૈયાર કર્યો હતો અને બંધારણવાદને ગૌણ સ્થાન આપી દીધું હતું. તે પ્રકારના આંદોલનની સફળતા સામાન્ય જનતાની વિસ્તૃત ભાગીદારી પર આધારિત હોય છે. સ્વદેશી ચળવળે સામાન્ય જનતાની ચળવળ બનવા માટે ભારે પુરુષાર્થ કર્યો હોવા છતાં તે એક સંપૂર્ણ સામાન્ય જનતાની ચળવળ બનવામાં સફળ થઈ ન હતી. તે પોતાની પાછળ મોટા પાયા પર પ્રસાર પામેલી સામાન્ય લોકોની ચળવળનો આદર્શ મૂકી શકી ન હતી. આ બધા સાથે અને તેની 'રચનાત્મક સ્વદેશી' ની યોજના સાથે તે, પ્રથમ વિશ્વયુદ્ધ પછીના સમયની ગાંધીવાદી સામાન્ય જનતાની ચળવળ તરીકે સ્પષ્ટ સ્થાન લઈ શકી હતી. 1920 પછી અહિંસાના સિદ્ધાંતની સાથે ગાંધીજીએ સ્વરાજ પ્રાપ્તિ માટે "અસહકાર", "સવિનયભંગ" અને "રચનાત્મક કાર્યક્રમો" જેવી પ્રેરક હાકલોની સાથે "બહિષ્કાર", "શાંત વિરોધ" અને "રચનાત્મક સ્વદેશી" ખૂબ સમાન લાગતા હતા. આ છેલ્લા ત્રણ શબ્દપ્રયોગો બંગાળી રાજકીય પરિપ્રેક્ષ્ય ધરાવતા હતા. એનો પ્રચાર અને વ્યવહાર પંદર વર્ષ પહેલાં થયો હતો. સ્વદેશી ચળવળે, કર્ઝન જેવા કટ્ટર સામ્રાજ્યવાદી 1905ના નવેમ્બરમાં તેની વિદાય પછી મિન્ટોની સરકાર આવતાં, સરકારની સામે હિંદનો જોરદાર વિરોધ ઊભો કર્યો હતો. પૂર્વ બંગાળ અને આસામના નાયબ ગવર્નર ફુલ્લરના રાજીનામા માટે તે કારણરૂપ પરિબળ બની હતી. સમય જતાં આખરે 1911માં સત્તાધીશોને બંગાળના ભાગલા રદ કરી, તેને એક કરવાની ફરજ પડી હતી. જોકે વિસ્તૃત રાષ્ટ્રવ્યાપી સંદર્ભમાં તેની ભાગ્યે જ કોઈ મુખ્ય સિદ્ધિઓ છે. તેની મુખ્ય સફળતા હિંદના રાષ્ટ્રવાદને નવી સર્જનાત્મક દિશા આપવામાં હતી. તે સાથે તેણે રાષ્ટ્રવાદી અજંપાને કડવાશ ભરી-સામ્રાજ્યવાદ વિરોધી લડતનું સ્થાન આપ્યું તે પણ તેની સિદ્ધિ ગણાવી શકાય.

રાજકીય અને સામાજિક વંટોળના ઘણા બનાવોમાં ઘણી વાર બને છે તેમ સ્વદેશી ચળવળે પણ બંગાળની સાંસ્કૃતિક અને બૌદ્ધિક પ્રવૃત્તિઓ ઉપર ઊંડી છાપ મૂકી છે. તે સાથે દેશના વિવિધ ભાગોમાં તેના પડઘા ઝિલાયા હતા. નાટ્યલેખન અને નાટ્યપ્રયોગો જેવી રાષ્ટ્રપ્રેમી રચનાઓનો સમૃદ્ધ પાક તેણે આપ્યો હતો. રવીન્દ્રનાથ ટાગોરના નેતૃત્વ હેઠળ બંગાળ સ્કૂલ ઑફ પેઇન્ટિંગ શરૂ થઈ હતી. જગદીશચંદ્ર બોઝ અને પ્રફુલ્લચંદ્ર રૉયની આગેવાની હેઠળ વૈજ્ઞાનિક જિજ્ઞાસા જાગી હતી. દિનેશચંદ્ર સેનના પ્રયત્નોને કારણે લોકપરંપરાઓમાં, રુચિ પુનર્જાગ્રત થઈ હતી. રાખાલદાસ બેનરજી, હરિપ્રસાદ શાસ્ત્રી અને અક્ષયકુમાર મિત્ર જેવાનાં સંશોધનની મદદને કારણે ઇતિહાસનાં સંશોધનોને પ્રોત્સાહન મળ્યું હતું.

## 11.12 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ધાર્મિક પુનરુત્થાન** ધાર્મિક ભૂતકાળને કેટલાક વર્તમાન હેતુઓ અને સમજણોને ન્યાયી ઠેરવવા માટે સંપૂર્ણ રીતે જાગ્રત કરવામાં આવે તેવી ઘટના.

**રાજકીય જહાલવાદ** વધારે પડતી આક્રમક પદ્ધતિઓ, રાજકીય સમસ્યાઓને હલ કરવા માટે વપરાતી હોય તેવી ઘટના

**રાજકીયીકરણ** લોકો જીવન વિશે વિચારે છે અને રાજકારણના ભાગ બને છે તેવી પ્રક્રિયા.

**વિચારકો** અમુક પ્રકારની વિચારસરણીનો પ્રચાર કરવામાં રોકાયેલા હોય તેવા લોકો.

**સત્તાવાદ** લોકેચ્છાને ગણકાર્યા વગર સત્તા ઠોકી બેસાડવામાં આવે છે તેવી ઘટના.

## 11.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો ક**

(ક) ✓ (ખ) X (ગ) X (ઘ) X

2. જુઓ એકમ 11.3.2

**તમારી પ્રગતિ ચકાસો ખ**

1. (ક) ખ (ખ) ગ (ગ) ક
2. જુઓ એકમ 11.5
3. જુઓ એકમ 11.6
4. જુઓ એકમ 11.7

**તમારી પ્રગતિ ચકાસો ગ**

1. જુઓ એકમ 11.8
2. જુઓ એકમ 11.9
3. જુઓ એકમ 11.10

## કેટલાંક ઉપયોગી પુસ્તકો

Chandra Bipan, 1979, *Nationalism and Colonialism in Modern India* Orient Longman. New Delhi.

Desai A.R (ed.) 1979. Peasant struggles in India, Oxford University Press, Bombay.

Joshi V.C (ed.) 1973. *Rammohun Roy and the Process of Modernisation in India.*
Vikas Delhi.

Mehrotra S.R 1971, *Emergence of the Indian National Congress,* Vikas, Delhi.

Sarkar, Sumit, 1977, *Swadeshi Movement in Bengal 1903-1908*, Peoples' Publishing House. New Delhi

Sarkar, Sumit, 1983, *Modern India 1885-1947* Macmillan, New Delhi.

Tarachand, 1983. *History the of Freedom Movement in India* Publication Division, New Delhi

(Vols. II & III.)

નોંધ

# નોંધ